BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4





એમ.એ.: ઈતિહાસ

MAHIS-205

દ્વિતીય સત્ર


ભારતીય અને પાશ્ચાત્ય પરંપરામાં ઈતિહાસલેખન











સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

કુલપતિશ્રી, પ્રો.ડૉ. અમી ઉપાધ્યાય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

ભારતીય અને પાશ્ચાત્ય પરંપરામાં ઈતિહાસલેખન

નિદર્શન :

પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ — નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

સંપાદન :

ડૉ. સોનલ ચૌધરી — અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

સહ સંપાદક :

ડૉ. ગાયત્રી ગોહેલ — આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિષય,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. અલ્પેશ પરમાર — આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિષય,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

પ્રા. વંદન ગોર — આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિષય,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

વિષય સમિતિ:

ડૉ. સોનલ ચૌધરી — અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

પ્રો. ડૉ.અરુણ વાઘેલા — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. જીગીશ પંડ્યા — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, એસ.પી. યુનિવર્સિટી, અમદાવાદ.

વિષય પરામર્શકશ્રીઓ:

ડૉ. કનૈયાલાલ નાયક — અધ્યક્ષ, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ડૉ. લલિત પટેલ — નિવૃત્ત પ્રિન્સિપાલ, પી. કે. કોટવાલા આર્ટસ કોલેજ, પાટણ

લેખકશ્રીઓ:

ડૉ. અર્ચના બંસોદ — અધ્યાપક અને અધ્યક્ષ, ઈતિહાસ વિષય, C.W.M. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર

ડૉ. વૈદેહી શ્રીમાળી — અધ્યાપક, ઈતિહાસ વિભાગ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ.

ડૉ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ	પ્રિન્સીપાલ અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, મહિલા આર્ટસ કોલેજ, ધનસુરા
ડૉ. ભારતી ધનુલા	પ્રાધ્યાપક, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર
ડૉ. નરેશ પરીખ	એસોસીયેટ પ્રોફેસર, સ્વામિનારાયણ આર્ટસ કોલેજ, કડી
ડૉ. ગોરધન રોહિત	આસીસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. સોનલ ચૌધરી	અધ્યાપક અને વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય, આસીસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ભાષા પરામર્શકશ્રીઓઃ

ડૉ.એ.એ. શેખ	ગવર્ન્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,મેઘરજ.

પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ISBN : 978-93-5598-807-2

પ્રથમ આવૃત્તિ – 2026

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

MAHIS - 205

SEMESTER – 2

ભારતીય અને પાશ્ચાત્ય પરંપરામાં ઈતિહાસલેખન

એકમ : 1	પ્રાચીન ભારતીય પરંપરામાં ઈતિહાસ અને ઈતિહાસશાસ્ત્ર	01
એકમ : 2	પ્રાચીન ભારતીય ઐતિહાસિક પરંપરાઓ: મહાકાવ્યો, પુરાણો, વંશાવળી, રાજતરંગિણી અને જીવનચરિત્ર સાહિત્ય	11
એકમ : 3	ઈતિહાસલેખનના ઈસ્લામિક વિચારો અને તેના મુખ્ય લક્ષણો : ૧૨૦૦ થી ૧૫૨૬ સલ્તનત યુગ દરમિયાન	22
એકમ : 4	મુઘલ યુગ દરમિયાન ઈતિહાસલેખન : રાજસત્તા કેન્દ્રિત આત્મકથાઓ, રાજ્ય કેન્દ્રિત ઈતિહાસ, મુસ્લિમ ઈતિહાસલેખનનો પ્રભાવ	37
એકમ : 5	સાંસ્થાનિક ભારતમાં ઈતિહાસલેખન : મુખ્ય પ્રવાહો, જેમ્સ મિલ, માઉન્ટ સ્ટુઅર્ટ, વિન્સેન્ટ સ્મિથ	53
એકમ : 6	લેખનની પરંપરા ચીની ઈતિહાસશાસ્ત્ર	62
એકમ : 7	ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનઃ અર્થ, લક્ષણો, વિષયવસ્તુ તથા શોધ પદ્ધતિ	78
એકમ : 8	ભારતીય ઈતિહાસ લેખનમાં માર્કસવાદી અર્થઘટન અને વિષયવસ્તુ : માર્ક્સવાદી ઈતિહાસશાસ્ત્ર : મુખ્ય પ્રવાહો અને યોગદાન : ડી.ડી. કૌસામ્બી ભારતીય ઈતિહાસલેખન વિદ્યામાં યોગદાન	91
એકમ : 9	ભારતીય ઈતિહાસ લેખનની સર્વહારા શાખા, ઈતિહાસ વિહોણાઓનો ઈતિહાસ, રણજીત ગુહા ઈતિહાસકાર તરીકે	111
એકમ : 10	ભારતીય ઈતિહાસ લેખનમાં ઉભરતા વિષયો	121
એકમ : 11	કેમ્બ્રિજ સ્કૂલ અને એનાલ્સ શાખા	136
એકમ : 12	ઈતિહાસ લેખનમાં વિવિધ સંસ્થાઓનું યોગદાન : (ભારતીય વિદ્યા ભવન, ભારતીય ઈતિહાસ પરિષદ અને ઈન્ડિયન હિસ્ટ્રી ઓફ કોંગ્રેસ)	152
એકમ : 13	ઈતિહાસ પર સ્વદેશી મંતવ્યો :મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરૂ	167
એકમ : 14	પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં યોગદાન : ડૉ. મકરંદ મહેતા, હરીપ્રસાદ શાસ્ત્રી ,આર.બી જોટે	176

પાઠ્યક્રમ પરિચય

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઈતિહાસ વિષયમાં પેપર ૦૫ માં ભારતીય અને પાશ્ચાત્ય પરંપરામાં ઈતિહાસલેખનના પાઠ્યક્રમમાં આપનું સ્વાગત છે. વિધાર્થી મિત્રો, ભારતીય અને પાશ્ચાત્ય પરંપરામાં ઈતિહાસલેખનના આ પેપરમાં તમે પ્રાચીન ભારતીય ઐતિહાસિક પરંપરાઓ,પૌરાણિક ગ્રંથો જેમ કે,

- મહાકાવ્યો,પુરાણો,રાજતરંગીણી,વંશાવલી,જીવનચરિત્ર વગેરે વિશે પરિચય મેળવશો. ઈતિહાસલેખનના ઈસ્લામિક વિચારો અને તેના મુખ્ય લક્ષણો વિશે તમે જાણી શકશો.
- આ પેપરમાં તમે સાંસ્થાનિક ભારતમાં ઈતિહાસ લેખન : મુખ્ય પ્રવાહો જેમ્સ મિલ માઉન્ટ સ્ટુઅર્ટ, વિન્સેટ સ્મિથ વગેરે વિશે માહિતી મેળવી શકશો.
- પાશ્ચાત્ય ઈતિહાસલેખનમાં પુરાવાઓનું મહત્વ, સ્ત્રોતોની ચકાસણી દસ્તાવેજો વગેરે ઈતિહાસ લેખનની માહિતી મેળવી શકશો.
- આ પેપરમાં તમે ભારતીય ઈતિહાસ લેખનના ઉભરતા ક્ષેત્રો અને ચીની ઈતિહાસ લેખનની પરંપરા વિશે જાણી શકશો.
- ઈતિહાસ લેખનમાં સંસ્થાઓનુ યોગદાન : ભારતીય વિધાભાવન, ભારતીય ઈતિહાસ પરિષદ વિશે તમે માહિતી મેળવી શકશો.
- ભારતીય ઈતિહાસલેખનમાં રાષ્ટ્રવાદી,માર્કસવાદી,સર્વહારા શાખા તેમજ પ્રાદેશિક ઈતિહાસલેખન વિશે જાણી શકશો.

એકમ - 1

પ્રાચીન ભારતીય પરંપરામાં ઇતિહાસ અને ઇતિહાસશાસ્ત્ર

:: રૂપરેખા ::

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 ઇતિહાસનો અર્થ અને પરંપરાગત દૃષ્ટિકોણ

- **1.2.1** ઇતિહાસનો ભાષિક અર્થ
- **1.2.2** ઇતિહાસનો દર્શનાત્મક અર્થ

1.3 ઇતિહાસના ત્રિપ્રમાણઃ શ્રુતિ, સ્મૃતિ અને ઇતિહાસ

- **1.3.1** શ્રુતિ
- **1.3.2** સ્મૃતિ
- **1.3.3** ઇતિહાસ

1.4 પૌરાણિક અને આખ્યાનાત્મક ઇતિહાસ

- **1.4.1** પુરાણોનો આધાર
- **1.4.2** આખ્યાન પરંપરા
- **1.4.3** ભૌતિકતા અને આદર્શોની સ્થાપના

1.5 રાજા અને વંશગાથા પર આધારિત ઇતિહાસ

- **1.5.1** વંશાવલીઓ
- **1.5.2** પ્રશસ્તિઓ
- **1.5.3** યશોગાન અને નાયકપાત્રોની ગાથા

1.6 ઇતિહાસશાસ્ત્ર માટેના પ્રાચીન સ્રોતો

- **1.6.1** સાહિત્યિક સ્રોતો
- **1.6.2** શિલાલેખો અને તામ્રપત્રો
- **1.6.3** વિદેશી પ્રવાસીઓના વર્ણનો

1.7 બૌદ્ધ અને જૈન દૃષ્ટિકોણમાં ઇતિહાસ

- **1.7.1** બૌદ્ધ પરંપરા
- **1.7.2** જૈન પરંપરા

1.8 ઇતિહાસશાસ્ત્રમાં દાર્શનિક અને નૈતિક દૃષ્ટિકોણ

1.6.1 ઈતિહાસ માત્ર તથ્યો નહિ

1.6.2 કર્મફળ સિદ્ધાંત

1.6.3 પૂર્વજોના કાર્યોથી પ્રેરણા

1.9 પરંપરાગત અને આધુનિક ઈતિહાસશાસ્ત્ર વચ્ચે તફાવત

1.6.1 પરંપરાગત ઈતિહાસશાસ્ત્ર

1.6.2 આધુનિક ઈતિહાસશાસ્ત્ર

1.6.3 સંકલનનો સમય

1.10 સારાંશ

1.11. ચાવીરૂપ શબ્દો

1.12. સ્વાધ્યાય

1.13. સંદર્ભ અને વિશેષ વાચન

1.0 ઉદ્દેશો

- વિદ્યાર્થીઓને પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં ઈતિહાસલેખનની પરંપરાની સમજ આપવી.
- ઈતિહાસના વિવિધ સ્ત્રોતો અને તેને પ્રસ્તુત કરવાની રીતો વિષે જાણકારી આપવી.
- બૌદ્ધ, જૈન, વેદિક અને પૌરાણિક પરંપરાઓમાં ઈતિહાસ કેવી રીતે જાળવવામાં આવ્યો તેની માહિતી આપવી.
- પરંપરાગત અને આધુનિક ઈતિહાસશાસ્ત્ર વચ્ચે તફાવત સમજાવવો.

1.1 પ્રસ્તાવના

ભારતનું ઈતિહાસલેખન તેની અનોખી દૃષ્ટિ અને પરંપરાના કારણે વિશ્વના અન્ય દેશોના ઈતિહાસલેખનથી જુદું પડે છે. ભારતમાં ઈતિહાસ માત્ર તથ્યપ્રધાન ઘટનાઓના વર્ણન પૂરતો સીમિત નથી રહ્યો, પણ તેમાં ધર્મ, નૈતિકતા અને જીવનમૂલ્યોનો ઉંડો સંદેશ પણ સમાવિષ્ટ રહ્યો છે. ભારતીય ઈતિહાસલેખન મૌખિક પરંપરા, લોકકથાઓ, આખ્યાન, પુરાણો, શિલાલેખો, તામ્રપત્રો અને વિદેશી યાત્રિકો તેમજ વિદ્વાનોના વર્ણનોના માધ્યમથી વિકસતું આવ્યું છે.

રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યોએ માત્ર ધાર્મિક દૃષ્ટિકોણ નહીં, પરંતુ સામાજિક અને રાજકીય પરિસ્થિતિઓનું દસ્તાવેજીકરણ પણ કર્યું છે. શિલાલેખો અને તામ્રપત્રો શાસકોના વિજય, દાનકાર્ય અને શાસનપદ્ધતિનો નોંધપાત્ર પુરાવો આપે છે. વિદેશી યાત્રિકો જેમ કે મેગસ્થનીઝ, ફાહિયાન અને હ્યુએનત્સાંગના વર્ણનો ભારતીય સમાજની સ્થિતિ અને સંસ્કૃતિને સમજવામાં મદદરૂપ થાય છે.

આ યુનિટમાં આપણે ભારતીય ઇતિહાસલેખનની વિશિષ્ટ પરંપરાઓ, વિવિધ સ્રોતો અને તદ્દન જુદાં દૃષ્ટિકોણોનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરીશું. ઇતિહાસના આ પરંપરાગત અને વૈકલ્પિક માધ્યમો ભારતના ઇતિહાસલેખનની વિશિષ્ટતા અને વૈભવપૂર્ણ વારસાને સમજવા માટે મહત્વપૂર્ણ બની રહે છે.

1.2 ઇતિહાસનો અર્થ અને પરંપરાગત દૃષ્ટિકોણ

1.2.1 ઇતિહાસનો ભાષિક અર્થઃ

‘ઇતિહાસ’ શબ્દ સંસ્કૃત ભાષામાંથી ઉત્પન્ન થયો છે. તે "ઇતિ + હ + આસ" નો સંયોજિત રૂપ છે, જેનો અર્થ થાય છે "એમજ બન્યું હતું". ભાષિક દૃષ્ટિએ, ઇતિહાસનો અર્થ તથ્યો અને ઘટનાઓના વિશ્વસનીય અને પ્રામાણિક વર્ણન તરીકે સમજવામાં આવે છે. ઇતિહાસ માનવીના ભૂતકાળના અન્વેષણ અને તેના સંદર્ભોની યોગ્ય સમજ મેળવવાનો પ્રયત્ન છે.

1.2.2 ઇતિહાસનો દર્શનાત્મક અર્થઃ

ઇતિહાસ માત્ર માહિતી કે તારીખોનો સંગ્રહ નથી, પરંતુ તે ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપતું મહત્વપૂર્ણ માધ્યમ છે. તેમાં માનવીના વર્તન, મૂલ્યો અને જીવનના તત્ત્વોનો પણ સમાવેશ થાય છે. રામાયણ તથા મહાભારત જેવા મહાકાવ્યોની રચનાઓ દ્વારા નૈતિક શિક્ષણ આપવામાં આવ્યું છે, જેમાં આદર્શ પાત્રોના આચરણથી સમાજને યોગ્ય દિશા અને પ્રેરણા મળતી રહી છે. આવા ઇતિહાસલેખનનો ઉદ્દેશ માત્ર ભૂતકાળની નોંધ નહીં, પરંતુ વર્તમાન અને ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરુ પાડવો છે.

1.3 ઇતિહાસના ત્રિપ્રમાણઃ શ્રુતિ, સ્મૃતિ અને ઇતિહાસ

1.3.1 શ્રુતિઃ

વેદો અને ઉપનિષદો ઇતિહાસની આધ્યાત્મિક પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે. આ ગ્રંથોમાં જીવનના તત્વજ્ઞાન અને નૈતિક મૂલ્યોનો સમાવેશ જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં વિદ્યા, ધર્મ અને શાસ્ત્રો સાથે ઇતિહાસનું ઊંડું જોડાણ છે. શ્રુતિઓ દ્વારા ઇતિહાસનું મૌલિક અને આધ્યાત્મિક દર્શન પ્રાપ્ત થાય છે.

1.3.2 સ્મૃતિઃ

મનુસ્મૃતિ અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ જેવી રચનાઓ ધાર્મિક અને સામાજિક વ્યવસ્થાની ઊંડી સમજ આપે છે. આ ગ્રંથોમાં માનવીના વર્તન, કર્તવ્યો અને સમાજના નિયમોનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. સ્મૃતિગ્રંથો ઇતિહાસના સામાજિક મૂલ્યોને ઉજાગર કરે છે અને પ્રાચીન ભારતના નૈતિક તથા ધાર્મિક આચાર વિચારોને સમજવામાં સહાયરૂપ બને છે.

1.3.3 ઇતિહાસઃ

રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો ઇતિહાસના મૂળ સ્ત્રોત તરીકે મહત્વ ધરાવે છે. આ ગ્રંથો ઇતિહાસલેખનનું આખ્યાનાત્મક સ્વરૂપ રજૂ કરે છે, જેમાં નૈતિક અને ધાર્મિક મૂલ્યોનો સમાવેશ થાય છે. તેઓ માત્ર ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન નથી કરતાં, પરંતુ જીવનના આદર્શો, કર્તવ્ય અને મૂલ્યોની ઊંડાણપૂર્વક સમજ પણ આપે છે. આમ, આ ગ્રંથો ઇતિહાસના આધ્યાત્મિક અને નૈતિક પાસાઓને ઉજાગર કરે છે.

1.4 પૌરાણિક અને આખ્યાનાત્મક ઇતિહાસ

1.4.1 પુરાણોનો આધારઃ

ભારતીય પુરાણોમાં ઐતિહાસિક ઘટનાઓને ધાર્મિક કથાના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. પુરાણો દ્વારા ભૂતકાળના રાજાઓ, વંશાવળીઓ અને ધાર્મિક ઘટનાઓને લોકપ્રિય કથાઓ રૂપે સંભળાવવામાં આવ્યા છે. મુખ્ય અઢાર પુરાણો જેમ કે સ્કંદ, ભાગવત, વિષ્ણુ, વાયુ, બ્રહ્મા વગેરેમાં ઐતિહાસિક તથા ધાર્મિક દૃષ્ટિકોણનો સંકલન જોવા મળે છે.

1.4.2 આખ્યાન પરંપરાઃ

ભારતીય ઇતિહાસલેખનમાં આખ્યાન પરંપરાનું વિશેષ સ્થાન છે. રાજાઓ, ઋષિઓ અને દેવતાઓની વાર્તાઓ કથાવાર્તાના સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવી છે. આ પદ્ધતિએ ઇતિહાસને વધુ રસપ્રદ અને લોકપ્રિય બનાવી, સામાન્ય જનતા સુધી તે પહોંચાડવામાં સહાય કરી.

1.4.3 નૈતિકતા અને આદર્શોની સ્થાપનાઃ

આખ્યાનોમાં રજૂ થયેલા પાત્રો, ખાસ કરીને રામ અને કૃષ્ણ, નૈતિકતા, સત્ય અને કર્તવ્ય જેવા મૂલ્યોના પ્રચારક બની રહ્યા છે. આવા પાત્રોના જીવનદ્રષ્ટાંત દ્વારા સમાજમાં ધર્મ અને નૈતિક આદર્શોની સ્થાપના કરવામાં આવી.

ભારતમાં સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સાચવણી કરનાર વિવિધ કેન્દ્રો છે. ભારતમાં સાંસ્કૃતિક વારસાના કેન્દ્રો વિશે પરિચય મેળવીએ તેમાં વિવિધ કેન્દ્રોનો

1.5 રાજા અને વંશગાથા પર આધારિત ઈતિહાસ

1.5.1 વંશાવલીઓ:

ઈતિહાસલેખનમાં ઈક્ષ્વાકુ, મૌર્ય, અને ગુપ્ત જેવા રાજવંશોનું વિશિષ્ટ સ્થાન છે. આ વંશાવલીઓ દ્વારા શાસકોની વંશપરંપરા, તેમની નીતિઓ અને રાજ્યકાર્યનો વિકાસ દર્શાવવામાં આવે છે. વંશાવલીઓ રાજકીય વારસાને જાળવી રાખવાનું એક મહત્વપૂર્ણ સાધન બની રહી છે.

1.5.2 પ્રશસ્તિઓ:

અશોક, સમુદ્રગુપ્ત અને ખારવેલ જેવા રાજાઓની વિજયગાથાઓ પ્રશસ્તિઓના રૂપમાં રજૂ કરવામાં આવી છે. આ પ્રશસ્તિઓ શિલાલેખો, સ્તંભલેખો અને તામ્રપત્રો પર અંકિત કરાઈ છે, જેને રાજાઓના યશ, વિજય અને શાસનકાર્યોનો મહિમા વ્યક્ત થાય છે.

1.5.3 યશોગાન અને નાયકપાત્રોની ગાથા:

ઈતિહાસલેખનમાં રાજાઓ અને મહાનુભાવોની બહાદુરી, નૈતિકતા અને આદર્શોને આવરી લેનારી ગાથાઓનું મહત્વ છે. આવા યશોગાન દ્વારા નાયકપાત્રોની મહત્તા ઉદભવિત થાય છે અને સમાજ માટે પ્રેરણારૂપ બનતી કથાઓનું સર્જન થાય છે.

ભારતમાં સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સાચવણી કરનાર વિવિધ કેન્દ્રો

1.6 ઈતિહાસશાસ્ત્ર માટેના પ્રાચીન સ્ત્રોતો

1.6.1 સાહિત્યિક સ્ત્રોતો:

મહાભારત અને રામાયણ જેવા મહાકાવ્યો ભારતીય ઈતિહાસ માટે સામાજિક તથા ધાર્મિક દૃષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે. આ ઉપરાંત બૌદ્ધ ગ્રંથો જેમ કે દિપવંસ અને મહાવંસમાં બૌદ્ધ ધર્મના પ્રસાર અને રાજકીય ઘટનાઓનો ઉલ્લેખ છે. જૈન પરંપરાના કલ્પસૂત્ર અને આચારાંગ સૂત્ર જેવા ગ્રંથો પણ તત્વજ્ઞાન અને ઈતિહાસલેખન માટે ઉપયોગી સાબિત થાય છે.

1.6.2 શિલાલેખો અને તામ્રપત્રો:

અશોકના શિલાલેખો ધર્મપ્રસારના સિદ્ધાંતો અને રાજ્યની નીતિઓ વિશે માહિતી આપે છે. આ શિલાલેખોમાંથી તે સમયના શાસન, સમાજ અને ધાર્મિક દૃષ્ટિકોણ અંગે જાણી શકાય છે. તામ્રપત્રો મુખ્યત્વે દાન પત્રો અને જમીનના વિતરણના દસ્તાવેજ

રૂપે મળતા હોય છે, જે પ્રસંગો ઇતિહાસના સામાજિક અને આર્થિક પાસાને ઉજાગર કરે છે.

1.6.3 વિદેશી પ્રવાસીઓના વર્ણનોઃ

વિદેશી પ્રવાસીઓ દ્વારા લખાયેલા વર્ણનો પણ પ્રાચીન ભારતીય ઇતિહાસ માટે અગત્યના સ્રોત છે. મેગસ્થનીઝે ચંદ્રગુપ્ત મૌર્યના દરબાર અને રાજ્યવ્યવસ્થાનું નિખાલસ વર્ણન કર્યું છે. ફાહ્યાન અને હ્યુએન ત્સાંગના પ્રવાસ વર્ણનો ગુપ્ત યુગના સમાજ, શિક્ષણ અને ધર્મજીવનની વિગતવાર માહિતી આપે છે.

1.7 બૌદ્ધ અને જૈન દૃષ્ટિકોણમાં ઇતિહાસ

1.7.1 બૌદ્ધ પરંપરાઃ

બૌદ્ધ પરંપરામાં ઇતિહાસલેખન તથ્યમૂલક અને નિયમિત જોવા મળે છે. દિપવંસ અને મહાવંસ જેવા ગ્રંથોમાં રાજાઓના શાસનકાર્ય અને બૌદ્ધ ધર્મના પ્રસારનો વિશદ વર્ણન મળે છે. આ ગ્રંથો શ્રીલંકા અને ભારત વચ્ચેના રાજકીય અને ધાર્મિક સંબંધોના દસ્તાવેજીકરણ તરીકે પણ મહત્વ ધરાવે છે.

1.7.2 જૈન પરંપરાઃ

જૈન પરંપરામાં તીર્થંકરોના જીવનચરિત્રો આધારિત ગ્રંથો દ્વારા નૈતિક અને ધાર્મિક સાથે સાથે ઐતિહાસિક તથ્યોનું સંકલન કરવામાં આવ્યું છે. આ ગ્રંથોમાં સમાજવ્યવસ્થા, શાસનપદ્ધતિ અને રાજકીય પરિસ્થિતિઓનું પણ વિવેચન જોવા મળે છે, જે ઇતિહાસના અનુસંધાન માટે મહત્વપૂર્ણ બની રહે છે.

1.8 ઇતિહાસશાસ્ત્રમાં દાર્શનિક અને નૈતિક દૃષ્ટિકોણ

1.8.1 ઇતિહાસ માત્ર તથ્યો નહિઃ

ઇતિહાસ માત્ર ઘટનાઓ અને તથ્યોનું વર્ણન નથી, પરંતુ એ જીવનશૈલી, ધર્મ અને નૈતિકતાનું પણ માર્ગદર્શન આપે છે. તે માનવીને પોતાના વર્તન અને નિર્ણયોની સમજ વિકસાવવા માટે ભૂતકાળના અનુભવોથી શીખવા પ્રેરિત કરે છે.

1.8.2 કર્મફળ સિદ્ધાંતઃ

ઇતિહાસમાં દર્શાવવામાં આવેલા પાત્રો અને તેમના કર્મના પરિણામ તેમને કેવી રીતે અસર કરે છે, તે કર્મફળ સિદ્ધાંતના માધ્યમથી સમજાવવામાં આવ્યું છે. આવા ઉદાહરણો માનવજીવન માટે નૈતિક શિક્ષણરૂપ સાબિત થાય છે.

1.8.3 પૂર્વજોના કાર્યોથી પ્રેરણાઃ

ઇતિહાસમાં ઉલ્લેખિત નાયકો અને રાજાઓના જીવનમાંથી આપણને પ્રેરણા મળે છે. તેમના આદર્શો, ત્યાગ અને યશસ્વી કાર્યો ભવિષ્યના નિર્માણ માટે માર્ગદર્શન પૂરું પાડે છે અને સમાજમાં ઊંચા નૈતિક મૂલ્યો સ્થાપિત કરવામાં મદદરૂપ બને છે.

1.9 પરંપરાગત અને આધુનિક ઇતિહાસશાસ્ત્ર વચ્ચે તફાવત

1.9.1 પરંપરાગત ઇતિહાસશાસ્ત્રઃ

પરંપરાગત ઇતિહાસશાસ્ત્ર ધાર્મિક, કથાત્મક અને મૂલ્યઆધારિત દૃષ્ટિકોણ પર આધારિત હતું. તેમાં ભક્તિભાવ, પુરાણો, આખ્યાનો અને મહાકાવ્યોના માધ્યમથી ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં નૈતિક શિક્ષણ અને આધ્યાત્મિક તત્વોનું વિશેષ સ્થાન હતું.

1.9.2 આધુનિક ઇતિહાસશાસ્ત્રઃ

આધુનિક ઇતિહાસશાસ્ત્ર તથ્યમૂલક, પુરાવાધારિત અને વિશ્લેષણાત્મક અભિગમ અપનાવે છે. તેમાં વર્ગચિંતન, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં ઇતિહાસનો અભ્યાસ કરવામાં આવે છે. આધુનિક ઇતિહાસવિદ્યો દસ્તાવેજો, શિલાલેખો, સર્વેક્ષણો અને અન્ય ભૌતિક પુરાવાઓના આધારે નિષ્કર્ષો પર પહોંચે છે.

1.9.3 સંકલનનો સમયઃ

આજના સમયગાળામાં પરંપરાગત અને આધુનિક ઇતિહાસશાસ્ત્ર વચ્ચે સંકલન જોવા મળે છે. ઇતિહાસલેખનમાં હવે તથ્યમૂલક વિશ્લેષણ સાથે નૈતિક મૂલ્યોને પણ મહત્વ આપવામાં આવે છે.

1.10 સારાંશ

પ્રાચીન ભારતીય ઇતિહાસશાસ્ત્ર એ માત્ર પૃથ્વી પર બનેલ ઘટનાઓનું તથ્યસંગ્રહ નથી, પણ તે ભારતીય સમાજના નૈતિક, ધાર્મિક અને દાર્શનિક વિકાસ સાથે ઊંડે જોડાયેલું છે. અહીં ઇતિહાસ માત્ર ભૂતકાળના રાજાઓના શાસન કે યુદ્ધોની નોંધ પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ તેમાં જીવનમૂલ્યો, આધ્યાત્મિક ઉન્નતિ અને માનવીના કર્તવ્યની સમજણનો સમાવેશ થાય છે. ભારતીય પરંપરામાં ઇતિહાસલેખનની પદ્ધતિઓ વૈવિધ્યસભર રહી છે – શ્રુતિ, સ્મૃતિ, પુરાણો, મહાકાવ્ય, શિલાલેખો, તામ્રપત્રો અને વિદેશી લેખકોના વર્ણનો એના મુખ્ય સ્રોતો રહ્યા છે.

આમ, ભારતીય ઇતિહાસલેખન નૈતિકતા અને જીવનશૈલી માટે માર્ગદર્શક રૂપે કાર્ય કરે છે. આધુનિક સમયમાં તથ્યમૂલક અભિગમની સાથે આ પરંપરાગત મૂલ્યોને

જોડીને વધુ વ્યાપક અને સમજૂતીભર્યું ઇતિહાસલેખન કરવામાં આવી રહ્યું છે. આ દૃષ્ટિએ, પ્રાચીન ભારતીય ઇતિહાસશાસ્ત્ર માત્ર ભૂતકાળનો અભ્યાસ નથી, પરંતુ આજના સમાજ માટે સંસ્કાર, શિક્ષણ અને દિશા આપે તેવું વિશાળ સંકલન છે.

1.11 ચાવીરૂપ શબ્દો

- **હરિયાળું મેદાન**- લીલીછમ ઘાસથી ઢંકાયેલું મોટું ખુલ્લું જ્યાં પ્રકૃતિની શાંતિ અને તાજગી અનુભવાય છે.
- **ઝરણાની કલકલ**- પર્વતોમાંથી વહેતા પાણીની મધુર અવાજ, જે સાંભળવામાં શાંત અને સુખદ લાગે છે.
- **ધૂંધાળું આકાશ**- કાળા-ધૂસર વાદળોથી છવાયેલું આકાશ, જ્યાં પ્રકાશ ઓછો હોય અને વરસાદ પડવાની શક્યતા હોય.
- **પવનની સંસનાટી**-હળવો પવન જ્યારે ઝાડપાંદડાંમાંથી પસાર થાય ત્યારે થતો ધીમો અવાજ, જે સાંભળવામાં મઝેદાર લાગે છે.

1.12. સ્વાધ્યાય

(ક) નીચેનું વિધાન ખરું છે કે ખોટું જણાવો :

૧. રામાયણ અને મહાભારતને માત્ર ધાર્મિક ગ્રંથ ગણવામાં આવે છે, તેમનામાં ઇતિહાસનો કોઈ સમાવિષ્ટ નથી.

૨. અશોકના શિલાલેખો દ્વારા રાજકીય અને ધાર્મિક નીતિઓની માહિતી મળે છે.

૩. મહાવંસ અને દિપાવંસ બૌદ્ધ પરંપરાના ગ્રંથો છે, જેમાં ઐતિહાસિક તથ્યોનું વર્ણન જોવા મળે છે.

૪. વિદેશી યાત્રિકોએ પ્રાચીન ભારત વિશે કોઈ પણ લખાણો નથી આપ્યા.

૫.જૈન ગ્રંથો માત્ર ધાર્મિક કથાઓ માટે જાણીતા છે, તેમાં ઇતિહાસનો ઉલ્લેખ નથી.

૬.પરંપરાગત ઇતિહાસશાસ્ત્રમાં નૈતિક મૂલ્યો અને આખ્યાનાત્મક પદ્ધતિને મહત્વ આપવામાં આવતું હતું.

(ખ) વિસ્તૃત જવાબ આપો.

(૧) પ્રાચીન ભારતીય ઇતિહાસલેખનમાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણો અને આખ્યાનોની ભૂમિકા સમજાવો.

_____

_____

(૨) રામાયણ અને મહાભારત ઇતિહાસશાસ્ત્ર માટે કેવી રીતે મહત્વપૂર્ણ છે તે સમજાવો.

(૩) શિલાલેખો, તામ્રપત્રો અને વિદેશી યાત્રિકોના વર્ણનો દ્વારા મળતી ઐતિહાસિક માહિતી વિષે લખો.

(૪) પરંપરાગત અને આધુનિક ઇતિહાસશાસ્ત્રમાં શું તફાવત છે? સમજાવીને લખો.

1.13. સંદર્ભ અને વિશેષ વાચન

- શુક્લ, રમેશ., ભારતનો ઇતિહાસ – પ્રાચીનથી આધુનિક ભારત સુધીનો સારાંશાત્મક અભ્યાસ.
- ઠાકર, નટવરલાલ, ભારતનો સંસ્કૃતિક વારસો – પ્રાચીન ભારતના ધર્મ, તત્વજ્ઞાન, કલા અને સાહિત્ય પર આધારિત અભ્યાસ.
- દવે, એ. એન., ઇતિહાસ લેખન પદ્ધતિ – ઇતિહાસશાસ્ત્રના સિદ્ધાંતો અને ઐતિહાસિક અભિગમોની સમજ.
- શાસ્ત્રી, ભાણુપ્રતાપ, ભારતનો પૌરાણિક ઇતિહાસ – પુરાણો અને ધાર્મિક ગ્રંથોમાં સમાવિષ્ટ ઇતિહાસનું વિશ્લેષણ.
- પટેલ, નિલમબેન., પ્રાચીન ભારતનો ઇતિહાસ – મહાભારત, બૌદ્ધ-જૈન પરંપરા, મૌર્ય અને ગુપ્ત યુગના વિસતૃત અભ્યાસ સાથે.

- ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ઇતિહાસ દર્પણ – શૈક્ષણિક સ્તરે ઉપયોગી અને સરળ ભાષામાં રજૂ થયેલું ઇતિહાસલેખન.
- श्रीवास्तव, ए. एल. (2002). प्राचीन भारत का इतिहास. लखनऊ: शिवलाल अग्रवाल एंड कंपनी।
- शुक्ल, रामशरण. (1999). भारतीय इतिहास लेखन की परंपरा. दिल्ली: राजकमल प्रकाशन।
- झा, डी. एन. (2009). प्राचीन भारत: एक इतिहास. नई दिल्ली: लोकभारती प्रकाशन।
- वर्मा, बी. एन. (2005). भारतीय इतिहास के स्रोत. इलाहाबाद: लोकभारती प्रकाशन।
- चक्रवर्ती, रणबीर. (2010). भारत का सामाजिक और आर्थिक इतिहास (प्राचीन काल से 1750 तक). नई दिल्ली: मैकग्रा-हिल एजुकेशन।

એકમ - 2

પ્રાચીન ભારતીય ઐતિહાસિક પરંપરાઓઃ મહાકાવ્યો, પુરાણો, વંશાવળી, રાજતરંગિણી અને જીવનચરિત્ર સાહિત્ય

:: રૂપરેખા ::

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 મહાકાવ્યો

- **2.2.1** રામાયણ
- **2.2.2** મહાભારત

2.3 પુરાણો

- **2.3.1** મુખ્ય ઐતિહાસિક પુરાણો

2.4 વંશાવળીઃ ઇતિહાસલેખન માટેનું મહત્વપૂર્ણ સાધન

2.5 રાજતરંગિણી

2.6 જીવનચરિત્ર સાહિત્ય

2.7 સારાંશ

2.8 ચાવીરૂપ શબ્દો

2.9 સ્વાધ્યાય

2.10 સંદર્ભ અને વિશેષ વાચન

2.0 ઉદ્દેશો

- પ્રાચીન ભારતીય ઐતિહાસિક સ્રોતોની ઓળખ અને શ્રેણીની સમજ મેળવવી.
- પરંપરાગત ઇતિહાસલેખન પદ્ધતિઓ અને દૃષ્ટિકોણોની તત્ત્વચિંતનાત્મક સમજણ મેળવવી.
- મહાકાવ્ય, પુરાણો અને અન્ય સાહિત્યમાં સમાવિષ્ટ ઐતિહાસિક તત્વોનું વિશ્લેષણ કરવું.

2.1 પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય ઇતિહાસલેખન પાશ્ચાત્ય ઇતિહાસશાસ્ત્ર જેવી ક્રમબદ્ધ અને દસ્તાવેજપ્રમાણિત પદ્ધતિ કરતાં સંપૂર્ણપણે જુદી દૃષ્ટિ ધરાવતું હતું. પશ્ચિમમાં જ્યાં ઇતિહાસને તથ્યસંગ્રહ અને તર્ક આધારિત અનુસંધાન તરીકે જોવામાં આવે છે, ત્યાં ભારતમાં ઇતિહાસને જીવનમૂલ્યો, નૈતિકતા અને ધાર્મિક વિધાન સાથે જોડીને લેખિત અને મૌખિક રૂપે આગળ ધપાવવામાં આવ્યો હતો. ભારતીય ઇતિહાસલેખનની પદ્ધતિ સંસ્કૃતિ સાથે સંકળાયેલી રહી છે અને તેનું મુખ્ય લક્ષ્ય ભવિષ્ય માટે માર્ગદર્શન આપવું રહ્યું છે, માત્ર ભૂતકાળના તથ્યોનો રેકોર્ડ રજૂ કરવાનો હેતુ નહોતો.

અહીં ઇતિહાસ ધર્મગ્રંથો, આખ્યાન, પુરાણો, મહાકાવ્યો, વંશાવળીઓ, શિલાલેખો, તામ્રપત્રો, રાજજ્ઞાન અને જીવનચરિત્રો જેવા માધ્યમોમાં જોવા મળે છે. રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો, સ્કંદ અને ભાગવત જેવા પુરાણો, તેમજ કલ્હણનું રાજતરંગિણી અને સમ્રાટ અશોક કે હર્ષવર્ધનના જીવનચરિત્રો—all these sources—nto only narrate events but are interwoven with ethical, spiritual, and philosophical teachings.

આવા ઐતિહાસિક ગ્રંથોમાંથી ભારતીય સમાજના ધાર્મિક, સામાજિક જીવન, રાજકીય વ્યવસ્થાઓ અને નૈતિક ધોરણોની વિશદ માહિતી પ્રાપ્ત થાય છે. તેથી, પ્રાચીન ભારતીય ઇતિહાસલેખન માત્ર એક પુરાતન સંજ્ઞા નથી, પરંતુ તે એક સંસ્કૃતિક દૃષ્ટિ છે, જે માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શક રૂપે કાર્ય કરે છે.

2.2 મહાકાવ્યો

ભારતીય ઐતિહાસિક પરંપરામાં રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યોનું વિશેષ મહત્વ છે. આ બંને ગ્રંથો માત્ર ધાર્મિક મૂલ્યો ધરાવતા સાહિત્યરૂપ નથી, પરંતુ રાજકીય, સામાજિક અને નૈતિક દૃષ્ટિએ પણ ઐતિહાસિક માહિતીના મહત્વપૂર્ણ સ્રોત છે.

આ ગ્રંથોનું વિશ્લેષણ ઇતિહાસશાસ્ત્ર માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તેમાં વર્ણવેલી ઘટનાઓ, પાત્રો અને સંજ્ઞાઓ દ્વારા પ્રાચીન ભારતીય જીવનના વિવિધ પાસાઓ સમજાઈ શકે છે.

2.2.1 રામાયણઃ

રામાયણ ભારતીય સંસ્કૃતિનું અગત્યનું મહાકાવ્ય છે, જે મહર્ષિ વાલ્મીકી દ્વારા સંસ્કૃતમાં રચાયું હતું. તેને ‘‘આદ્યકાવ્ય’’ તરીકે ઓળખવામાં આવે છે. આ ગ્રંથમાં

કુલ ૭ કાંડ છે – બાલકાંડથી લઈને ઉત્તરકાંડ સુધી, અને અંદાજે ૨૪,૦૦૦ શ્લોકોનો સમાવેશ થાય છે. રામાયણ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તેમાં રાજકીય, નૈતિક અને સામાજિક મૂલ્યોનું પ્રતિબિંબ છે. શ્રીરામના જીવનદ્રષ્ટાંતો દ્વારા આ ગ્રંથ રાજધર્મ, કર્તવ્ય અને આદર્શ જીવનશૈલીના તત્વો રજૂ કરે છે.

ઈતિહાસશાસ્ત્રીય મહત્વઃ

- રામાયણમાં શ્રીરામના જીવનથી સંકળાયેલી ઘટનાઓ દર્શાવવામાં આવી છે. રામનો જીવનપ્રવાહ એક આદર્શ રાજપુત્ર, પતિ અને શાસક તરીકે દર્શાવવામાં આવ્યો છે.
- રાજકીય દૃષ્ટિએ રામરાજ્ય એક આદર્શ રાજ્યનો દ્રષ્ટાંત રૂપ છે, જ્યાં શાસન ન્યાયસંગત, કર્તવ્યનિષ્ઠ અને પ્રજાહિતમાં હોય છે.
- સામાજિક દૃષ્ટિએ રામાયણ ભારતીય સંસ્કૃતિના મૂલ્યો, પુરુષાર્થ, ગુરુ-શિષ્ય પરંપરા, સ્ત્રીની ભૂમિકા, પરિવારમાં બાંધછોડ, તથા ધર્મ અને કર્તવ્ય વચ્ચેના સંબંધોને સમજવા માટે ઉપયોગી થાય છે.
- રામાયણમાં "કર્મફળ સિદ્ધાંત", "મર્યાદા", "ભક્તિ" અને "ત્યાગ" જેવા નૈતિક તત્વો વર્ણિત છે, જે અધ્યાત્મ અને નૈતિક શિક્ષણ માટે માર્ગદર્શક છે.

2.2.2 મહાભારતઃ

મહાભારત મહર્ષિ વેદવ્યાસ દ્વારા રચાયેલું ઈતિહાસમૂલક મહાકાવ્ય છે. તેમાં કુલ ૧૮ પર્વ અને આશરે ૧,૦૦,૦૦૦ શ્લોકો છે, જે તેને વિશ્વનું સૌથી મોટું મહાકાવ્ય બનાવે છે. મહાભારત માત્ર કૌરવો અને પાંડવો વચ્ચેના યુદ્ધનું વર્ણન નથી, પણ તેમાં રાજકીય, નૈતિક અને આધ્યાત્મિક તત્ત્વોનો સમાવેશ થાય છે. ભગવાન કૃષ્ણ દ્વારા આપવામાં આવેલી ભગવદ્ગીતા પણ આ ગ્રંથનો ભાગ છે, જે જીવનદ્રષ્ટિ અને કર્તવ્યની ઊંડી સમજ આપે છે.

ઈતિહાસશાસ્ત્રીય મહત્વઃ

- મહાભારત કૌરવો અને પાંડવો વચ્ચેના યુદ્ધને કેન્દ્રમાં રાખીને લખાયેલું છે, પણ તેના માધ્યમથી રાજકીય કટાક્ષ, નૈતિક સંઘર્ષ, સમાજવ્યવસ્થાનું દર્પણ અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન રજૂ થાય છે.
- સમાજશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રના દૃષ્ટિકોણથી મહાભારત અત્યંત મહત્વપૂર્ણ છે. તેમાં રાજધર્મ, રાજનૈતિક વ્યૂહરચના, દુર્યોધન અને કૃષ્ણ જેવા પાત્રોના દ્વારા નીતિના વિવિધ સ્વરૂપો રજૂ થાય છે.
- ભગવદ્ગીતા, જે મહાભારતનું અંગ છે, એ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ દ્વારા જીવનબોધ આપે છે.

- મહાભારતમાં સ્ત્રીઓના હક, ધર્મના પડકાર, યુદ્ધના ધર્મ અને કર્તવ્ય–અકર્તવ્ય જેવી બહુવિધ માનવીય સંજ્ઞાઓનું ઊંડાણપૂર્વક સંશોધન જોવા મળે છે.

2.3 પુરાણો

પુરાણો ભારતીય ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાનું અમૂલ્ય સાહિત્યિક વારસો છે, જેમાં ૧૮ મહાપુરાણો અને ૧૮ ઉપપુરાણોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો માત્ર ભક્તિગાથા નથી, પરંતુ તેમાં ઐતિહાસિક ઘટનાઓ, રાજવંશોની વંશાવળીઓ, સામાજિક બંધારણો અને રાજકીય વ્યવસ્થાઓ કથાત્મક શૈલીમાં રજૂ થાય છે. પુરાણો સૃષ્ટિના ઉદ્ભવથી લઈને યુગાંત સુધીની પરંપરાનું દસ્તાવેજીકરણ કરે છે. આ ગ્રંથો ઇતિહાસ, ધર્મ અને જીવનમૂલ્યો સાથે સંકળાયેલા તત્ત્વોને રજૂ કરે છે અને વૈદિક ધર્મ તથા લોકધર્મ વચ્ચેના સમન્વય તરીકે કાર્ય કરે છે.

2.3.1 મુખ્ય ઐતિહાસિક પુરાણો

વાયુપુરાણ એ ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત ઉપયોગી પુરાણ છે, જેમાં અનેક રાજાઓની વંશાવળીઓ વર્ણવવામાં આવી છે. ખાસ કરીને મૌર્ય અને ગુપ્ત શાસકોના સંદર્ભો તેમાં જોવા મળે છે. ઇતિહાસકારો માટે વાયુપુરાણ રાજકીય અનુક્રમ, શાસનપદ્ધતિ અને રાજકીય વારસાની સમજ માટે મહત્વપૂર્ણ સ્ત્રોતરૂપે કાર્ય કરે છે.

મત્સ્યપુરાણમાં ઐતિહાસિક રાજાઓની નોંધ તથા તેમનાં રાજધર્મ સાથે સંકળાયેલી જવાબદારીઓનો ઉલ્લેખ જોવા મળે છે. રાજધર્મ અને દાનધર્મના આધારે શાસકોના મૂલ્યાંકનનું દસ્તાવેજીકરણ પણ આ પુરાણમાં થયેલું છે, જે ઇતિહાસશાસ્ત્ર માટે મહત્વપૂર્ણ છે.

ભવિષ્યપુરાણ, ભવિષ્યકાળની ઘટનાઓના કલ્પિત અનુમાનોથી ભરેલું હોવા છતાં તેમાં મૌર્યકાલ અને ગુપ્તયુગના કેટલાક ઐતિહાસિક સંદર્ભો ઉપલબ્ધ છે. રાજકીય પરિવર્તનો અને ધાર્મિક પ્રવાહોની દિશા સમજવા માટે ઇતિહાસકારો આ પુરાણનો સંદર્ભ લે છે.

બ્રહ્માંડપુરાણમાં જગતની રચના, કાળચક્ર તથા શાસનકાળની ઘટનાઓનું ઊંડાણપૂર્વક વર્ણન આપવામાં આવ્યું છે. વંશાવળીઓ, રાજાઓના યજ્ઞો, દાન તથા ધાર્મિક કાર્યો જેવા અનેક પ્રસંગોથી આ ગ્રંથ ઇતિહાસશાસ્ત્ર માટે સમૃદ્ધ સ્ત્રોત બની રહે છે.

વિષ્ણુપુરાણમાં ચંદ્રવંશ અને સૂર્યવંશ જેવા પ્રાચીન રાજવંશોનું વિગતવાર વર્ણન છે. તે રાજાઓના શાસનકાળ દરમિયાન થયેલા ધાર્મિક, નૈતિક અને લોકકલ્યાણના કાર્યો પર પણ પ્રકાશ નાખે છે, જે ઇતિહાસશાસ્ત્રીય અભ્યાસ માટે મહત્વ ધરાવે છે.

ઈતિહાસશાસ્ત્રીય મહત્વઃ

- પુરાણો ઈતિહાસને ધર્મ સાથે સંકળાવીને રજૂ કરે છે, જેના કારણે તેઓને "આખ્યાનાત્મક ઈતિહાસ" પણ કહેવાય છે.
- તેમાં વંશાવળીઓ, સામાજિક વ્યવસ્થાઓ (જેમ કે વર્ણવ્યવસ્થા), રાજધર્મ અને નૈતિક વ્યવહારો અંગે વિગતવાર માહિતી મળે છે.
- પુરાણો ભારતીય ઈતિહાસને ધાર્મિક મંચ ઉપર રાખી રજૂ કરે છે, જેના માધ્યમથી પ્રાચીન ભારતના સમાજ અને રાજકીય વ્યવસ્થાઓને વધુ સારી રીતે સમજવામાં આવે છે.

2.4 વંશાવળીઃ ઈતિહાસલેખન માટેનું મહત્વપૂર્ણ સાધન

વંશાવળીઓ (genealogies) એ શાસક વર્ગના ઈતિહાસ અને તેમના રાજકીય વારસાની ઓળખ માટેનું અત્યંત મહત્વપૂર્ણ સાહિત્યિક અને ઐતિહાસિક સાધન છે. ભારતીય ઈતિહાસમાં ઈક્ષ્વાકુ, મૌર્ય, ગુપ્ત, ચોળ, પલ્લવ, શક, સાતવાહન, રાષ્ટ્રકૂટ અને પછીના રાજવંશો સુધી અનેક રાજાઓની વંશાવળીઓ ગ્રંથો, દસ્તાવેજો, શિલાલેખો તથા પુરાણોમાં નોંધાઈ છે.

વંશાવળીઓ રાજકીય અનુક્રમ (political succession) અને રાજ્ય વ્યવસ્થાની ભૂમિકા સમજવા માટે અત્યંત ઉપયોગી છે. વિશિષ્ટ રાજાઓના પરાક્રમ, શ્રેષ્ઠતાઓ, યુદ્ધો અને નૈતિક ધોરણો – બધું જ વંશાવળીઓમાં પાત્રોને આધ્યાત્મિક, પુરુષાર્થ યુક્ત અને ઉદાહરણરૂપ દર્શાવીને રજૂ કરવામાં આવ્યું છે. જો કે કેટલીક વંશાવળીઓમાં અતિશયોક્તિ અને પૂજાત્મકતા હોય છે, તેમ છતાં તેનો ઐતિહાસિક વિશ્લેષણાત્મક અભિગમ દ્વારા ઉપયોગ કરી શકાય છે.

ઈતિહાસલેખનમાં વંશાવળીઓના વિશ્લેષણ દ્વારા રાજકીય સ્થિરતા કે અસ્થિરતા, રાજ્ય પરિવર્તનના ચક્ર, સામાજિક શ્રેણીબદ્ધતાની સમજ, સ્ત્રી પાત્રોની ભૂમિકા તથા શાસન પદ્ધતિઓના નમૂનાઓ સમજવા માટે અનેક તથ્યો બહાર આવે છે.

વંશાવળીઓ માત્ર રાજાઓના ક્રમબદ્ધ નામોની યાદી નથી, પરંતુ તેમાં શાસનવ્યવસ્થાના મૂલ્યો, શાસક વર્ગના ધાર્મિક રૂઝાન, રાજધર્મ, નૈતિક ઉદાહરણો તથા સામાજિક ગોઠવણીના સંકેત છુપાયેલા હોય છે. તેથી, વંશાવળીઓ પ્રાચીન અને મધ્યયુગીન ભારતના ઈતિહાસલેખન માટે અવગણનીય નથી પણ અત્યંત મૂલ્યવાન સ્રોત છે.

2.5 રાજતરંગિણી

કલ્હણ (Kalhana) દ્વારા ૧૨મી સદીમાં રચાયેલ રાજતરંગિણી ભારતીય ઐતિહાસિક સાહિત્યમાં એક અદ્વિતીય કૃતિ છે. કલ્હણે આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખ્યો હતો, જેમાં કાશ્મીરના રાજાઓના શાસનકાળને તથ્યપ્રમાણ અને સાહિત્યાત્મક રીતે રજૂ કર્યો છે. કલ્હણ પ્રથમ એવો ઐતિહાસિક લેખક હતો, જેણે ઇતિહાસલેખન માટે માત્ર ધાર્મિક દ્રષ્ટિ નહીં, પણ તર્કસંગત અને વિશ્લેષણાત્મક અભિગમ અપનાવ્યો.

રાજતરંગિણીને ''ભારતનું પ્રથમ સચોટ ઐતિહાસિક નેરેટિવ'' ગણવામાં આવે છે, કારણ કે તેમાં રાજકીય ઘટનાઓ, વંશપરંપરા, રાજધર્મ અને સામાજિક પરિવર્તનોનું વિશ્લેષણાત્મક વર્ણન છે. કલ્હણે પૂર્વગ્રંથો, શિલાલેખો, લોકકથાઓ અને તત્ત્વવિચારના આધારે લખાણ તૈયાર કર્યું, જે તેને આધુનિક ઇતિહાસશાસ્ત્રીય અભિગમ તરફ ઝુકાવનાર લેખક બનાવે છે.

આ રીતે, રાજતરંગિણી એ કલ્હણની ઐતિહાસિક દૃષ્ટિ અને લેખનશૈલીને દર્શાવતું પ્રારંભિક અને સચોટ દસ્તાવેજી સાહિત્ય માનવામાં આવે છે.

ઇતિહાસલેખન માટેનું મહત્વ

૧.પ્રથમ તથ્યઆધારિત ઐતિહાસિક નેરેટિવઃ

રાજતરંગિણીને ભારતીય ઇતિહાસશાસ્ત્રમાં પ્રથમ "ટ્રુ હિસ્ટોરિકલ નેરેટિવ" ગણવામાં આવે છે, કારણ કે તેમાં કલ્પનાની જગ્યાએ તથ્યો અને પુરાવાઓના આધારે ઇતિહાસ રચાયો છે.

૨.સંદર્ભગ્રંથોના આધારે લેખનઃ

કલ્હણે અગાઉના સાહિત્ય, શિલાલેખો અને લોકવાતાઓના સંદર્ભો લઈને ક્રમબદ્ધ ઇતિહાસ રજૂ કર્યો છે – જે તેને આધુનિક ઇતિહાસલેખનના માપદંડો મુજબ યોગ્ય માન્યતા આપે છે.

૩.સાહિત્ય અને ઇતિહાસનું સંકલનઃ

આ ગ્રંથમાં કાવ્યશૈલી હોવા છતાં, ઇતિહાસશાસ્ત્ર માટે જરૂરી તર્કસંગતતા અને વિશ્લેષણાત્મક અભિગમ જોવા મળે છે. આ ભાષાશૈલીની સરળતાને કારણે વધુ વ્યાપક બને છે.

૪.ભારતીય ઇતિહાસલેખનની દિશામાં પરિવર્તનબિંદુઃ

રાજતરંગિણી એ પૌરાણિક અને ધર્મ આધારિત ઇતિહાસલેખનની બહાર જઈને તથ્યપ્રમાણિત દૃષ્ટિ અપનાવનાર પ્રથમ નોંધપાત્ર પ્રયાસ છે. આથી તે ભારતીય ઇતિહાસલેખનના વિકાસના એક મહત્વના દસ્તાવેજ તરીકે ઓળખાય છે.

2.6 જીવનચરિત્ર સાહિત્ય

જીવનચરિત્ર સાહિત્ય એ વ્યક્તિત્વઆધારિત ઇતિહાસલેખનનું એક પ્રારંભિક અને મહત્વપૂર્ણ સ્વરૂપ છે. જયારે ઇતિહાસ પ્રાચીન સમયમાં મોટાભાગે રાજાઓના વિજયગાથા કે શાસનકામો સુધી મર્યાદિત રહ્યો હતો, ત્યારે જીવનચરિત્ર સાહિત્યએ વ્યક્તિના જીવનપ્રસંગો, વિચારધારા, અને નૈતિક મૂલ્યોના આધારે ઇતિહાસના વૈવિધ્યપૂર્ણ પરિપ્રેક્ષ્યને આગળ વધાર્યો.

આ સાહિત્યમાં સમ્રાટ અશોક, સમ્રાટ હર્ષવર્ધન, ભગવાન મહાવીર, તીર્થંકરો, ગુરુ નાનકદેવ, ચાણક્ય, રામમોહન રાય, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અન્ય ઐતિહાસિક મહાનુભાવોના જીવન પરથી પ્રેરિત રચનાઓનો સમાવેશ થાય છે. આ રચનાઓમાં કેવળ તેમના રાજકીય કે ધાર્મિક કાર્યોનું વર્ણન જ નથી, પણ તેમના જીવનમૂલ્યો, વિચારો, વ્યવહારો અને સમાજ ઉપર પડેલા પ્રભાવનું પણ વિસ્તૃત ચિત્રણ કરવામાં આવે છે.

આ પ્રકારનું સાહિત્ય માત્ર ઇતિહાસને વિગતોરૂપે રજૂ કરતી માહિતી આપવા પૂરતું સીમિત નથી; પરંતુ તે જીવનદ્રષ્ટિ, કાર્યશૈલી, નૈતિક વિચારધારા અને સમાજના પ્રતિસાદને આધારે ઇતિહાસનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરે છે. આવા સાહિત્યના માધ્યમથી સમાજમાં પ્રચલિત નૈતિકતાનો બોધ થાય છે અને આધ્યાત્મિક અને રાજકીય વિચારધારાઓને સમજવાનો માર્ગ પ્રસ્તુત થાય છે. ઉદાહરણ તરીકે, અશોકના જીવનચરિત્રમાંથી બૌદ્ધ ધર્મ તરફનું તેમનું પ્રયાણ તેની વળાંક અને ધર્મ આધારિત શાસનનું ચિત્રણ મળે છે, જયારે ગુરુ નાનકના જીવનચરિત્રમાં સમાનતા, ભાઈચારો અને અધ્યાત્મનું દર્શન થાય છે.

જીવનચરિત્રના સાહિત્યનું મહત્વ તેમાં પણ રહેલું છે કે તેમાં લોકશૈલી અને ભાષાની સરળતા હોવાના કારણે તે સામાન્ય લોકો માટે સરળતાથી સમજવા લાયક બને છે. તે માત્ર એક ઐતિહાસિક દસ્તાવેજ તરીકે નથી રહેતું, પરંતુ તે સમયની સંસ્કૃતિ, સમાજવ્યવસ્થા અને નૈતિક મૂલ્યોનું જીવંત પ્રતિનિધિત્વ પણ કરે છે.

આ સાહિત્યના અભ્યાસથી ઇતિહાસને માત્ર રાજકીય ઘટનાઓ કે શાસનના દસ્તાવેજરૂપે જ નહીં, પરંતુ તે સમયના સામાજિક સંદર્ભ, નૈતિક દિશા અને આધ્યાત્મિક અભિગમને પણ સમજવા માટે માર્ગદર્શન મળે છે. જીવનચરિત્રોમાં આવતી પ્રેરણાદાયક ઘટનાઓ આજના યુગમાં પણ જીવનમૂલ્યો અને નૈતિકતાનો બોધ કરાવે છે. ઇતિહાસને રસપ્રદ રીતે સમજવા માટે જીવનચરિત્ર ઉપયોગી સિદ્ધ થાય છે.

2.7 સારાંશ

પ્રાચીન ભારતીય ઐતિહાસિક પરંપરાઓ ભારતીય ઇતિહાસલેખનની એક વિશિષ્ટ અને સાંસ્કૃતિક દૃષ્ટિ રજૂ કરે છે. મહાકાવ્યો જેવી કે રામાયણ અને મહાભારત, પુરાણો, વંશાવળીઓ, રાજતરંગિણી અને જીવનચરિત્ર સાહિત્ય; all together— માત્ર ભૂતકાળની ઘટનાઓનું વર્ણન કરતું સાહિત્ય નથી, પરંતુ તે માનવ જીવનના નૈતિક, ધાર્મિક, રાજકીય અને આધ્યાત્મિક પાસાઓને ઉજાગર કરે છે. મહાકાવ્યોમાં ધાર્મિકતા અને રાજધર્મનું સમન્વય જોવા મળે છે, જ્યારે પુરાણો લોકધર્મ અને ઇતિહાસના કલ્પનાત્મક ભિન્ન દૃષ્ટિકોણને રજૂ કરે છે. વંશાવળીઓ રાજાઓના અનુક્રમ અને રાજ્ય વ્યવસ્થાની સમજ આપે છે, જ્યારે કલ્હણનું રાજતરંગિણી તથ્યઆધારિત, વિશ્લેષણાત્મક અને સાહિત્યપ્રધાન ઐતિહાસિક નેરેટિવ તરીકે ઉભરી આવે છે. જીવનચરિત્રો વ્યક્તિવિષયક ઇતિહાસને નૈતિક અને સમાજપ્રેરિત પરિપ્રેક્ષ્યમાં રજૂ કરે છે.

આ બધા સ્રોતો માત્ર ઇતિહાસના અભ્યાસ માટે જ નથી, પણ માનવજાત માટે જીવનમૂલ્યો અને દિશા નિર્ધારક માર્ગદર્શિકા રૂપે કાર્ય કરે છે. આવા ગ્રંથો આપણને ઇતિહાસને જીવંત રીતે અનુભવવાની અને સમાજના ઊંડા સ્તરો સુધી સમજવાની ક્ષમતા આપે છે. અતિશયોક્તિ અને ધાર્મિકતાની સાથે પણ આ સાહિત્યમાં સમાવવામાં આવેલ તત્ત્વો તત્ત્વચિંતન અને સંસ્કૃતિની સમજ માટે વિશિષ્ટ છે.

આ રીતે, ભારતીય ઇતિહાસલેખન પાશ્ચાત્ય પદ્ધતિથી જુદું હોવા છતાં પોતાનામાં પૂર્ણ અને અર્થપૂર્ણ છે, જે ઇતિહાસને માત્ર તથ્ય તરીકે નહીં, પણ જીવનના દર્શન રૂપે દર્શાવે છે.

2.8 ચાવીરૂપ શબ્દો

- **ઐતિહાસિક પરંપરા (Historical Tradition):** ભૂતકાળની ઘટનાઓને ધાર્મિક, સામાજિક અને રાજકીય દૃષ્ટિએ યાદ રાખવાની પરંપરા.
- **મહાકાવ્ય (Epic):** લાંબી કાવ્યરચના જે ઇતિહાસ, ધર્મ અને નૈતિક મૂલ્યોને રજૂ કરે છે – ઉદાહરણ: રામાયણ, મહાભારત.
- **પુરાણ (Puranas):** દેવતાઓ, રાજવંશો અને ધર્મગ્રંથોનું વર્ણન કરતું કથાસાહિત્ય.
- **વંશાવળી (Genealogy):** રાજાઓના ક્રમ અને શાસનવારસાની યાદી.
- **રાજતરંગિણી (Rajatarangini):** કલ્હણનું કાશ્મીરના રાજાઓ પર આધારિત ઐતિહાસિક ગ્રંથ.
- **જીવનચરિત્ર સાહિય (Biographical Literature):** મહાનુભાવોના જીવન અને મૂલ્યો આધારિત સાહિત્ય.

2.9. સ્વાધ્યાય

(ક) નીચેનું નિવેદન ખરું છે કે ખોટું જણાવો :

૧.જીવનચરિત્ર સાહિત્યમાં માત્ર રાજાઓની વિજયગાથાનું વર્ણન કરવામાં આવે છે.

૨.સમ્રાટ અશોકના જીવનચરિત્રમાંથી બૌદ્ધ ધર્મ તરફનું તેમનું પ્રયાણ અને ધર્મ આધારિત શાસનની માહિતી મળે છે.

૩.જીવનચરિત્ર સાહિત્ય સામાન્ય લોકો માટે જટિલ ભાષામાં લખવામાં આવ્યું છે, તેથી તે ઓછું ગ્રાહ્ય છે.

૪.જીવનચરિત્રનું સાહિત્યમાં માત્ર ધાર્મિક પાત્રોની જ વાત કરવામાં આવે છે, રાજકીય પાત્રોનો સમાવેશ થતો નથી.

૫.જીવનચરિત્રો દ્વારા સમાજના નૈતિક ધોરણો અને આધ્યાત્મિક દૃષ્ટિનો પરિચય મળે છે.

૬.જીવનચરિત્ર સાહિત્ય ઇતિહાસને હૃદયપૂર્વક અનુભવવા માટે સહાયરૂપ બને છે.

(ખ) વિસ્તૃત જવાબ આપો.

૧.જીવનચરિત્રનું સાહિત્ય એટલે શું? તેના વિશિષ્ટ લક્ષણો અને ભારતીય ઇતિહાસલેખનમાં તેના મહત્વ વિશે વિગતવાર નોંધ લખો.

_____

_____

_____

_____

_____

_____

_____

_____

૨.સમ્રાટ અશોક અને ગુરુ નાનકદેવના જીવનચરિત્રોના આધારે વ્યક્તિત્વવિષયક ઇતિહાસલેખનની દૃષ્ટિ સમજાવો.

_____

_____

_____

_____

_____

૩.જીવનચરિત્ર સાહિત્યમાં રાજકીય, નૈતિક અને આધ્યાત્મિક તત્ત્વોનો સમાવેશ કેવી રીતે થાય છે? ઉદાહરણ સહિત વિસ્તૃત ચર્ચા કરો.

૪.જીવનચરિત્ર સાહિત્ય કેવી રીતે પ્રાચીન ભારતીય ઈતિહાસને સમજવામાં સહાયક બને છે? તેના શૈક્ષણિક અને સામાજિક મહત્વ વિષે લખો.

2.10. સંદર્ભ અને વિશેષ વાચન

- ઠાકોર, તી. શે. (૧૯૯૫). ભારતીય ઈતિહાસલેખનઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ
- શર્મા, આર. એસ. (૨૦૦૧). પ્રાચીન ભારતનો ઈતિહાસ. દિલ્હીઃ રાષ્ટ્રીય પુસ્તક વિભાગ.
- ઝા, વિજયશંકર. (૨૦૧૦). પ્રાચીન ભારતઃ એક સંક્ષિપ્ત ઈતિહાસ. ન્યુ દિલ્હીઃ ઓરિયન્ટ બ્લેકસ્વાન.
- શર્મા, આર. એસ. (૨૦૦૫). પ્રાચીન ભારતીય ઐતિહાસિક પરંપરા અને સંસ્કૃતિ. નવી દિલ્હીઃ મેકમિલન પબ્લિશર્સ.

- ધોળકિયા, જી. એમ. (૧૯૯૦). ઇતિહાસશાસ્ત્ર અને ઇતિહાસલેખન. રાજકોટઃ સરસ્વતી પબ્લિકેશન.
- सिंह, रमेशचंद्र. (२००७). भारतीय इतिहास लेखन की परंपरा. दिल्ली: ग्रंथशिल्पी प्रकाशन.
- त्रिपाठी, रामशरण. (२००३). प्राचीन भारत का इतिहास. वाराणसी: बनारस हिन्दू विश्वविद्यालय प्रकाशन.

એકમ - 3

ઈતિહાસલેખનના ઈસ્લામિક વિચારો અને તેના મુખ્ય લક્ષણો : ૧૨૦૦ થી ૧૫૨૬ સલ્તનત યુગ દરમિયાન

:: રૂપરેખા ::

3.0 પ્રસ્તાવના

3.1 સલ્તનત યુગ

3.1.1. અગ્રગણ્ય ઈતિહાસકારો

3.1.2. ચૌદમી સદીનું ઈતિહાસલેખન

3.1.3. ઈસામીનું વર્ણન

3.1.4. ઝિયાઉદ્દીન બરાણીની "તારીખ-ઈ-ફિરોઝશાહી"

3.1.5. ચૌદમી સદીના અંતના ઈતિહાસગ્રંથો

3.1.6. પંદરમી સદીના ઈતિહાસગ્રંથો

3.2 સારાંશ

3.3 ચાવીરૂપ શબ્દો

3.4 સ્વાધ્યાય

3.5 સંદર્ભ અને વિશેષ વાચન

3.0 પ્રસ્તાવના

ઈસવીસનની બારમી સદીના અંતે ઘોરીયોનાં (Ghori) ઉત્તર ભારતમાં થયેલા વિજયને ભારતીય ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ ઘટના માનવામાં આવે છે. કારણ કે આ વિજયના પરિણામે એક સ્વતંત્ર સલતનતની સ્થાપના થઈ, જે એક તરફ ભારતને વિદેશી સંસ્કૃતિઓ માટે ખુલ્લું બનાવી દે છે અને બીજી તરફ દેશને એક મજબૂત કેન્દ્ર હેઠળ એકતામાં બાંધે છે. આ સાથે પડોશી દેશોથી અનેક પ્રવાસીઓ ભારત આવ્યાં, જેમણે વિવિધ સાંસ્કૃતિક પરંપરાઓ સાથે ભારતમાં પ્રવેશ કર્યો. તેમની એક પરંપરા હતી ઈતિહાસલેખનની. આ મુસ્લિમ શાસકો દ્વારા ફારસી ભાષામાં લખાયેલો ઈતિહાસલેખનનું સાહિત્ય વિશાળ અને મહત્વપૂર્ણ છે. હકીકતમાં, મુસ્લિમ ઈતિહાસના અભ્યાસને ધાર્મિક ગ્રંથો અને કાનૂની વિદ્યા પછી જ્ઞાનનો ત્રીજો મહત્વપૂર્ણ સ્રોત માન્યો હતો.

૧૬મી સદીમાં મુઘલોના આગમન સાથે ઇતિહાસલેખનની પરંપરાએ નવા ઊંચાઈઓ પ્રાપ્ત કરી. મુઘલ યુગ દરમિયાન રાજ્ય દ્વારા ઇતિહાસલેખનને રાજ્યશ્રય આપવામાં આવ્યો અને લગભગ બે સદીઓ સુધી ચાલતું વિશાળ ફારસી ઇતિહાસસાહિત્ય આપણે મળે છે. આ એકમમાં આપણે સલતનત યુગ દરમિયાન થયેલ ઇતિહાસલેખનની પરંપરાનું વિશ્લેષણ કરીશું.

3.1 સલ્તનત યુગ

ભારતમાં આવેલા તુર્કોના ઇતિહાસ અંગે ફારસી ભાષામાં થયેલું પ્રારંભિક લખાણ ૧૨મી સદીમાં જોવા મળે છે. દિલ્હી સલ્તનતના સંદર્ભમાં જોવામાં આવે તો, સલ્તનતના અંત (૧૫૨૬) સુધી સતત ફારસી લખાણોની પરંપરા મળતી રહે છે. ઘણા લેખકો રાજદરબાર સાથે અધિકારી તરીકે જોડાયેલા હતા, જ્યારે કેટલાક સ્વતંત્ર વિદ્વાન હતા, જે કોઈ સત્તાવાર પદ સાથે જોડાયેલા ન હતા. સામાન્ય રીતે, ઉપલબ્ધ ઇતિહાસગ્રંથોમાં ઘટનાઓનું સત્તાવાર વર્ણન મળે છે, ન કે નીતિઓ અને ઘટનાનું ટીકાત્મક મૂલ્યાંકન.

રાજા બનેલા સુલતાન અંગે નકારાત્મક ઉલ્લેખ મળવો દુર્લભ છે. શૈલી પણ સામાન્ય રીતે પ્રશંસાત્મક કે ચાપલૂસીભરી હોય છે, ખાસ કરીને જે સુલતાનના શાસનકાળ દરમિયાન લખાયું હોય તેવા ગ્રંથોમાં જોવા મળે છે. જ્યાં સુધી પહેલાંના યુગના સંદર્ભ આવે, ત્યારે ઘણીવાર લેખકો અગાઉના ગ્રંથોમાંથી સામગ્રી ઉધાર લેતા હતા. આપણે જુદા જુદા ગ્રંથોના સંદર્ભમાં આ લેખકોને લાગેલાં મર્યાદાઓની ચર્ચા પણ કરી છે.

ઇતિહાસલેખન સંબંધિત ગ્રંથો સિવાય પણ આ સમયગાળા માટે ઘણા અન્ય ફારસી સાહિત્યના ગ્રંથો ઉપલબ્ધ છે. અબ્દુર રઝાકનું મત'લૌસ-સદૈન (પ્રવાસ વાર્તા), તૂસીનું સિયાસતનામા (પ્રશાસન અને રાજનીતિ) અને ફખ્ર-ઈ-મુદબ્બિરનું ''અદાબુલ-હરબ વાસ-શુજાત'' (યુદ્ધકલાનું વર્ણન) અમુક મહત્વપૂર્ણ કૃતિઓમાં આવે છે. આ સમયગાળા માટે અમુક અરબી ભાષાના ગ્રંથો પણ ઉપલબ્ધ છે. ઈબ્ન બતૂતાનું ''રેહલા'' અને શિહાબ-ઉદ્-દીન અલ-ઉમરીનું ''મસાલિક અલ-અબ્સાર મમાલિક અલ-અંસાર'' ઉત્તમ પ્રવાસ વર્ણન આપે છે. અહીં આપણે સમગ્ર સલ્તનત યુગ દરમિયાનના ઇતિહાસલેખનનો અભ્યાસ જુદા જુદા ઉપવિભાગોમાં કરીશું.

3.1.1 અગ્રગણ્ય ઇતિહાસકારો

ઇતિહાસલેખનમાં પહેલો પાયાની ભૂમિકા ભજવનાર મહંમદ બિન મન્સૂર હતો, જેને ફખ્ર-ઈ-મુદબ્બિર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેણે ગજનીમાંથી લાહોર તરફ સ્થાનાંતરણ કર્યું હતું, જે ત્યારે ગજની યુગના અંતિમ સમયગાળામાં હતું. લાહોરમાં તેણે ''શજરા-ઈ-અન્સાબ'' નામે પુસ્તક સંકલિત કર્યું હતું, જેમાં ઇસ્લામના પ્રણેતાના

વંશાવળી, તેમના સાથીઓ અને મુસ્લિમ શાસકોની વંશાવળીઓ સમાવિષ્ટ છે - જેમાં સુલતાન મુઈઝુદ્દીન મહંમદ બિન સામ (જેને સામાન્ય રીતે સુલતાન શહાબુદ્દીન મહંમદ ગોરી તરીકે ઓળખવામાં આવે છે)ના પૂર્વજો પણ આવરી લેવાયા છે.

લેખક આ ગ્રંથ સુલતાનને અર્પણ કરવા માંગતો હતો, પરંતુ પંજાબથી ગજની જતા સુલતાનની ૧૨૦૬માં હત્યા થતા, ફખ્ર-ઈ-મુદબ્બિરે આ ગ્રંથમાં "મુકદ્દિમા" (પ્રસ્તાવના) સ્વરૂપે એક અલગ વિભાગ ઉમેર્યો. આ પ્રસ્તાવના કુતુબુદ્દીન ઐબકના જીવન અને લશ્કરી કાર્યોનું વર્ણન કરે છે, જે ૧૧૯૨ માં કુહરામ અને સુનમના સિપહસાલર તરીકે ભારતમાં નિયુક્ત થયા ત્યારથી ૧૨૦૬ માં લાહોરમાં ગાદી પર બેસવા સુધીના સમયગાળામાં જોવા મળે છે. આ ગોરી વિજય અને ભારતમાં સ્વતંત્ર સલતનતની સ્થાપનાનો પ્રથમ ઐતિહાસિક વર્ણન છે.

આ કૃતિ સુલતાન મુઈઝુદ્દીન મહંમદ બિન સામના ઉત્તમ ગુણોના વર્ણનથી શરૂ થાય છે, પરંતુ ભારતમાં મળેલા વિજયનો શ્રેય કૂત્બુદ્દીન ઐબકને અપવામાં આવ્યો છે. સુલતાનના નેતૃત્વ હેઠળ થયેલા અભિયાનની વિગતોમાં પણ એનો ઉલ્લેખ વિજયી તરીકે નથી કરાયો. તેમ છતાં, ફખ્ર-ઈ-મુદબ્બિરે ઐબક દ્વારા સિંહાસન પર બેસતા પહેલા હિંદુ મુખ્યો સાથે અપનાવેલી સમરસતાની નીતિ અંગે આપેલી વિગતો રસપ્રદ છે. ઐબકે આવા મુખ્યોને મિત્રરૂપે વ્યવહાર કરીને એક ઉમદા ઉદાહરણ સ્થાપ્યું, જેને તેના ઉત્તરાધિકારીઓએ અનુસર્યું. શંકા નથી કે ફખર-ઈ મુદબ્બિર એ સમયના સત્તારૂઢ સલ્તનતની પ્રશંસા કરીને ઈનામ મેળવવાની આશાથી આ કૃતિ રચી હતી, છતાંયે તેણે પસંદ કરેલા ઐતિહાસિક સામગ્રી એ ઐતિહાસિક દૃષ્ટિને દર્શાવે છે. લાહોરમાં કૂત્બુદ્દીન ઐબકના સિંહાસનારૂઢ થયા પછી તેણે જે વહીવટી સુધારાઓ અમલમાં મૂક્યા તે ઉપરાંત, ફખર-ઈ મુદબ્બિર એવી વિધિઓની પણ વિગતો આપે છે કે જેમને પ્રતિકાત્મક મહત્વ હતું.

ઉદાહરણ તરીકે, કૂત્બુદ્દીન ઐબકના લાહોરના સિંહાસન પર આરૂઢ થવાના પ્રસંગે લોકો દ્વારા જાહેર નમન કરવામાં આવ્યું હતું તેની માહિતી આપનાર ફખર-ઈ મુદબ્બિર પ્રથમ ઐતિહાસિક છે. તે કહે છે કે ૧૨૦૬માં જ્યારે કૂત્બુદ્દીન ઐબક દિલ્હીથી લાહોર આવ્યો ત્યારે સમગ્ર લાહોરની પ્રજા બહાર આવીને તેને પોતાના નવનિયુક્ત સુલતાન તરીકે નમન કરવા આવી હતી. આ વિધિ ખરા અર્થમાં સુલતાનના સત્તાના દાવાને વ્યવહારુ માન્યતા આપતી હતી. તેટલું જ મહત્વપૂર્ણ એ છે કે કૂત્બુદ્દીન ઐબક દ્વારા અમલમાં મૂકાયેલા વહીવટી સુધારાઓ અંગે મળતી માહિતી તેણે યોગ્ય વ્યક્તિઓને પૂર્વે આપેલા ભૂદાન નવનવાઈ કરી અને અન્ય લાયક વ્યક્તિઓ માટે જાળવણી ભથ્થાં નક્કી કર્યા. ઉપરાંત, ખેડૂતો પાસેથી કે

જબરદસ્તી મજૂરીથી અધિકારીઓ દ્વારા એકત્ર કરાયેલ ગેરકાયદેસર આવક રદ કરવામાં આવી.

ફખર-ઈ મુદબ્બિર એ પણ માહિતી આપે છે કે રાજ્યએ ખેતીમાંથી એક પાંચમું ઉત્પાદન જમીનવિમો તરીકે વસૂલતું હતું. ટૂંકમાં, આ ભારતમાં ઘુરી વિજય અને કૂત્બુદ્દીન ઐબકના શાસનકાળની પ્રથમ ઐતિહાસિક કૃતિ છે. તેની મહત્તા ધ્યાનમાં રાખીને અંગ્રેજ પંડિત ઈ. ડેનિસન રોસે ૧૯૨૭માં આ કૃતિને "શજરા-ઈ અંસાબ"ના હસ્તલિખિત પાંદડામાંથી અલગ કરી, તેનું સંશોધિત સંસ્કરણ સંપાદન કરીને પોતાનું અંગ્રેજી પરિચયસહિત "તારીખ-ઈ ફખરુદ્દીન મુબારકશાહ" નામે પ્રકાશિત કર્યું.

ફખર-ઈ મુદબ્બિરનું બીજું એક મહત્વપૂર્ણ પુસ્તક ''અદાબુલ હરબ'' છે, જે સુલતાન શમ્સુદ્દીન ઈલ્તુત્મિશને અર્પિત છે. આ કૃતિ ઐતિહાસિક લેખનશૈલીમાં એપિસોડિક (ઘટનાઓ આધારિત) સ્વરૂપે લખાયેલી છે. તેમાં રાજાની ફરજો, રાજ્યના વિભાગોની કાર્યપ્રણાલી, યુદ્ધની રણનીતિઓ, યુદ્ધની પદ્ધતિઓ, યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા ઘોડાઓ અને તેમની સારવાર અંગેના અધ્યાયો સમાવિષ્ટ છે. પોતાના મુદ્દાને વધુ સ્પષ્ટ બનાવવા માટે લેખકે અનેક મહત્વપૂર્ણ ઘટનાઓને સમાવિષ્ટ કરી છે, જેમના મોટાભાગના ઉદાહરણો ગઝનવી યુગની ઐતિહાસિક ઘટનાઓ સાથે સંબંધિત છે.

ગૌરિઅન વિજય અને સલતનત સમયની બીજી મહત્વપૂર્ણ ઐતિહાસિક કૃતિ છે. તાજુલ મા'આસિર. તેના લેખક હસન નિઝામી નશાપૂરમાંથી ભાગ્ય શોધવા ભારત આવ્યા હતા. તેઓ દિલ્હીમાં કૂત્બુદ્દીન ઐબકના સિંહાસન પર આરૂઢ થવાના પહેલા ક્યારેક વસ્યા હતા. દિલ્હીમાં તેમણે કૂત્બુદ્દીન ઐબકના ૧૨૦૬માં તખ્ત પર બેઠા પછીના કાર્યોનો ઈતિહાસ તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો. આ કૃતિ લખવાનો ઉદ્દેશ રાજાશ્રય મેળવવાનો હતો. હસન નિઝામી એક સાહિત્યપ્રવીણ તથા અરબી અને ફારસી કાવ્યશૈલીના કોશલમાં નિષ્ણાત હતાં. તેથી તેમણે સાહિત્યસૌંદર્ય માટે ઉપમા, રૂપક અને અલંકારોનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. જો આ શબ્દાડંબરો અને ફાલતુ વિગતો દૂર કરવામાં આવે તો પણ ઐતિહાસિક મુદ્દો બાકાત ન રહે અને પુસ્તકનું અડધું કદ થઈ શકે તેમ છે.

અજ્ઞાત લેખકના અભિગમની વાત કરીએ તો, તેણે પોતાની કથાનું પ્રારંભના જન્મસ્થળ નિશાપુરમાં વિતાવેલા જીવનના ઉતાર-ચઢાવના વર્ણનથી કર્યો છે. ત્યારબાદ તેનું ગઝના પ્રત્યેનું પ્રવાસ વર્ણવ્યું છે જ્યાં તે બીમાર પડ્યો અને પછી ભારત તરફનો પ્રવાસ કર્યો. ઉપોદ્ઘાત પછી તુરંત તૈરૈનની બીજી લડાઈ (૧૧૯૨) નું વર્ણન આવે છે. પ્રથમ તૈરૈનની લડાઈનો કોઇ ઉલ્લેખ નથી જેમાં પૃથ્વીરાજ ચૌહાણે

મુઈઝુદ્દીન મોહમ્મદ બિન સામને હરાવ્યો હતો. તેમ છતાં, વર્ષ ૧૧૯૨ થી ૧૧૯૬ સુધીના તમામ ઐતિહાસિક ઘટનાઓનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

આ પછી હસન નિઝામી એક લાંબા સમય સુધીની ઘટનાઓને છોડીને સીધો ૧૨૦૨ ઈ.સ. સુધી પહોંચે છે અને કુત્બુદ્દીન ઐબક દ્વારા આ સમયગાળામાં લડવામાં આવેલ લડાઈઓ તથા વિજયોની કોઈ ચર્ચા નથી કરતો. સંભવતઃ ૧૨૧૦માં ઐબકના આકસ્મિક મૃત્યુ પછી ઉદ્ભવેલી અશાંતિપૂર્ણ પરિસ્થિતિઓથી નિરાશ થઈને લેખકે લેખન થંભાવી દીધું હોઈ શકે છે. બાદમાં જ્યારે ઈલ્તુતમિશે પોતાની શાસનશક્તિને મજબૂત બનાવી, ત્યારે હસન નિઝામી ફરીથી પોતાના ગ્રંથને આગળ વધારવાનો નિર્ધાર કર્યો. આ વખતે તેણે ૧૨૦૩થી કથાનું પુનઃ પ્રારંભ કર્યું કારણ કે આ સમયગાળામાં ઈલ્તુતમિશ કુત્બુદ્દીન ઐબકના મુખ્ય સેના અધિકારીઓમાં સ્થાન પામ્યો હતો અને તમામ લડાઈઓમાં ભાગ લેતો હતો.

લેખક દ્વારા ૧૧૯૭માં બડાઉનની જીત તેમજ ૧૧૯૮માં કન્નૌજ અને ચંદવારના અધિકમણનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તેમ છતાં, ઈલ્તુતમિશના વખાણમાં ઓઢેલા પ્રતિકારક ઉક્તિઓ હોવા છતાં, આ વાત સ્વીકારવી પડે કે લેખકે જે પણ ઘટનાનું વર્ણન કર્યું છે તે માટે તેમણે પ્રમાણભૂત માહિતી એકત્ર કરી હતી. આ સિવાય, હસન નિઝામી એ પણ વર્ણવવામાં નિષ્ફળ રહ્યો છે કે કેટલાય સ્થાનિક રાજાઓ જેમણે ઐબકના શાસનને સ્વીકાર્યું હતું તેઓની સાથે ઐબક કેટલા સદ્ભાવપૂર્ણ રીતે વર્ત્યો હતો તેની કલમની શૈલી ઘણી વખત અત્યંત સંક્ષિપ્ત હોય છે અને કેટલીકવાર માત્ર પ્રતિકાત્મક જ હોય છે. ઉદાહરણ તરીકે, જ્યારે તે હિન્દુ રાજાઓની સુલતાનના દરબારમાં હાજરી આપે છે ત્યારે ફક્ત એટલું લખે છે કે, "સૌભાગ્યશાળી દરબારનું કાર્પેટ ભારતમાં રાજાઓ માટે ચુંબનસ્થળ બની ગયું." તેજ પ્રમાણે, નોકરીદારોની કોઈ જીવનચરિત્ર વિગતો આપવામાં આવી નથી - જ્યારે એમાંથી ઘણાઓ સુલતાનતના સ્થાપક તરીકે જાણીતા હતા. તજુલ મઆસિરના તમામ પાંડુલિપિ પ્રતિઓ, જે ભારતમાં અને વિદેશમાં ઉપલબ્ધ છે, તે ઈલ્તુતમિશ દ્વારા ૧૨૧૭માં લાહોર પર કબ્જા કરવાથી અંતે સમાપ્ત થાય છે.

મિહાજ સિરાજ જુઝજાની દ્વારા લખાયેલ તબકાત-ઈ-નાસીરીનો સંગ્રહ ઇતિહાસલેખનના ઇતિહાસમાં એક યુગપ્રેરક ઘટના સાબિત થઈ હતી. મિહાજ સિરાજ જુઝજાની (આગળ મિહાજ તરીકે ઉલ્લેખિત) પણ ખોરાસાનથી ભારત આવેલા વિદ્વાન મહેમાન હતા. તેમણે ઇસ્લામ અને મુસ્લિમ શાસકોના પ્રાચીન યુગથી લઈને પોતાના સમય (ઈ.સ. ૧૨૫૯) સુધીના ઇતિહાસને જે દૃષ્ટિકોણથી લેખબદ્ધ કર્યો છે, તે તેમના કાયદાશાસ્ત્રી તરીકેના વ્યાવસાયિક તાલીમ તથા મધ્ય એશિયા અને ભારતના શાસકો સાથેના જોડાણથી પ્રેરિત દેખાય છે. મિહાજ એવો પંડિત

પરિવારજનોમાંથી હતો જેમણે ફેરોઝકોહ અને ગઝનીના ગોરી સુલતાનોના દરબારોમાં સેવા આપી હતી. પોતે પણ ભારત આવવા પહેલાં વિવિધ ઘોરી રાજકુમારો અને અમીરોની સેવાઓમાં રહ્યા હતા. તેઓ ઈ.સ. ૧૨૨૭માં ભારતમાં આવ્યા અને નાસીરુદ્દીન કૂબાચાના દરબારમાં જોડાયા. તેમને ઉચ્ (સુલતાન નાસીરુદ્દીન કૂબાચાની રાજધાની) સ્થિત સરકારી ફિરૂઝી મદરસાના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા.

ઈ.સ.૧૨૨૮માં, જ્યારે કૂબાચાની શક્તિ નાશ પામી અને તેની સિંધ તથા મુલ્તાનની રાજ્યસીમાઓ દિલ્હી સુલતાનતમાં સામેલ થઈ ગઈ, ત્યારે મિહાજ સુલતાન ઈલ્તુતમિશની સેવામાં જોડાયા. તેમણે ગ્વાલિયર ખાતે કાઝી (ન્યાયાધિકારી) તરીકે સેવા આપી. સુલતાના રઝિયા (૧૨૩૬–૪૦) એ તેમને દિલ્હી બોલાવીને મદરસા-ઈ-નાસીરીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. આગળ ચાલી તેઓ સુલતાન નાસીરુદ્દીન મહેમૂદના શાસનકાળ દરમિયાન સમગ્ર સુલતાનતના મુખ્ય કાઝી (મુખ્ય ન્યાયાધિકારી) બની ગયા.

સુલતાન નાસીરુદ્દીન મહેમૂદના શાસનકાળ દરમિયાન મિહાજે પોતાના સમય સુધીના ઇસ્લામના ઇતિહાસને લખવાનો નિર્ણય કર્યો હતો. ફખ્ર-ઇ મુદબ્બિર અને હસન નિઝામી જેવી પૂર્વવર્તી રચનાઓથી પોતાનું કામ જુદું દેખાય તે માટે મિહાજે ઇતિહાસલેખનની તબકાત પદ્ધતિ અપનાવી. પહેલાના બે લેખકોએ પોતપોતાનું કાર્ય એક સ્વરૂપમાં રજૂ કર્યું હતું, જેમાં દરેક શાસનકાળને એક અલગ એકમ તરીકે વર્ણવવામાં આવ્યો હતો પરંતુ તબકાત પદ્ધતિમાં, દરેક શાસક વંશને અલગ-અલગ તબક્કા (અર્થાત વિભાગ) તરીકે રજૂ કરવામાં આવ્યો છે. મિહાજે આ રચનાને ઈ.સ. ૧૨૫૯માં પૂર્ણ કરી હતી.

ઇતિહાસના દૃષ્ટિકોણથી અંતિમ પાંચ વિભાગો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ વિભાગોમાં મધ્ય એશિયા, પર્સિયા, ભારતની શાસક વંશોનો ઉદય અને પતન તથા ચંગેઝ ખાને ઊભી કરેલી મંગોલ તાકાત વિશે અમૂલ્ય માહિતી આપવામાં આવી છે. નિઃસંદેહ, મિહાજ ઘોરના શાસક વંશ વિશેનો આપણો સૌથી પ્રાચીન અને શ્રેષ્ઠ સ્રોત છે. ઘોરના શાસકો અંગે તેનું વર્ણન નિષ્પક્ષતાપૂર્વક કરવામાં આવ્યું છે. તેમજ, ખ્વારિઝમ શાહી વંશના ઇતિહાસ અને ચંગેઝ ખાન તથા તેના તત્કાલીન ઉત્તરાધિકારીઓના રાજમાં મંગોલ શક્તિના ઉદય વિશેના વિભાગો એવી માહિતી આપે છે જે આતા મલિક જુવૈની અને રશિદુદ્દીન ફઝ્લુલ્લાહ જેવી વ્યક્તિઓની રચનાઓમાં મળતી નથી - કારણ કે તેમણે મંગોલ રાજકુમારોના આશ્રય હેઠળ લખ્યું હતું.

મિહાજનો હેતુ દિલ્હી સુલતાનતના જિજ્ઞાસુ વાચકોને મંગોલો દ્વારા મુસ્લિમ શાસકો પર પ્રાપ્ત વિજય તથા મુસ્લિમ નગરો અને કસ્બાઓના વિનાશ અંગે વિશ્વસનીય માહિતી પૂરી પાડવાનો હતો. તેણે અનેક સ્રોતોનો આધાર લીધો હતો, જેમાં તેઓ સામેલ હતા જેઓ મંગોલ શાસકો સાથે વેપાર સંબંધો ધરાવતા આવતા-જતાં વેપારીઓ અને વિસ્થાપિત લોકો હતા. અંતે, ભારત આવતાં પહેલાં મિહાજે ખુદ ખોરાસાનમાં મંગોલો સામે યુદ્ધનો સીધો અનુભવ મેળવ્યો હતો. આ કારણે, મિહાજનો અંતિમ તબક્કો આધુનિક વિદ્વાનો માટે અત્યંત અમૂલ્ય માનવામાં આવે છે - ખાસ કરીને મંગોલ તાકાતના ઉદય અને ૧૨૫૯માં મોન્ગે કાંખાનના મૃત્યુ પછી મંગોલ સામ્રાજ્યના વિઘટનને જે રીતે રજૂ કરે છે તે માટે.

ભારતને સમર્પિત તબકાત-ઈ-નાસીરીના વીસમા અને એકવીસમા વિભાગોમાં ક્રમશઃ ઐબકથી લઈને સુલતાન નાસીરુદ્દીન મહેમૂદ શાહ સુધીના સુલતાનોના ઇતિહાસ અને ઇલ્તુતમિશના મુખ્ય અમીરોના જીવનચરિત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ બંને વિભાગોમાં મિહાજે વિવિધ મુદ્દાઓ પર મહત્વપૂર્ણ માહિતી જણાવવાની પોતાની ક્ષમતા બતાવી છે.

એક ઇતિહાસકાર તરીકેની પોતાની ફરજથી સભાન રહીને, મિહાજે 'સૂક્ષ્મ રીતે સંકેત આપવાની' એક નવી પદ્ધતિ શોધી કાઢી હતી. એ પદ્ધતિમાં તે રાજા કે તેના પિતા પર સીધો આક્ષેપ કર્યા વગર, નમ્ર સંકેતો કે વચ્ચેના લખાણ દ્વારા પોતાની ટીકા દર્શાવે છે. કારણ કે ઇલ્તુતમિશ પર સીધા આક્ષેપ શક્ય ન હતા - કેમ કે તેનો પુત્ર નાસીરુદ્દીન મહેમૂદ તેનો વારસદાર સુલતાન હતો - તેથી મિહાજે ઇલ્તુતમિશની ટીકા એવા રૂપે કરી કે તે તેના સ્પર્ધકોની, જેમ કે બિહાર અને બંગાળના સુલતાન ગિયાસુદ્દીન ઇવાજ ખલજી અને સિંધ તથા મુલ્તાનના સુલતાન નાસીરુદ્દીન કૂબાચાની ઉજ્વલ ગુણવત્તાઓને હાઇલાઇટ કરે છે. આ જ રીતે, મિહાજ કેટલાક અમીરોને દુર કરવાની નીતિ પર પણ સંકેત આપે છે. મલિક સઈફુદ્દીન ઐબકની પ્રશંસા કરતા કહે છે કે, એક ખરા ભક્ત મુસલમાન તરીકે, તે અમીર તે કાર્યથી અસહમતિ રાખતો હતો જેમાં સુલતાનના આદેશથી મોતને ભેટેલા અથવા હત્યા કરાયેલા અમીરોના સંતાનો પાસેથી તેમની મિલકતો જપ્ત કરવામાં આવતી હતી. મિહાજની આ ઐતિહાસિક સંવેદનશીલતા એટલી અસરકારક હતી કે ઝિયાઉદ્દીન બરાણી (ઢૈટ્ઠેક્ષ્ઠક્ષૈહ મ્ટ્ઠટ્ટિેહૈ) એ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. બરાણીએ એવું માન્યું કે તબકાત-ઈ-નાસીરીમાં આવરી લેવાયેલા સમયગાળાના ઇતિહાસ પર પોતે લખવા જતું મોટપ ગણાય. તેથી તેણે પોતાના વર્ણનની શરૂઆત સુલતાન ગિયાસુદ્દીન બલબનની શાસનાવધિથી કરવાનું પસંદ કર્યું.

3.1.2 ચૌદમી સદીનું ઇતિહાસલેખન

ચૌદમી સદીમાં ખલજી અને તુગલક સુલતાનોના ઇતિહાસ ઘણા વિદ્વાનો દ્વારા લખાયા હોય એવું જણાય છે. ઝિયાઉદ્દીન બરાણીએ સુલતાન અલાઉદ્દીન ખલજીના શાસનકાળની અધિકૃત ઐતિહાસિક રચનાનું ઉલ્લેખ કર્યો છે, જેને કબીરુદ્દીન (તજુદ્દીન ઇરાકીનો પુત્ર) દ્વારા લખવામાં આવી હતી, પરંતુ આ કૃતિ હવે ઉપલબ્ધ નથી.

આમિર ખુશરોએ પણ ખઝાઇનુલ ફતૂહ નામે અલાઉદ્દીન ખલજીની સિદ્ધિઓને સમર્પિત કૃતિ તૈયાર કરી હતી. ખુશરોએ ઇતિહાસ સંબંધિત પાંચ મસનવીઓ (કાવ્યરૂપ રચનાઓ) પણ રચી હતી, જેમાં દરેકમાં ઐતિહાસિક ઘટનાઓને પદ્યમાં વર્ણવવામાં આવી છે તથા છતાં, ન તો ઝિયાઉદ્દીન બરાણી અને ન તો આધુનિક વિદ્વાન પીટર હાર્ડી આમિર ખુશરોને ઇતિહાસકાર તરીકે સ્વીકારે છે. તેઓ ખુશરોની કૃતિઓને સાહિત્યિક કૃતિઓ તરીકે માને છે, ન કે ઐતિહાસિક દસ્તાવેજ તરીકે,ચૌદમી સદીની જે કેટલીક કૃતિઓ આજે પણ ઉપલબ્ધ છે, તેમાં ઇસામીની ફતૂહ ઉસ સલાતીન (૧૩૫૦), ઝિયાઉદ્દીન બરાણીની તારીખ-ઈ-ફિરૂઝશાહી (૧૩૫૭), અજ્ઞાત લેખકની સીરત-ઈ-ફિરૂઝશાહી (૧૩૭૦–૭૧) અને શમ્સ સિરાજ અફીફની તારીખ-ઈ-ફિરૂઝશાહી (અંદાજે ૧૪૦૦) મહત્વપૂર્ણ ઐતિહાસિક કૃતિઓ માનવામાં આવે છે. આ ચૌદમી સદીની કેટલીક ઐતિહાસિક રચનાઓને અલગથી વિશ્લેષિત કરવાની જરૂર છે.

3.1.3 ઇસામીનું વર્ણન

ઇસામીની કૃતિ ‘ફતૂહ ઉસ સલાતીન’ એ ભારતના મુસ્લિમ શાસકોનો પદ્યરૂપ ઇતિહાસ છે. આ કૃતિ સુલતાન મહમૂદ ગઝનવીના શાસનકાળ (ઈ.સ. ૯૯૯–૧૦૩૦) થી શરૂ થાય છે અને ઈ.સ. ૧૩૫૦માં દક્ષિણ ભારતમાં અલાઉદ્દીન બહમન શાહ દ્વારા બહમની સુલતાનતની સ્થાપના સુધી આવે છે. અલાઉદ્દીન બહમન શાહે સુલતાન મહમૂદ તુગલકના વિરુદ્ધ બગાવત કરીને આ સુલતાનત સ્થાપી હતી.

મૂડીવાદના વિકાસની શોધ કરતાં તેનું સ્પષ્ટીકરણ માર્કસને ઈતિહાસના પાનાઓમાંથી મળે છે. ઈતિહાસનું આર્થિક અર્થઘટન અથવા તો તેની ભૌતિકવાદી વિચારણા જે સામ્યવાદનો બીજો મહત્વનો સિદ્ધાંત છે. મનુષ્યના ઈતિહાસને તેના યર્થાથ રૂપમાં સમજવા તથા આલેખવા માટે ભૌતિક જગતને નજર સમક્ષ રાખવામાં આવે તે જરૂરી છે તેમ તેઓ માને છે. માર્કસ કહે છે કાનૂની સબંધો તથા સાથે સાથે રાજયના સ્વરૂપને ન તો સ્વયં સમજી શકાય છે ન તો મનુષ્ય અસ્તિત્વની સામાન્ય પ્રગતિ દ્વારા તેની વ્યાખ્યા બાંધી શકાય છે પરંતુ તે તો જીવનની ભૌતિક અવસ્થાઓના મૂળમાં સ્થિર થાય છે. ભૌતિક જીવનમાં ઉત્પાદનની પદ્ધતિ જીવનના સામાજિક, રાજકીય તાત આધ્યાત્મિક પદ્ધતિઓના સામાન્ય સ્વરૂપને નક્કી કરે છે. કોઈપણ દેશના ઈતિહાસને સમજવા માટે રાજકીય સંસ્થાઓ તેની સામાજિક અવસ્થા, વ્યાપાર તથા ઉદ્યોગ, કળા તથા તત્વજ્ઞાન, રીત-રિવાજો તથા પ્રથાઓ, ધર્મ તથા નૈતિકતા વગેરે જીવનની બૌદ્ધિક અવસ્થાઓ દ્વારા નક્કી થાય છે. ભૌતિક અથવા આર્થિક અવસ્થાથી તે વાતાવરણ, ઉત્પાદન, વિતરણ અને વિનિમયનો ઉલ્લેખ કરે છે. આ સર્વમાં ઉત્પાદન વધારે મહત્વનું પરિબળ છે.

અત્યાર સુધી દેશના ઇતિહાસને માત્ર રાજકીય દૃષ્ટિકોણથી જ આલેખવામાં આવતો હતો. રાજકીય બનાવો, વ્યક્તિગત મહત્વાકાંક્ષાઓ રાજદ્વારી કાવાદાવાઓ તથા છળકપટ જ ઐતિહાસિક કારણ તરીકે આગળ ધરવામાં આવે છે. ઇતિહાસને માત્ર રાજકીય દૃષ્ટિથી તપાસવાની આ પદ્ધતિને સ્થાને તેના યથાર્થ દર્શન માટે માર્કસ આર્થિક અર્થઘટનની વાત રજૂ કરે છે. મનુષ્ય ઇતિહાસને સમજવા માટેનું આ એક જ નવું જ ચિંતન માર્કસ દર્શાવે છે. મનુષ્યના ઇતિહાસનું દર્શન આર્થિક પરિબળોના સંદર્ભમાં જ કરવામાં આવવું જોઈએ. ઉદાહરણ તરીકે, ગ્રીક નગર રાજ્યોનું એશિયા માયનોરના પશ્ચિમ કિનારા પરના સમુદ્ર નગર ટ્રોય પરનું આક્રમણ માત્ર રાજકુમાર પેરીસ દ્વારા અપહૃત કરવામાં આવેલ હેલનના કારણે કરવામાં આવ્યું હતું પરંતુ ગ્રીક સંસ્થાનવાદના વ્યાપાર, વિકાસના માર્ગમાં ટ્રોયનું અસ્તિત્વ વિઘ્ન જેવું હોઈને તેના પર બધા ગ્રીક નગર રાજ્યોએ આક્રમણ કર્યું હતું. ટ્રોય પરના આક્રમણના ઐતિહાસિક બનાવની યર્થાથ મુલવણી તો વ્યાપારીકરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવવી જોઈએ. રામ-રાવણ વચ્ચેનું યુદ્ધ પણ આર્યોના વિસ્તારવાદનું પરિણામ જ હતું અને નહિ કે માત્ર સીતાના અપહરણનું. અમેરિકાના આંતરવિગ્રહના પાયામાં પણ ગુલામીનું અર્થકારણ જ પડેલું હતું.

ઇતિહાસના આર્થિક અર્થઘટનના સિદ્ધાંતને આધારે સમાજના વિકાસના તબક્કોઓને સમજાવવામાં આવે છે. પ્રાચીન સમાજ વ્યવસ્થા, સામંતશાહી સમાજ વ્યવસ્થા અને મૂડીવાદી વ્યવસ્થાને આર્થિક વિકાસ પર મૂલવવામાં આવે છે. સામાજિક સંગઠનની આ વિવિધ અવસ્થાઓ તે તે યુગની આર્થિક પરિસ્થિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. ૧૯મી સદીમાં જયારે વ્યાપારી ક્રાંતિના પરિણામ સ્વરૂપ આર્થિક ઉત્પાદનની પ્રક્રિયામાં અસાધારણ પરિવર્તન આવ્યું. જયારે સમાજનું વિભાજન બે વર્ગોમાં થયું. આ બંને વિભિન્ન વર્ગોમાંથી મૂડીવાદીઓનો વર્ગ ઉત્પાદન સાધનોનો માલિક છે. જયારે મજદૂર સંપત્તિહીન અવસ્થામાં જીવે છે. વર્તમાન સમયની રાજકીય, આર્થિક, સામાજિક અવસ્થાને માટે આ બંને વચ્ચેના સબંધોને નજર સમક્ષ રાખવામાં આવવો જોઈએ. માર્કસ જે ક્રાંતિની આગાહી કરે છે તે આ મૂડીવાદીઓ વિરુદ્ધની સર્વસુધારણા મજદૂરોના વર્ગની ક્રાંતિ છે. આ ક્રાંતિ સમાજવાદી રાજયની સ્થાપના કરશે.

8.1.3 મૂડીના કેન્દ્રીકરણનો સિદ્ધાંત

મૂડી કેવી રીતે થોડીક વ્યક્તિઓના હાથમાં કેન્દ્રિત થાય છે. તે અંગેનો પણ ઉલ્લેખ માર્કસે કર્યો છે. મૂડીવાદી વ્યાપાર વિસ્તારવાદી હોય છે, પરંતુ માર્કસે મૂડીવાદી વ્યાપારની વૃદ્ધિ તથા વિસ્તારની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને એ વાતની

પ્રતીતિ કરી હતી કે લાંબે ગાળે મૂડીવાદી વ્યાપાર તથા ઉદ્યોગના ક્ષેત્રે સ્વતંત્ર સ્પર્ધાનું સ્થાન કાર્ટલ કે ટ્રસ્ટ જેવા કેન્દ્રિત ઔદ્યોગિક સાહસો લેશે. ઔદ્યોગિક ક્ષેત્રે દરમિયાન થતી એકહથ્થું વ્યવસ્થા મૂડીવાદીઓની સંખ્યામાં ઘટાડો લાવશે અને આવી રીતે મૂડી અથવા સંપત્તિ માત્ર મુઠ્ઠીભર વ્યક્તિઓના હાથમાં કેન્દ્રિત થશે. સંપત્તિના આ કેન્દ્રિયકરણને કારણે જે મૂડીવાદીઓ ઉદ્યોગ તથા વ્યાપારના ક્ષેત્રેથી બહાર ફેંકાઈ જશે તેઓનો સમાવેશ કામદાર વર્ગમાં થશે. આ પ્રક્રિયા સમાજના વર્ગ સંઘર્ષોને તીવ્ર બનાવશે અને અંતે તે સ્વયં મૂડીવાદી વ્યવસ્થાના નાશનું કારણ બનશે.

માર્કસે મૂડીના કેન્દ્રીયકરણનો સિદ્ધાંત માત્ર ઉદ્યોગના ક્ષેત્રે જ નહી પરંતુ ખેતીના ક્ષેત્રે પણ લાગુ કર્યો છે. ખેતીના ક્ષેત્રે પણ મૂડીના કેન્દ્રિયકરણને કારણે ઉદ્ભવતી પરિસ્થિતિ ધ્યાનમાં લઈને માર્કસે મૂડીવાદી વ્યવસ્થાના અંતની ભવિષ્યવાણી ભાખી છે.

8.1.4 વર્ગ સંઘર્ષનો સિદ્ધાંત

સમગ્ર મનુષ્યની સભ્યતાનો ઈતિહાસ વર્ગ સંઘર્ષનો સાક્ષી છે. સમાજની આદિ અવસ્થાથી સમાજ વિભિન્ન વર્ગો વચ્ચે વિભક્ત અવસ્થામાં રહ્યો છે. બીજી વિકાસના સાધનો મેળવવાની જુદી જુદી રીતોએ સમાજના આ વિભાજનને સંભવિત બનાવ્યું છે. વિભક્ત સમાજના આ વિવિધ વર્ગો વચ્ચે ક્રમશઃ વર્ગ સભાનતા (Class Conscionsness) ઉદ્ભવે છે અને બળતર બને છે. આર્થિક હિતોની અસમાનતાને કારણે ઉદ્ભવેલી આ વર્ગ સભાનતા વર્ગ સંઘર્ષને પ્રોત્સાહિત કરે છે. વર્તમાન સમાજનો અત્યાર સુધીનો સમગ્ર ઈતિહાસ વર્ગ સંઘર્ષનો ઈતિહાસ છે. ભલે પછી તે ગ્રીક સમયના માલિક તથા ગુલામ, રોમન સમયના પેટ્રોશિયન તથા પ્લેબિયન મધ્યકાલીન સમયના સામંત તથા રાઈ (ભૂદાસો) અથવા આધુનિક યુગના ઉત્પાદન અને કામદાર વચ્ચેના સંઘર્ષના રૂપમાં જુએ છે. ફ્રાન્સની ક્રાંતિ એ સુશિક્ષિત તથા સાધનયુક્ત લોકોની સામંતશાહી પ્રથા વિરુદ્ધની ક્રાંતિ હતી. ૧૯મી સદીની અન્ય યુરોપીય ક્રાંતિઓનું સ્વરૂપ પણ આવું જ હતું. જો કે આ ક્રાંતિઓથી રાજ્ય સત્તા લોકોના હાથમાં જ આવી.

સઘળા સામાજિક પરિવર્તનમાં મુખ્યત્વે આર્થિક વર્ગ-સંઘર્ષ દરરોજ થયા કરે છે. ઉત્પાદનની દરેક પ્રથાએ સમાજને બે વિભિન્ન વર્ગોમાં વિભક્ત કર્યો છે. શોષક તથા શોષિત. એ બંને નિરંતર એકબીજાના વિરોધમાં રચ્યાપચ્યા હોય છે. તેઓ વચ્ચે અવિરતપણે વર્ગ સંઘર્ષની અવસ્થા પ્રવતર્તી હોય છે. કોઈકવાર આ યુદ્ધ ખુલ્લી રીતે ખેલાય છે તો કોઈકવાર ગુપ્ત રીતે, પરિવર્તનની ક્ષણે આ સમાજમાં અંતે મૂડીવાદીઓનો નાશ થશે. તેવી માર્કસની શ્રદ્ધા છે. મૂડીવાદીઓ સ્વય પોતાના

વિનાશના સાધન હોય છે. રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય ધોરણે મજદૂર વર્ગ મૂડીવાદીઓનો હાથમાં રાજકીય તથા આર્થિક સત્તા ઝુંટવી લેશે. અંતે ક્રાંતિના પરિણામ સ્વરૂપ જે સમાજ અસ્તિત્વમાં આવશે તે વર્ગહીન (classless) શોષણહીન, રાજ્યહીન, સમાજહીન થશે.

- **દ્વંદ્વાત્મક ભૌતિકવાદનો સિદ્ધાંત**

સમાજવાદ એ સામાજિક વિકાસનું પરિણામ છે. સાહિત્યવાદી સમાજ વિકાસની મંઝિલ છે પરંતુ સમાજ આ વિકાસ કેવી રીતે શક્ય બન્યો ? આ સમસ્યાનો સંતોષકારક પ્રત્યુત્તર માર્કસ દ્વંદાત્મક ભૌતિકવાદની વિચારણા દ્વારા આપે છે. સમાજવાદી વિકાસના દર્શનનો આધાર દ્વંદાત્મક ભૌતિકવાદ છે.

દ્વંદાત્મક એટલે શું ? દ્વંદાત્મક શબ્દનો અંગ્રેજી પર્યાય Dialectic છે. Dialectic ગ્રીક શબ્દ Dialog પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ થાય છે વાદ વિવાદ, વાદવિવાદમાં બે પક્ષો હોત તે સ્વાભાવિક છે. એક પક્ષ જે પ્રતિપાદન કરતો હોય અને બીજો પક્ષ જે પ્રતિપાદિત વસ્તુનો વિરોધ કરતો હોય, આ બંને પક્ષો વચ્ચેનું દ્વંદ અવિરતપણે ચાલતું હોય છે. જેમાંથી નવી સમન્વયની ભૂમિકા જન્મે છે. માર્કસની આ દ્વંદાત્મક ભૌતિકવાદની વિચારણા પર હેગલાની દ્વંદાત્મક વિચારણાનો ગાઢ પ્રભાવ પડ્યો છે.

માનસ જગતના ક્ષેત્રે Dialeotic નો ખ્યાલ હેગલે વિકસાવ્યો છે. મનુષ્યની વિચારણા કાયમી તથા સમાન હોતી નથી. મનુષ્યનું મન હંમેશા ગતિશીલ હોય છે. મનુષ્યના મનમાં કોઈ એક પળે એક વિચાર ઉદ્‌ભવે છે તરત જ બીજી ઘડીએ તે વિચારના સબંધમાં વિરોધી વિચાર ઉદ્‌ભવે. બંને વિચારો વચ્ચેના સંઘર્ષના પરિણામે સમન્વય વિચાર અસ્તિત્વમાં આવે છે. મૂળ વિચારવાદ (Thesis) પ્રતિવાદ વિચારને (Anti-Thesis) તથા મૂલવિચારના અને પ્રતિવાદ વિચાર બંને વચ્ચેના સમાધાનકારી વિચારને (Synthesis) કહેવામાં આવે છે.

પ્રાચીન સમાજની વર્તમાન સમાજ સુધીની સમાજની વિકાસયાત્રાને માટે માર્કસ દ્વન્દાત્મક ભૌતિક્વાદનો આશ્રય લે છે. પ્રાચીન સમાજમાંથી સામંતશાહી સમાજમાંથી મૂડીવાદી સમાજ, મૂડીવાદી સમાજમાંથી સમાજવાદી-સામ્યવાદી સમાજ સુધીના વિકાસને દ્વંદાત્મક ભૌતિકવાદના સિદ્ધાંતના સહારે સમજાવવાનો માર્કસે પ્રયાસ કર્યો છે. મનુષ્યની અપૂર્ણતા તેની સંસ્થાઓ તથા વ્યવસ્થાઓમાં અભિવ્યક્તિ થાય છે. પ્રાચીન સમાજ પણ પૂર્ણ ન હતો. આથી પ્રાચીન સમાજમાં જોવા મળતી આર્થિક વ્યવસ્થા પણ ત્રુટિયુક્ત હોઈને તેનો વિરોધ ઉદ્‌ભવ્યો. પ્રર્વતમાન આર્થિક

વ્યવસ્થા તથા તેના વિરોધ વચ્ચેના સંઘર્ષના પરિણામે સમન્વયકારક સામંતશાહી વ્યવસ્થા અમલમાં આવી. આમ દ્વંદાત્મક ચક્રની એક ગતિ પરિપૂર્ણ થઈ.

પ્રાચીન સમાજ (પ્રતિવાદ)

પ્રાચીન સમાજનો વિરોધ (પ્રતિવાદ)

સામંતશાહી વ્યવસ્થા (સમન્વય) (વાદ)

સામંતશાહી વ્યવસ્થાનો વિરોધ (પ્રતિવાદ)

મૂડીવાદ (સમન્વય) (વાદ)

મૂડીવાદ વ્યવસ્થાનો વિરોધ (પ્રતિવાદ)

સમાજવાદ (સમન્વય)

ઉપર સમજાવ્યા પ્રમાણે સમાજનો વિકાસ દ્વંદાત્મક પદ્ધતિ અનુસાર થયો છે. માર્ક્સવાદી વિચારની આથી તો એક શ્રદ્ધા છે કે મૂડીવાદી વ્યવસ્થાનો અંત અવશ્ય આવશે અને નૂતન સમાજની સ્થાપના થશે. દ્વંદ્વાત્મક ચક્રની ગતિને થંભાવવાનું કાર્ય મૂડીવાદીઓ માટે શક્ય નથી. આમ માર્કસે દ્વંદ્વાત્મક ભૌતિકવાદની વિચારણાના આધારે માનવ સંસ્થાઓના વિકાસને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

● સામ્યવાદ તથા રાજ્ય

સામ્યવાદ આદર્શની દૃષ્ટિએ એક અરાજકતાવાદી વિચારધારા છે, રાજ્ય શક્તિશાળી વર્ગના હિતની સિદ્ધિ માટેના સાધન તરીકે ગણે છે. લોકોના શોષણમાં તેણે મૂડીવાદીઓને સાથ આપ્યો છે. રાજ્યના ઉદ્ભવની અવસ્થાથી માંડીને વર્તમાન અવસ્થા સુધીનો રાજ્યનો વિકાસનો ઈતિહાસ તપાસીએ તો એ વાતની પ્રતીતિ થાય છે કે તેણે હંમેશા માલિકો સામંતો અને મૂડીવાદીઓની હિતસાધના માટે મદદ કરી છે. માલિકો, સામંતો તથા મૂડીવાદીઓના હાથમાં તે એક સાધન બની રહ્યું છે. મૂડીવાદના નાશની સાથે રાજ્યનું પણ વિલોપન થશે તેવી સામ્યવાદી વિચારકોની શ્રદ્ધા છે. લઘુમતીના હિતનું સમર્થન તથા રક્ષણ કરનાર રાજ્યની ઉપયોગિતા સામ્યવાદી દૃષ્ટિએ અરાજકતાવાદી હોવા છતાં સક્રાંતિના સમય દરમ્યાન મજદૂરોની સરમુખત્યારશાહીનું સમર્થન કરે છે. મજદૂરોની સરમુખત્યારશાહી દરમ્યાન રાજ્યસત્તાનો ઉપયોગ બહુજનહિતાર્થ કરવામાં આવશે તેવી ધારણા જ તેના અસ્તિત્વને સાર્થક બનાવે છે પરંતુ સક્રાંતિનો કાળ પૂરો થતા રાજ્યના અસ્તિત્વનું કોઈ

પ્રયોજન નહિ રહે. નૂતન સામ્યવાદી સમાજમાં વર્ગહીન, સમાજ હશે કે જેમાં મનુષ્યનું શોષણ લવલેશ સ્થાન નહીં હોય.

સામ્યવાદ તથા સામાજિક ક્રાંતિ

સામ્યવાદી આંદોલન એક ક્રાંતિકારી આંદોલન છે. વર્તમાન મૂડીવાદી સમાજનું નામોનિશાન મીટાવીને નૂતન સમાજની સ્થાપના કરવાની તેની નેમ છે.

પરંતુ સામાજિક પરિવર્તન લાવવું કેવી રીતે ? સામ્યવાદી વિચારણા સામાજિક ક્રાંતિનો માર્ગ ચીંધે છે. મૂડીવાદી વ્યવસ્થા એ સ્થાપિત હિતોએ જાળવી રાખેલી વ્યવસ્થા હોઈને સમાજના દલિત વર્ગના સમાજિક, આર્થિક ઉદ્ધારની શક્યતા નહીવત્ ધરાવે છે. આ સ્થાપિત હિત બહુજન સુખાય પોતાની પ્રભાવ-સત્તા ત્યજે તેવી વાતમાં સામ્યવાદી વિચારકોને શ્રદ્ધા નથી. મનુષ્યના હ્રૂદય પરિવર્તનની તેઓ નહીવત્ શક્યતા પણ સ્વીકારતા નથી. પરિણામે, તેઓ બે તબક્કામાં પરિપૂર્ણ કરવા ઇચ્છે છે.

(૧) સંક્રાંતિના કાળની અવસ્થા

(૨) સામ્યવાદી સમાજની રચના

(૧) સંક્રાતિના કાળની અવસ્થા : આ અવસ્થા દરમ્યાન હિંસક ક્રાંતિ દ્વારા મૂડીવાદીઓના હાથમાંથી રાજ્ય સત્તા આંચકી લેવામાં આવી હશે અને તેના સ્થાને મજદૂરોની સરમુખત્યારશાહી સ્થાપવામાં આવી હશે. લોકશાહીને પણ સામ્યવાદી વિચારકો મૂડીવાદી દાસી તરીકે લેખતા હોઈને, સામ્યવાદી આંદોલન એક લોકશાહી વિરુદ્ધનું આંદોલન છે. સંક્રાંતિના કાળ દરમિયાન ખેડૂતો તથા કામદારોના બનેલ બહુજન સમાજના હિતોનું રક્ષણ કરવામાં આવશે પણ અંતિમ ક્રાંતિ માટેની પૂર્વભૂમિકા તૈયાર કરવામાં આવશે.

(૨) સામ્યવાદી સમાજની રચના : ક્રાંતિના મંગળાચરણ પછી મજદૂરોની સરમુખ્યત્યારશાહીના શાસન દરમ્યાન સમાજની ઉત્પાદન પ્રથામાં આમૂલ પરિવર્તન આવ્યું હશે. મૂડીવાદી વ્યવસ્થામાં મજદૂર ઉત્પાદક માટે શ્રમ કરતો હોય છે. જયારે ક્રાંતિ પછીની અવસ્થામાં મજદૂર કોઈ ઉત્પાદક માટે શ્રમ કરતો નહિ હોય, પરંતુ નૂતન સમાજની રચના કાર્યમાં રોકાયેલ એક સક્રિય કાર્યકર તરીકે સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરતો હશે. તે શક્તિ પ્રમાણે કામ કરતો હશે. કામચોર હોવાને બદલે તે પોતાની કાર્યશક્તિ પ્રમાણે નિષ્ઠાપૂર્વક ઉત્પાદનના કાર્યમાં ભાગીદાર બન્યો હશે. ઉત્પાદનમાં કાર્યમાં આવેલ આ નૂતન ચેતનાને કારણે રાષ્ટ્રીય ઉત્પાદનમાં

અભૂતપૂર્વ વધારો થશે. પરિણામે, દરેકને તેની જરૂરિયાત અનુસાર ચીજવસ્તુઓ મળશે. નવા સમાજમાં દરેકની સઘળી જરૂરિયાતો સંતોષાતી હશે. તેથી સમાજમાં અસામાજિક પ્રવતિઓનું અસ્તિત્વ હશે નહિ ગુનાઓ નહીં બને.

શાંતિ તથા સંતોષનો તે યુગ હશો રાજયની ઉપયોગિતા નષ્ટપ્રાય થઇ ગઈ હશે અને રાજય આત્મવિલોપનના માર્ગના અંતિમ ચરણે આવી ઊભું હશે. નૂતન સમાજ રાજયહીન, વર્ગહીન, શોષણહીન, સમાજ હશે.

(૩) સામ્યવાદ તથા ધર્મ

ધર્મ એ તો અફીણની ગરજ સારે છે તેવી સામ્યવાદી વિચારકોની માન્યતા છે. ધર્મ મનુષ્યને સમાજિક વિષમતાઓ તથા અન્યાય પ્રત્યે ધીરજ ધરવાનું શીખવે છે. તે હંમેશા ધનિક લોકોનો પક્ષ લે છે. શાંતિ, દયા, સંતોષ પ્રબોધતો ધર્મ મનુષ્યની પ્રગતિના માર્ગમાં વિઘ્ન બને છે. સામ્યવાદી વિચારધારામાં ધર્મને કોઈ સ્થાન નથી. તે નાસ્તિકવાદી વિચારણા છે.

(૪) સામ્યવાદનું વિવેચન (સમીક્ષા)

૧૮૪૮માં સામ્યવાદી જાહેરનામું ઘોષિત કરવામાં આવ્યું ત્યારબાદ વોલ્ગામાં ઘણું પામી વહી ગયું છે. સામ્યવાદી વિચારણા પણ કાળચક્રને આધીન થઈને પરિવર્તન પામી છે. તેના પર અનેકવિધ દૃષ્ટિબિંદુએથી ટીકા વરસાવવામાં આવી છે. મુક્ત દુનિયાના સમર્થકોએ સામ્યવાદીઓના જેટલા જ ઝનૂનથી તેની ઝાટકણી કાઢી છે. સામ્યવાદની આલોચના નીચેના મુદાઓ દ્વારા વ્યક્ત થાય છે.

(૧) સામ્યવાદનો વધારાનો મૂલ્ય સિદ્ધાંત આધુનિક અર્થશાસ્ત્રીઓ દ્વારા સ્વીકૃતિ પામતો નથી. આધુનિક અર્થશાસ્ત્રીઓની કસોટીએ આ સિદ્ધાંત ખામીયુક્ત માલૂમ પડ્યો છે. મૂલ્ય નક્કી કરવામાં શ્રમ એક માત્ર નિર્ણાયક તત્વ છે તે વાતનો તેઓ અસ્વીકાર કરે છે. તેઓ એમને જ એક મેળ તત્વ તરીકે માનવાને બદલે માંગ તથા પુરવઠાના નિયમને વધુ મહત્વ આપે છે. આર્થિક ઉત્પાદન માટેની શ્રમની માફક મૂડીની પણ જરૂરિયાત પર ભાર મૂકે છે. ઉત્પાદનના ક્ષેત્રે કેટલીક એવી બાબતો હોય છે જેને મજદૂરના શ્રમ સાથે બહુ સંબંધ હોતો નથી. દાખલા તરીકે ઉત્પાદનની વિશિષ્ટ લાયકાત જરૂરી બને છે. માર્કસ જેને વધારાનું મૂલ્ય કહે છે તે તો સંભવતઃ આ વિશિષ્ટ લાયકાતનું ફળ છે. અલબત્ત, એ બાબત મહત્વની છે કે શ્રમ પણ ચીજવસ્તુની કિંમત કરવા પાછળનું એક મહત્વનું પરિબળ છે. તેમ છતાં તે ઉપરોક્ત અનેક પરિબળોનું એક પરિબળ છે તે વાતનો સ્વીકાર થવો જોઈએ.

બીજું સામ્યવાદી વિચારણા શારીરિક શ્રમના મહત્વ પર જરૂરિયાત કરતાં વધારે ભાર મૂકે છે. શારીરિક શ્રમ ઉત્પાદનની વિશિષ્ટ યોગ્યતાની શક્તિનો સમાવેશ થતો નથી. સામ્યવાદી વિચારણા, બૌદ્ધિક-માનસિક શ્રમને અવગણે છે.

ત્રીજું, આ વધારાના મૂલ્યનો સિદ્ધાંત બધી ચીજવસ્તુઓની કિંમત નક્કી કરવામાં અમલી બનાવવામાં આવે તો પુરાણા સિક્કાઓ પોસ્ટની ટિકિટોના મૂલ્યમાં શ્રમના શોષણરૂપ વધારાનું મૂલ્ય હશે નહિ.

(૨) ઈતિહાસના આર્થિક અર્થઘટનનો સિદ્ધાંત પણ એકાંગી તથા દોષયુક્ત માલૂમ પડ્યો છે. તે વાત નિસંદેહ છે કે મનુષ્યની રાજકીય તથા સામાજિક સંથાઓના વિકાસમાં આર્થિક પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે પરંતુ માત્ર આર્થિક પરિબળોના આધારે જ ઈતિહાસનું અર્થઘટન કરવાનું ઈચ્છનીય અને ન્યાસંગત નથી. માર્કસે ધર્મ, નૈતિક ધોરણો, સંસ્કૃતિ તથા રાષ્ટ્રિય પરિબળોને અવગણ્યા છે. આ બધા પરિબળોનો મનુષ્ય સંસ્થાઓ પરનો પ્રભાવ આર્થિક પરિબળોના પ્રભાવ કરતાં સહેજ પણ ઓછો નથી. અનેક સંકટોને પાર કરીને ભગવાન તથાગત (બુદ્ધ)ની જન્મભોમ ભારતના દર્શન આવનારા ચીની યાત્રીઓ માટે કયું આર્થિક પ્રયોજન હતું ? રાષ્ટ્રની સ્વાધીનતા માટે પોતાના સર્વસ્વનું બલિદાન દેતા રાષ્ટ્રભક્તોના કાર્ય શું આર્થિક લાભની દૃષ્ટિએ કરવામાં હોય છે ? જાતિઓ તથા દેશના ઈતિહાસનું નિર્માણ માત્ર આર્થિક પરિબળોને કારણે થાય છે તે કહેવું તે અર્ધ-સત્યનું પ્રતિપાદન કરવા બરાબર છે. બ્રિટિશ તત્વચિંતન બર્ટ્રાન્ડ રસેલ માને છે કે આપણા જીવનના મોટાભાગના પ્રશ્નો (બધા નહી) ભૌતિક સંજોગો તથા લાગણીઓ દ્વારા નક્કી થાય છે. આર્થિક દૃષ્ટિકોણથી પુનઃ આલેખાયેલા માર્કસવાદી તથા ઈતિહાસ મનુષ્ય જીવનના સઘળા પાસાંઓ તથા સમસ્યાઓ પર વિચાર કરતો નથી તે તો મનુષ્યજીવનની સંસ્કૃતિની એકાંગી રજૂઆત છે એકપક્ષી ચિત્રણ છે.

(૩) દ્વંદાત્મક ભૌતિકવાદનો સિદ્ધાંત પણ ખોટો પુરવાર થયો છે. મનુષ્યની સામાજિક તથા રાજકીય સંસ્થાઓના વિકાસની ક્રમબદ્ધતા વર્ણવતો આ સિદ્ધાંત એક ખોટી ભવિષ્યવાણી સાબિત થયો છે. માકર્સ દર્શાવેલ વિકાસક્રમ અનુસાર તો પ્રથમ સામ્યવાદી ક્રાંતિનો આરંભ ઈંગ્લેન્ડ તથા જર્મનીમાં થવો જોઈતો હતો નહિ કે રશિયામાં ! સામંતશાહી પરિવર્તન થવાની પ્રક્રિયાને પ્રક્રિયા દ્વંદાત્મક ભૌતિકવાદના વિકાસક્રમની વિરુદ્ધ છે.

(૪) વર્ગ સંઘર્ષના સિદ્ધાંતનો પણ સર્વથા સ્વીકાર કરવો સંભવિત નથી. જ્યાં જ્યાં મનુષ્ય તથા સંસ્થાઓ વ્યક્તિગત હિતો માટે પ્રયાસ કરે છે ત્યાં તેઓ કેટલાંક સર્વસામાન્ય હિતો માટે પણ પ્રવૃત્તિશીલ બળ હોય છે. આ સામાન્ય હિતોની સિદ્ધિ

માટે તેઓ સહકાર દ્વારા કાર્ય કરે છે. સમાજમાં વિભિન્ન વર્ગો વચ્ચે સંઘર્ષ જોવા મળે છે તો સાથોસાથ વર્ગ વર્ગ વચ્ચેનો સહકાર પણ દૃષ્ટિગોચર થાય છે. માર્કસ કહે છે તેમ, સમાજમાં અવસ્થા એ જો વર્ગો વચ્ચેની સતત સંઘર્ષની અવસ્થા હોય તો સભ્યતાનો વિકાસ કેવી રીતે શક્ય બન્યો હોય. હકીકત તો એ છે વર્તમાન સંસ્કૃતિ એ મનુષ્ય જાતિના સહકારનું સર્જન કરે છે અને નહિ કે સંઘર્ષનું. આથી સમાજનો વિકાસ એ સહકારની સાક્ષી પૂરે છે, સામ્યવાદી વિચારણા જે વર્ગ સંઘર્ષ પર ભાર મૂકે છે તે મનુષ્યના આંતરિક ગુણોનો અસ્તિત્વનો અસ્વીકાર જ સૂચવે છે. મનુષ્યનાં કાર્યોને એક જ પારાશીશીથી માપનાર તે મનુષ્યનું ઘાતક દૃષ્ટિબિંદુ છે. વર્ગસંઘર્ષની વાત પર અતિશય ભાર મૂકવામાં આવ્યો છે, તે સામ્યવાદી સિદ્ધાંતમાંની મહત્વની ત્રુટિ છે.

(૫) રાજ્ય સંબંધી સામ્યવાદી જે ધારણા છે તે પણ સાચી નથી, રાજ્યને તેઓ સત્તાયુક્ત લઘુમતી વર્ગ હિતનું સાધન માને છે. તેનો આધાર છે શક્તિ તથા હિંસા; પરંતુ વાસ્તવમાં રાજ્ય એ કોઈ એક વર્ગનું સાધન નથી. રાજ્ય સંસ્થા પણ અન્ય સામાજિક સંસ્થાઓની જેમ મનુષ્ય સામાજિકતાનો આવિર્ભાવ છે. લાસ્કી જેવા આધુનિક લેખકો તો રાજ્ય એક એવી સંસ્થા તરીકે વર્ણવે છે. આમ રાજ્ય હંમેશા વર્ગીય શોષણમાં સાધન છે તેમ માનવું સત્યથી વેગળું છે.

(૬) સામ્યવાદી અરાજકતાવાદી વિચારણા છે. સામાજિક ક્રાંતિના અંતિમ ચરણ પછી રાજ્યના અસ્તિત્વમાં કોઈ જરૂરિયાત નહિ રહે, એમ તે માને છે. સામ્યવાદી સમાજ એ રાજહીન, વર્ગહીન, શોષણહીન સમાજ હીન પરંતુ સામ્યવાદી સિદ્ધાંતોનો વ્યવહારુ અમલ આ ધારણાને પોષતો નથી. રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થયે એક સદી થવા આવી તો પણ રાજ્યના આત્મવિલોપનના કોઈ ચિહ્નો દૃષ્ટિગોચર થતાં નથી. એટલું જ નહિ પણ વર્ગહીન તથા શોષણહીન સમાજની રચનાઓ આદર્શ વ્યવહાર જ નથી; કારણ કે, સમાજની અનેક સંસ્થાઓમાંથી કાર્યને વ્યવસ્થિત તથા સંકલિત કરવાં માટે એક સર્વોપરી સત્તાની જરૂરિયાત તો રહેવાની જ.

(૭)મૂડીના કેન્દ્રીકરણનો સિદ્ધાંત દર્શાવે છે કે મૂડીવાદના વિકાસની દિશામાં મૂડીવાદીઓની ધનિકોની સંખ્યામાં ઘટાડો થશે અને લાબે ગાળે સમાજમાં બે જ વર્ગ રહેશે-મોટો મૂડીદારનો તથા મજદૂરોનો. ઐતિહાસિક દૃષ્ટિએ આ વાત પણ સત્ય સાબિત થઈ નથી. છેલ્લી સદી દરમિયાન યુરોપના મૂડીવાદી સમાજનો ઈતિહાસ મૂડીવાદી સમાજનો ઈતિહાસ મૂડીવાદીઓ તથા મધ્યવર્ગીય લોકોના અસ્તિત્વની સાક્ષી પૂરે છે. ખરી હકીકત તો એ છે કે મૂડીવાદ વિકાસના કારણે સાધનસંપન્ન મધ્યવર્ગીય લોકોની સંખ્યામાં નિરંતર વધારો થતો રહ્યો છે.

મૂડીવાદીના વિકાસની સાથે મજૂરોની હાલત પણ દયનીય બનશે. તેવી સામ્યવાદી આગાહી પણ ખોટી પુરવાર થઈ છે. કારણ કે અમેરિકા, ઈંગ્લેન્ડ તથા પશ્ચિમ જર્મની જેવા કહેવાતા મૂડીવાદી રાજ્યોમાં મજદૂરોની સ્થિતિ સામ્યવાદી રાજ્યના મજદૂર કરતાં બહેતર છે. એટલું જ નહિ પરંતુ અનેક ગણી રીતે વધારે સમૃદ્ધ કહેવાતા મૂડીવાદી રાજ્યોમાં પણ મજદૂરોની સ્થિતિને રક્ષતા કામદાર-કાયદાઓ તથા કારખાના અંગેના ઘડવામાં આવ્યા છે કે જેને કારણે કામદારોના કામના કલાકો નક્કી કરવામાં આવ્યા છે. મૂડીવાદના વિકાસે કામદારની આર્થિક સમૃદ્ધિ તથા સદ્ધરતા વધારી છે; પરંતુ ઘટાડો નથી તે હકીકતનો ઈકાર થઈ શકતો નથી.

(૮) સામ્યવાદી વિચારણા સામાજિક ક્રાંતિ માટે હિંસક માર્ગનું સમર્થન કરે છે. શાંતિમય, બંધારણીય તથા માર્ગમાં તેઓને શ્રદ્ધા નથી. નૂતન સમાજની રચના માટે હિંસક ક્રાંતિનો આશ્રય લેવો કેટલાક કારણોસર નથી. એક તો હિંસક ક્રાંતિ દ્વારા સમાજમાં લાવવામાં આવેલ પરિવર્તન દીર્ઘજીવી હોતું નથી. હિતકારક પ્રતિહિંસાને પ્રોત્સાહિત કરે છે. વેર તથા દમનનું શમન પણ વેર તથા દમનથી જ લાવવાનું પ્રલોભન થતું નથી. બીજું, હિંસાનું સામ્રાજ્ય સમાજમાં ભયભરી અવસ્થા સર્જે છે. આવો ભયભર્યો અને અરાજક સમાજ નૂતન સમાજરચનાની કઈ ભાત ઉપસાવે તે શંકાસ્પદ ધારણા બની રહે છે. એવું પણ શક્ય કે હિંસક ક્રાંતિ પછી સતા પર આવનાર નેતાઓનો આદર્શ સાવ ભિન્ન હોય પરિણામે, હિંસક ક્રાંતિનું સાધન સામાજિક પરિવર્તનની ખાતરી આપતું નથી.

(૯)સામ્યવાદી વિચારધારા સામાજિક ક્રાંતિના સક્રાંતિ કાળ દરમિયાન મજદૂરોની સરમુખત્યારશાહીની પાવની વાત છે. સામ્યવાદી ક્રાંતિનો ઈતિહાસ આના કરતાં વિરુદ્ધની હકીકતનો નિર્દેશ કરે છે. રશિયા ચીનમાં મજદૂરોથી સરમુખત્યારશાહી સ્થાપવાનો બદલે સામ્યવાદી પક્ષની સરમુખત્યારશાહીની સ્થાપના થઈને ટકી રહી છે.

બીજું, મજદૂરોની સરમુખત્યારશાહી સ્થાપવાની સૈદ્ધાંતિક વાતનો સ્વીકાર કરીએ તો પણ સામ્યવાદી વિચારણા એવી કોઈ ખાતરી આપતી નથી કે આ મજદૂરો પણ યથાયોગ્ય સમયે સત્તાનો સ્વેચ્છાએ ત્યાગ કરશે. મજદૂરો પણ અંતે તો મૂડીવાદીની જેમ મનુષ્યો જ છે ને! મૂડીવાદી મનુષ્ય સત્તાપ્રિય હોય છે અને કામદાર મનુષ્ય સત્તા માટે અનાસક્તિ ધરાવશે તેવી વિરોધાભાસી વાતમાં કેવી રીતે વિશ્વાસ બેસે છે?

(૧૦) સામ્યવાદી વિચારણા લોકશાહી વિરુદ્ધની વિચારણા છે. સામ્યવાદીઓ લોકશાહી શાસનવ્યવસ્થાને બદલે સરમુખત્યારશાહી વ્યવસ્થાને અપનાવવાનું વધારે

સલામત માને છે. તેઓ પશ્ચિમી લોકશાહીનો એટલે વિરોધ કરે છે કે તે મૂડીવાદીઓની સત્તાને કાયમી બનાવવા માટેનું સાધન પૂરું પાડે છે. રાજકીય લોકશાહી તેઓ આર્થિક લોકશાહી પર વિશેષ ભાર મૂકે છે. આર્થિક દૃષ્ટિએ પરાધીન મનુષ્યની રાજકીય સ્વતંત્રતા, મનુષ્યની સ્વાતંત્રતાનો નર્યો પરિહાસ છે.

8.2 ભારતીય ઇતિહાસ લેખનમાં માર્કસવાદી

8.3 ઇતિહાસકાર ડી. ડી. કૌસામ્બી (૧૯૦૭-૧૯૬૬)

૧૯મી સદીમાં પ્રાચીન ભારતીય ઇતિહાસ પર લખનાર ઇતિહાસકારો બહુધા રાષ્ટ્રીય માનસની દૃષ્ટિથી પોતાના લખાણો લખતા. પ્રાચીન ભારતમાં લોકશાહીતંત્ર પણ હતું, તેથી આ ઇતિહાસકારની માન્યતા હતી તથા પ્રાચીન ભારતે પોતાના સાંસ્કૃતિક સંસ્થાનો પડોશી રાજ્યોમાં સ્થાપ્યા હતા અને ત્યાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કર્યો હતો. આમ આ ઇતિહાસકારોનું વિશ્લેષણ વૈજ્ઞાનિક ન હતું. તેનાં પ્રત્યાઘાતરૂપે ૧૯મી સદીના અંતે અને ૨૦મી સદીના પૂર્વાર્ધમાં આંતરરાષ્ટ્રીય બિન્દુ ધરાવતા ઇતિહાસકારોનો આવિર્ભાવ થયો અને તેઓ બહુધા સામ્યવાદી વિચારસરણી ધરાવતા હતા. દામોદર ધર્માનંદ કૌસામ્બી તેમાંના એક હતા. આમ આ ઇતિહાસકારોને ભારતીય ઇતિહાસલેખનને રૂઢિગત ખ્યાલોમાં મુક્ત કર્યું; પરંતુ તેઓએ પણ એક નવો વાદ (સામ્યવાદ) ચલાવ્યો, જે પછીથી ચુસ્ત કે રૂઢિગત બન્યો હોવાનું કહી શકાય. જો કોસામ્બીના લખાણો બહુધા તેનાથી મુક્ત છે.

8.3.1 સંસ્કાર ઘડતર અને લેખનકાર્ય (મૂલ્યવાન બે ગ્રંથોનું લેખન)

ડી.ડી. કૌસામ્બીએ ગણિતશાસ્ત્રી તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને કેટલાક લેખો લખીને એક વૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી તરીકેની નામના મેળવી. તેમની બુદ્ધિ ખૂબ તીવ્ર હતી તથા તેમનો રસ વિવિધ વિષયોમાં હતો. આથી સાહિત્ય તરફ વળ્યા. તેમણે ભર્તુહરિ શતક અને સુભાષિત જ્ઞાનકોશનું સંપાદન કર્યું. જે ખૂબ પ્રશંસા પામ્યું. વળી તેણે અનેક સ્તંભલેખો તથા શિલાલેખો પણ શોધી કાઢ્યા. જેથી પુરાતત્વશાસ્ત્ર તરીકેની તેની નામના બંધાઈ, ઇતિહાસકાર તરીકે તેણે ખૂબ જ નોંધપાત્ર કાર્ય કર્યું. ભારતીય ઇતિહાસકાર તરીકેની તેની કીર્તિ ફેલાઈ તેણે લખેલા બે પુસ્તકો ખૂબ જ જાણીતાં બન્યાં છે.

(1) Introduction to the study of Indian History (1956) (ભારતીય ઇતિહાસના અભ્યાસની પ્રસ્તાવના)

(2) Culture and Civilization of ancient India in Historical Outline (1965) (પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારિતાની ઐતિહાસિક રૂપરેખા)

આ બંને પુસ્તકોને દામોદર કૌસામ્બીની પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના વિદ્વાન તરીકેની નામના સિદ્ધ કરી પોતે સામ્યવાદી વિચારસરણી ધરાવતા હોવા છતાંયે તેણે સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રાચીન ભારતીય રાજ્ય અને સમાજવ્યવસ્થા માર્કર્સ અને એજન્લર્સ પ્રબોધેલા સામ્યવાદી વ્યવસ્થા સાથે બંધબેસતી નથી. માટે મારી મચડીને તેમાં સામ્યવાદી વિચારસરણી લાવવી એ ઇતિહાસકાર માટે વાજબીનથી. સામ્યવાદી નેતાએ ડાંગે અને હુંસેનાએ આવા પ્રયત્નો કરેલા છે. જેની સાથે કૌસામ્બી સંમત થતા નથી.

8.3.2 કૌસામ્બીની વિચારપદ્ધતિ

કૌસામ્બી દૃઢપણે માનતા હતા કે, ગ્રીક અને રોમન સમાજની માફક ભારતીય સમાજ ગુલામીપ્રથા પર આધારિત હતો, એટલે સામ્યવાદી વિચારસરણી તેને લાગુ પાડી શકાય નહિ. અલબત, પ્રાચીન ભારતમાં ગુલામીનું અસ્તિત્વ હતું પરંતુ ગ્રીક, રોમન, પાશ્ચાત્ય પદ્ધતિની યાતના કે તેના બંધનનો તેમાં અભાવ હતો. ભારતીય ગુલામ ગમે ત્યારે મુક્તિ મેળવી શકતો. વળી, દેશનાં આર્થિક ઉત્પાદનમાં ગુલામી પ્રથાનો હિસ્સો નહીવત હતો. ખાસ કરીને વૈદિક સમાજમાં આ પ્રથાનો હિસ્સો નગણ્ય હતો, પરંતુ મૌર્ય સમય અને ત્યારબાદ આર્થિક ઉત્પાદનમાં વધારો થતા, શુદ્રોની કારીગરી અને શ્રમજીવીઓ તરીકેની જરૂરિયાતો વધી, આથી તેમને ખરીદી લેવાની પ્રથા પ્રચલિત બની. તો પણ તેમની સ્થિતિ દુઃખદાયક ન હતી. બ્રિટિશ સમયમાં ચાના બગીચા અને કોફીના બગીચામાં કામ કરતા મજુરો તેમના અંગ્રેજ માલિકોના અત્યાચારોને લીધે ઘણી કરુણાજનક સ્થિતિમાં મુકાયા. હિન્દી રાજાઓ, મુસ્લિમ સુલતાનો, મુગલ પાદશાહો વગેરે ગુલામો ખરીદવા અને રાખતા, પરંતુ આ ગુલામો તેમની વફાદારી અને કાર્યનિષ્ઠાથી ઊંચા સ્થાન પર પણ પહોંચી શકતા. આના ઘણા દૃષ્ટાંતો ભારતીય ઇતિહાસમાં છે.

ઉપરોક્ત પદ્ધતિના અનુસંધાનમાં કૌસામ્બી કૌટિલ્યના ગ્રંથમાંથી, પાલી સાહિત્યમાંથી દૃષ્ટાંતો આપે છે. કૌટિલ્ય ખેતીમાં અને ઉદ્યોગોમાં ''દાસ'' પદ્ધતિનો ઉલ્લેખ કરે છે. આમ છતાં કૌસામ્બી માને છે કે પ્રાચીન ભારતમાં ગુલામી, પ્રથા નથી તે ઐતિહાસિક હકીકત સાથે બંધબેસતું વિધાન કહી શકાય નહિ. વળી, શુદ્ર અને દાસ

વચ્ચે શો સંબંધ હતો તથા અમુક શુદ્રોએ દાસ તરીકે કાર્ય કરતા કે કેમ તેની સ્પષ્ટતા પણ કૌસામ્બી કરતા નથી.

8.3.3 સામ્યાવાદના દૃઢ ખ્યાલોથી મુક્ત

કૌસામ્બી સામ્યવાદના દૃઢ ખ્યાલોથી મુક્ત છે. શ્રી આર. એસ. શર્મા, ઈરફાન હબીબ વગેરે માને છે કે પ્રાચીન ભારતમાં જમીનની સામૂહિક માલિકી પણ હતી અને સમુદાયિક ખેતી નથી. આમ તેઓ સામ્યવાદનો હાલનો કોમ્યુનનો ખ્યાલ પ્રાચીન ભારતમાં હતો તેમ સૂચવવા માંગે છે; પરંતુ કૌસામ્બી માને છે કે આ માટેના આધારભૂત દસ્તાવેજો નથી. પ્રાચીન ભારતમાં ખેતી બહુધા વ્યક્તિગત હતી અને તે કોઈ જગ્યાએ સામુહિક હોવાના પુરાવા નથી. મોટા કુટુંબો સાથે રહીને ખેતી કરતા, તેને સામૂહિક ખેતી કહી શકાય નહિ. એ સ્થિતિ તો ગામડા અને કુટુંબોમાં છે, જે મરાઠા સમયના અંત સુધી હતી. પછી અન્ય દેશોની માફક ભારતમાં પણ ઔદ્યોગિક ક્રાંતિ ફેલાતા ગામડા ભાગ્યાં અને લોકોનો શહેરો પ્રત્યેનો ધસારો વધ્યો. ત્યારે આવા મોટા કુટુંબો વિભક્ત તથા તદ્દન વ્યક્તિગત બન્યાં. તેમાં સામ્યવાદનો કોઈ ખ્યાલ હતો નહિ.

8.3.4 કૌસામ્બીનું વિચારદર્શન

કૌસામ્બીના મત અનુસાર માકર્સવાદ કોઈ વિચારસરણીનો પ્રત્યાઘાત નથી. એ પોતે જ એક સ્વતંત્ર વિચારસરણી છે અને તે કોઈપણ બાબતનું પૃથક્કરણ કરવાનું એક સાધન છે. વળી, તેના મંતવ્ય મુજબ માકર્સવાદનો ભૌતિક દ્વન્દવાદનો સિદ્ધાંત ઈતિહાસમાં અક્ષરશઃ લાગુ કહી શકાય નહિ તેમજ જીવનની પ્રત્યેક બાબતમાં તેનું આંધળું અનુકરણ થઈ શકે નહિ. આમ છતાં કૌસામ્બી પોતાની વિચારસરણીમાં પુરેપુરા માકર્સવાદી છે, કારણ કે તે માને કે ઈતિહાસ એ ઉત્પાદનના સાધનો અને તેમની વહેચણીના ક્રમ અનુસાર હકીકતો રજૂ કરનાર શાસ્ત્ર છે. ઈતિહાસ એ રાજ્યો કે રાજાઓનો ક્રમબદ્ધ અહેવાલ રજૂ કરતું શાસ્ત્ર નથી. ઈતિહાસમાં ક્યાં રાજ્યમાં કયો રાજા હતો તે પણ મહત્વની બાબત નથી; પરંતુ તે વખતના લોકો ખેતીમાં હળનો ઉપયોગ કરતા હતા. ઉદ્યોગ ધંધા કરતા હતા, વેપાર -વાણિજ્ય ચાલતા હતા. વાહન વ્યવહારનો વિકાસ થયો હતો, વગેરે બાબતો વાસ્તવિક ઈતિહાસના ઘડતર માટે અગત્યની કહી શકાય .

આમ છતાં ઉત્પાદનના સાધનોમાં રાજાઓ કે તેમના વંશોનો જેટલો ફાળો હોય તેટલો તેમનો અભ્યાસ પણ કરવો ઘટે. આ જ અર્થમાં તે સંસ્કૃતિને માનવજીવનના મુખ્યત્વે આર્થિક વહેણો પલટાવાવાનું મોટું સાધન માને છે તથા સંસ્કૃતિને માનવજીવનનું માત્ર બૌદ્ધિક કે નૈતિક સાધન માનતા નથી.

8.3.5 કૌસામ્બીનાં વિચારો ભારતીય સ્થિતિ

કૌસામ્બીનાં ઉપરોક્ત વિચારો ભારતને અને વિશેષ કરીને પ્રાચીન ભારતે લાગુ કરવામાં મોટી મુશ્કેલીઓ રહેલી છે કે પ્રાચીન ભારતમાં ઐતિહાસિક કહી શકાય તેવો સાધનસામગ્રી ઘણી ઓછી છે. વળી, પ્રાચીન ભારતનો ઇતિહાસ યોગ્ય રીતે જળવાયો નથી. એટલે કૌસામ્બીનાં ખ્યાલ પ્રમાણેની શુદ્ધ ઐતિહાસિક કહી શકાય તેવી કોઈ કૃતિ પ્રાચીન ભારતમાં પ્રાપ્ય નથી. એટલે કૌસામ્બીનું માર્કસ્વાદી ઇતિહાસદર્શન પ્રાચીન ભારતને લાગુ પાડવું મુશ્કેલ છે. વિશેષ કરીને પ્રાચીન ભારતને લગતા જે દસ્તાવેજો હાલમાં ઉપલબ્ધ છે, તે બહુધા ધાર્મિક મનોભાવના કે ક્રિયાકાંડ દર્શાવનારા છે. આથી તેમાંથી તે સમયની આર્થિક પરિસ્થિતિનું ચિત્ર મળી શકે ખરું.

8.3.6 અવશેષવિદ્યા અને સિક્કાઓનો અભ્યાસ

કૌસામ્બીએ ભારતીય ઇતિહાસનું આર્થિક ચિત્ર મેળવવા અવશેષો, માનવશાસ્ત્રનાં નમૂના અને પંચ માર્ક સિક્કાઓનો સારો એવો અભ્યાસ કર્યો; પરંતુ તેને આ માટે પુરતા પ્રમાણમાં અવશેષવિદ્યામાં નમૂના મળ્યા નહિ. વળી તેમને પંચમાર્ક સિક્કાઓ સારી સંખ્યામાં મળ્યા નહિ. તેમણે આશરે ૧૨૦૦ જેટલા સિક્કાઓનો અભ્યાસ કર્યો. એમાંથી તેમને મગધ અને કૌસામ્બી રાજ્યોની સમાજવ્યવસ્થાઓ અને આર્થિક બાબતોનો ઠીક ઠીક ખ્યાલ આવ્યો તથા બંને રાજ્યો વચ્ચેનાં સામાન્ય સબંધો પણ જાણી શક્યા. આ માટે તેમણે ગણિતશાસ્ત્રની પદ્ધતિનો યોગ્ય ઉપયોગ કર્યો; જેમાંથી ભવિષ્યના સિક્કાઓ શાસ્ત્રીઓનો પ્રક્રિયાઓને નવી પદ્ધતિથી તપાસવાનું માર્ગદર્શન મળ્યું.

8.3.7 કૌસામ્બીએ 'પ્રાચીન ભારતીય ઇતિહાસ'નો તબક્કા પ્રમાણે કરેલો અભ્યાસ

- **પૂર્વ ઐતિહાસિક યુગ**

કૌસામ્બીએ પ્રાચીન ભારતીય ઇતિહાસના તબક્કા પ્રમાણે તેના આર્થિક અને સામાજિક પરિસ્થિતિનો કરેલો અભ્યાસ પણ રસપ્રદ છે. કૌસામ્બીએ અવશેષવિદ્યા

અને માનવવિદ્યામાં ઇતિહાસના સાધન તરીકે વિશેષ શ્રદ્ધા હોઈને તેણે પ્રાચીન ભારતના સામંતશાહી તત્વો તથા તેમની સમાજ પરના અસરોનું વિવરણ કરેલું છે. તેના મત પ્રમાણે જમીનદારો ઘણી ખરી જમીનની માલિકી ધરાવતા હતા. તેઓ બહારથી આવીને ભારતમાં વસેલો વર્ગ હતો અને તેમાં ભારતના મૂળ વતનીઓ નીચલા સ્તરના લોકો પાસે ખેતી કરાવતા. આમ જમીનદારો અને ખેડૂતો અથવા ખેતમજુરો વચ્ચેનો સબંધ વિકસતો ગયો. આની સાથે મચ્છીમારી અને શિકારના ધંધા પણ ખીલ્યા હતા અને જંગલની પેદાશો પણ સારા પ્રમાણમાં થતી હતી. એ રીતે પૂર્વ ઐતિહાસિક યુગના ભારતના પ્રાથમિક સમાજની ખેતી, મચ્છીમારી અને શિકાર એ અર્થવ્યવસ્થાની મૂળભૂત બાબતો આજે પણ મહારાષ્ટ્ર તથા ભારતના અન્ય ભાગોમાં અસ્તિત્વમાં છે.

સિંધુ ખીણની સંસ્કૃતિનો નદી કિનારે ઉદ્ભવ થવાના મુખ્ય કારણોનો નિર્દેશ કરતા કૌસામ્બી જણાવે છે કે ભારતના પ્રથમ શહેરી સંસ્કૃતિનો ઉદ્ભવ નદી કિનારે થયો કારણ કે ત્યાં પાણી અને મચ્છીમારીએ પ્રાથમિક માનવજીવનની બે મૂળભૂત જરૂરિયાતો સહેલાઈથી પ્રાપ્ત હતી. મેસોપોટેમીયા તથા ક્રીટમાં પણ લગભગ આજ સ્થિતિ હતી. મોહેં-જો-દડોનું મોટું જાહેર સ્નાનગૃહ કે એ રીતે લોકોનું આરોગ્ય વિષયક ખ્યાલોનું પ્રતિબિબ પગલું હોય તેમ લાગતું નથી, પરંતુ અમુક ધાર્મિક તથા આર્થિક બાબતોનું દ્યોતક હોય તેમ દેખાય છે. જો કે પુરાવાના અભાવે આ શંકાસ્પદ વિધાન કહી શકાય. વળી કૌસામ્બીના મત પ્રમાણે મોહેં-જો-દડોનું-મોટું કામકાજ જોતા મંદિર હોવાનો સંભવ છે અને તેમાંથી લોકોનું ધર્મગુરુ દ્વારા અનાજ અને બીજી વસ્તુઓનું વિતરણ થતું હોવાનો સંભવ છે. આ બાબત પણ શંકાથી પર કહી શકાય નહિ. વળી આ કહેવાતા મંદિરના મકાનની કૌસામ્બી મેસોપોટેમિયાની ઝીગુરાત મંદિરોની સાથે તુલના કરે છે અને ત્યાં લોકોમાં અઢળક આર્થિક વહેંચણી થતી હોવાનું તે વિધાન કહે છે. એટલે કૌસામ્બીના મંતવ્ય પ્રમાણે બેબીલોન, મોહેં-જો -દડો તથા હડપ્પાના નગર રાજ્યો સાંપ્રદાયિક અથવા ધર્મગુરુઓ દ્વારા શાસિત હતા. આ વિધાનને પણ પુરાવાની જરૂર રહે છે.

●કૃષિ સમાજમાંથી ઔદ્યોગિક સમાજમાં પરિવર્તન, મગધની સર્વોપરિતા

કૌસામ્બીના અભિપ્રાય પ્રમાણે લોખંડની શોધ અને ઉપયોગથી આર્યોના ખેતીવિષયક સમાજનું ઔદ્યોગિક સમાજમાં પરિવર્તન થયું અને તેમના ધાર્મિક તથા સામાજિક ખ્યાલોમાં ફેરફાર થયો. જેમાંથી બૌદ્ધ તથા જૈન ધર્મના ઉદ્ભવ થયો. જો કે આ વિધાન પણ વિવાદાસ્પદ કહેવાય. આમ છતાં એ વાસ્તવિક બાબત છે કે પેલેસ્ટાઈનમાં યહુદીવાદ, ઈરાનમાં ઝોરોસ્ત્રીયાનવાદ તથા ચીનમાં

કોન્ફ્યુંશીયસવાદનો ઉદ્યોગમાં લોખંડની શોધનો નોધપાત્ર ફાળો છે. આના પરિણામે પૂર્વ પ્રાથમિક સમયની તોળીવાદી સમાજવ્યવસ્થા અસ્ત પામી અને તેને બદલે હાલની કૃષિ તથા ઔદ્યોગિક સમાજવ્યવસ્થાનો આવિર્ભાવ થયો. આનાથી રાજાશાહી વ્યવસ્થાને પણ બળ મળ્યું તેના દૃષ્ટાંતરૂપે ભારતમાં ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં મગધના મહારાજ્યનો આવિર્ભાવ થયો. સોળ મહાજનપદો લુપ્ત થયા અને તેમાંથી લીચ્છવિ, મલ્લ, કૌસામ્બી અને મગધ એમ ચાર અને છેવટે તેમાં મગધ સર્વોપરી બન્યું પ્રાચીન સમયમાં ઔદ્યોગિક વિકાસને માટે આવી રાજયવ્યવસ્થા અનુરૂપ કહી શકાય. મગધમાં જ લોખંડનો વિપુલ જથ્થો હતો તેથી મગધ અન્ય રાજ્યો પર પોતાની સર્વોપરિતા સ્થાપી શક્યું.

•મૌર્ય અને અનુમૌર્ય સમય દરમ્યાન ગ્રામ્ય અર્થવ્યવસ્થા તથા સમાજજીવન

કૌસામ્બીના મત મુજબ મૌર્ય સમયમાં લખાયેલા કૌટિલ્યનાં અર્થશાસ્ત્રનાં વિવરણ પ્રમાણે મૌર્ય રાજયમાં સ્વાયત ગ્રામ્ય આર્થિક વ્યવસ્થાનો વિકાસ થયો હતો. ખાસ કરીને અશોકના શાસનકાળ દરમિયાન રાજ્યોનું કેન્દ્રીકરણ ઓછું થયું હતું તથા પ્રાદેશિક અને ગ્રામ્ય વહીવટી એકમોનું મહત્વ વધતું ગયું. આ માટે ધર્મ મહામાત્ર જેવા અધિકારીઓ નીતિ તથા આચારનો પ્રચાર કરતા, જયારે ''રાજુક'' જેવા અધિકારીઓ ખેતીવાડી અને ગ્રામ્ય વ્યવસ્થા વિકાસ માટે નિયુક્ત થયા હતા.

કૌસામ્બી નોંધે છે કે, ખાસ કરીને ઉત્તર ભારતમાં મૌર્ય અને ગુપ્ત સમયની વચ્ચેના ગાળા દરમ્યાન કેટલીક વિદેશી જાતિઓ આવીને વસી. તેઓએ ઉતર ભારતના અમુક પ્રદેશોમાં-વિશેષ કરીને ઉત્તર-પશ્ચિમ ભારતમાં પોતાના રાજ્યો પણ સ્થાપ્યાં. આ જાતિઓ જેવી કે ગ્રીક, બેકટેરિયન, શક-પલ્લવ, કુષાણ વગેરેએ ભારતની અર્થ તથા સમાજવ્યવસ્થા પર ઊંડી અસર કરી. હળની મદદથી ખેતી કરવાની પ્રથા ખૂબ પ્રચલિત બની તથા સમાજ જીવનમાં નવા તત્વો ઉમેરાયા અને નવી જાતિઓ અસ્તિત્વમાં આવી. આ દરમ્યાન રોમન સામ્રાજ્ય સાથેના ભારતના વપરાશમાં ખૂબ વધારો થયો, તેથી ભારતમાં કિંમતી વસ્તુઓનાં ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયા તથા ભારતનો અર્થતંત્ર વિકાસ થયો તથા નવો વેપારી વર્ગ ઉદય પામ્યો. જેમણે બૌદ્ધ વિહારો, મંદિરો વગેરે બંધાવીને કલાસ્થાપત્યને ઉત્તેજન આપ્યું.

•ગુપ્તયુગમાં પરિવર્તન -જમીનદાર વર્ગ તથા મુડીદાર વર્ગમાં વધારો : તેમની અસર

કૌસામ્બીનાં મત મુજબ, ગુપ્ત યુગ દરમ્યાન ઉદ્યોગોની આબાદી ખૂબ વધી. દેશની ઘણીખરી જમીન અમુક જમીનદારો હસ્તક હતી. જયારે ખેડૂતો તે પર

ભાડુઆતો કે મજૂરો તરીકે ખેતી કરતા. તે જ રીતે ઉદ્યોગોનો પણ બહોળો વિકાસ થયો પરંતુ તેની માલિકી પણ અમુક લોકોને હસ્તક હતી. આમ જમીનદારો કે સામંતો તથા ઉદ્યોગપતિઓ રાજ્ય કે સમાજ પર વર્ચસ્વ ધરાવતા અગત્યના વર્ગો બન્યા.

આ દરમ્યાન ''ગીતા'' તથા કૃષ્ણભક્તિનો સારો એવો પ્રચાર થયો. સામંત તથા શ્રીમંત વર્ગ પણ ગીતાએ પ્રબોધેલ ભક્તિ માર્ગ તથા કૃષ્ણમૂર્તિ તરફ આકર્ષાયો. આથી આ વર્ગની વધારાની મુડીનો ઉપયોગ મંદિરોના બાંધકામ પાછળ થયો. તેની એવી માન્યતા હતી કે, આનાથી તેઓ મોટા પુણ્યનું કાર્ય કરી રહ્યા છે. વળી આજ અને આ વર્ગે નાલંદા જેવી યુનિવર્સિટીઓને પણ સહાય કરી. આમ, તેઓએ વધારાની મૂડીનો ઉપયોગ ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓનો બાંધકામ અને વિકાસમાં કર્યો.

સાથે વેદ સમયના ક્રિયાકાંડ અને તેના પર મર્યાદા મૂકતી ધાર્મિક માન્યતાઓ લુપ્ત થતી ચાલી. ગુપ્ત યુગના અંત સાથે બૌદ્ધ ધર્મની પણ અવનીતિ થતી ગઈ અને બ્રાહ્મણ ધર્મ પ્રબળ થતો ચાલ્યો. વૈષ્ણવ સંપ્રદાય, ભાગવત સંપ્રદાય તથા કૃષ્ણ ભક્તિમાર્ગ ફેલાતા ગયા; તેમની અર્થતંત્ર તથા સમાજવ્યવસ્થા પર મોટી અસર થઈ.

8.4 કૌસામ્બીનું ઈતિહાસકાર તરીકે મૂલ્યાંકન

કૌસામ્બી એક માર્કર્સવાદી ઈતિહાસકાર હોવા છતાંયે તેનું ઈતિહાસદર્શન એકંદરે તટસ્થ છે. અન્ય માર્ક્સવાદી વિચારકોની માફક તે પણ જીવન તેમજ સમાજની કોઈપણ પરિસ્થિતિનું મૂળ આર્થિક બાબતમાં જુએ છે અને ઈતિહાસના કોઈપણ પાસાની ચર્ચા માટે તેને પાયાની હકીકત માને છે. આમ છતાં, અમુક ચુસ્ત માર્કર્સવાદીઓના જેવા તેઓ રૂઢિગત નથી. બનાવોનું વિવરણ એકંદરે વૈજ્ઞાનિક છે અને તેમાં જે તે સમયના વાસ્તવિક પરિસ્થિતિનું ધ્યાન ગૌણ છે; ઈતિહાસની એક આગવી વિચારસરણીનાં વિકાસમાં કૌસામ્બીનો ફાળો પણ નોંધપાત્ર છે.

8.5 ચાવીરૂપ શબ્દો

માર્ક્સવાદી, મૂડીવાદી, સામ્યવાદી

8.6 સ્વાધ્યાય

❖ **વિસ્તૃત પ્રશ્નોના જવાબ આપો.**

૧. માર્ક્સવાદી વિચારસરણીના સિદ્ધાંતો જણાવો.

૨. ડી.ડી.કૌસામ્બીનું ભારતીય ઈતિહાસલેખન વિદ્યામાં યોગદાન જણાવો.

❖ **ટૂંક નોંધ લખો.**

૧. સામ્યવાદનું વિવેચન કરો.

૨. ભારતીય ઈતિહાસ લેખનમાં માર્ક્સવાદી ઈતિહાસ લેખન વિશે વિશે જણાવો.

8.7. સંદર્ભ અને વિશેષ વાચન

- ધારૈયા રમણલાલ કે : ઈતિહાસનું તત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ (યુનિઃગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ)
- ડી. ડી. કૌસામ્બી : ભગવાન બુદ્ધ વરદા પ્રકાશન, પુનt ISBN-978-98-91157-50-0
- ડી. ડી. કૌસામ્બી : ભગવાન બુદ્ધજીવન ઔર દર્શન,
- ડી. ડી. કૌસામ્બી : Myth and Reality, ISBN-10:9789386042262
- ડી. ડી. કૌસામ્બીઃ જાતક કથા સંગ્રહ (સુધીર પ્રકાશન પુને)
- ડી. ડી. કૌસામ્બી- ભારતીય સંસ્કૃતિ અને અહિંસા-સામાયિક પ્રકાશન -પુને
- ડી. ડી. કૌસામ્બી The Calture and Civilisation of Ancient India in Historical

એકમ - 9

ભારતીય ઈતિહાસ લેખનની સર્વહારા શાખા, ઈતિહાસ વિહોણાઓનો ઈતિહાસ, રણજીત ગુહા ઈતિહાસકાર તરીકે

:: રૂપરેખા ::

9.0 ઉદ્દેશો

9.1 પ્રસ્તાવના

9.2 સર્વહારા શાખા

9.3 સબલ્ટર્ન જગતની શરૂઆત લેખન-સંશોધનમાં

9.4 રણજીત ગુહા ઈતિહાસકાર તરીકે

9.5 સારાંશ

9.6 ચાવીરૂપ શબ્દો

9.7 સ્વાધ્યાય

9.8 સંદર્ભ અને વિશેષ વાચન

9.0 ઉદ્દેશો

પ્રસ્તુત પ્રકરણના અભ્યાસથી સર્વહારા અને સબલ્ટર્ન સ્ટડીઝ જેવા શબ્દોનો પરિચય થશે. ભારતીય સબલ્ટર્ન સ્ટડીઝના આરાધક રણજીત ગુહાના પ્રારંભિક જીવનનો પરિચય થશે તેમજ તેમના દ્વારા લિખિત વિવિધ ગ્રંથોથી વિદ્યાર્થીઓ વાકેફ થશે.

9.1 પ્રસ્તાવના

યુગો પ્રમાણે ઈતિહાસનો અર્થ બદલાતો રહ્યો છે પ્રાચીન સમયમાં રાજા-મહારાજાના પરાક્રમો, તેમની શોર્ય ગાથાઓ, વંશાવળિયો વગેરે બાબતોને આધારે ઈતિહાસનું આલેખન થતું હતું. મધ્યયુગના સમયમાં ઈતિહાસ લેખનમાં ધર્મ અને સામંતોનું પ્રભુત્વ જોઈ શકાય છે પરંતુ આધુનિક યુગમાં ઈતિહાસ તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલાયો અને માનવી કેન્દ્રસ્થાને આવ્યો. માનવજીવનને સ્પર્શતા તમામ પાસાને ઈતિહાસ લેખનમાં સ્થાન મળવા લાગ્યું તેમ છતાં ગરીબ પછાત વર્ગનો ઈતિહાસ દંતકથાઓ, મૌખિક પરંપરાઓ, લોકગીતો, કહેવતો, ટુચકાઓમાં સચવાયેલો જોઈ શકાય છે. વિશ્વમાં આવેલા સામાજિક, રાજકીય, આર્થિક,

સાંસ્કૃતિક પરિવર્તનો માટે ૧૨મી સદીથી લઈને ૧૫મી ૧૬મી સદી દરમિયાન બનેલી કેટલીક ક્રાંતિકારી ઘટનાઓને જવાબદાર ગણી શકાય જેવી કે નવજાગૃતિ, ધર્મસુધારણા આંદોલનો, ભૌગોલિક શોધખોળો, ઔદ્યોગિક ક્રાંતિ, સામ્રાજ્યવાદ, સંસ્થાનવાદ. એમાંયે ઔદ્યોગિક ક્રાંતિ થયા પછી જાણે કે વિશ્વ એક સામટા હજારો વર્ષ વટાવી ચૂક્યો હોય એટલી હદે પરિવર્તન આવ્યું. ઔદ્યોગિક તેમજ વાહન વ્યવહારના અવનવા યંત્રોએ વિશ્વના દેશોને એકબીજાથી તદ્દન નજીક લાવી દીધા. પરિણામ સ્વરૂપે સમાજમાં બે નવા વર્ગ અસ્તિત્વમાં આવ્યા મૂડીદાર વર્ગ અને મજૂરોનો વર્ગ. શોષક વર્ગ અને બીજો શોષિત વર્ગ. આજે જયારે દરેક ક્ષેત્રે પરિવર્તન આવી રહ્યું છે ત્યારે તેની અસર ઇતિહાસ તરફ જોવાના દૃષ્ટિકોણ ઉપર થવાની જ છે જેને આપણે નકારી શકીએ નહી.

9.2 સર્વહારા શાખા

સર્વહારા શબ્દ સમાજશાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર અને અર્થશાસ્ત્રમાં ઉપયોગમાં લેવાય છે આ શબ્દ એવા વર્ગના સંદર્ભમાં વપરાય છે કે જેમની પાસે ઉત્પાદનના સાધનો નથી હોતા એટલે કે સર્વહારા સમાજનો એ વર્ગ છે જેઓ પોતાના જીવનયાપન માટે પોતાના શ્રમ ઉપર નિર્ભર છે ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન, ઔદ્યોગિકીકરણનો પાયો નખાયો. ગૃહઉદ્યોગોનું સ્થાન ઉદ્યોગોએ લીધું. ઔદ્યોગિકીકરણનો વિકાસ થતા શહેરીકરણનો વિકાસ થયો પરિણામે એક મોટો મજૂર વર્ગ ઉભરી આવ્યો. રેલ્વે, કારખાનાઓ અને ઉદ્યોગોના વિકાસ સાથે, મોટી સંખ્યામાં ગામડામાં વસતો ભારતીય નાગરિક પોતાની પરંપરાગત આજીવિકા છોડીને આ નવા ક્ષેત્રોમાં કામ કરવા તરફ વળ્યો. આ શ્રમિકોને ઘણીવાર કઠોર પરિસ્થિતિઓ, લાંબા કામના કલાકો અને ખૂબ ઓછા વેતનનો સામનો કરવો પડતો હતો. ઉદ્યોગોના માલિકો દ્વારા આ મજૂર વર્ગનું મોટા પ્રમાણમાં શોષણ કરવામાં આવતું હતું. આવા આર્થિક રીતે ગરીબ, પછાત, હાંસિયામાં ધકેલાઈ ગયેલા, જેમની પાસે સંપત્તિ નથી અને જેઓ પોતાની આજીવિકા માટે પોતાની શ્રમ શક્તિ વેચે છે, તેવા વર્ગના લોકો માટે ભારતમાં 'સર્વહારા' શબ્દનો ઉપયોગ થાય છે. આ શબ્દ સામાજિક ન્યાય, અસમાનતા અને શ્રમિકોના અધિકારો પર થતી ચર્ચાઓમાં મહત્વપૂર્ણ રહ્યો છે. ટૂંકમાં સમાજનો છેવાડાનો, દબાયેલો, કચડાયેલો, શોષિત, પીડિત, સબલ્ટર્ન વર્ગ.

એવું પણ કહી શકાય કે 'સર્વહારા' એટલે એવો વર્ગ, જેનો ઇતિહાસમાં ક્યાંય ઉલ્લેખ મળતો નથી. જેઓ સમાજનું કે રાષ્ટ્રનું એક મહત્વનું અંગ હોવા છતાં હંમેશા તેમની અવગણના કરવામાં આવી છે, ઉપેક્ષા કરવામાં આવી છે. સદીઓથી જે શોષિત, પીડિત, ઉપેક્ષિત રહ્યો છે આવો વર્ગ એટલે ખેડૂતો, કામદારો, આદિવાસીઓ, દલિતો, સ્ત્રીઓ. આપણને પ્રશ્ન થાય કે શા માટે આ સર્વહારા વર્ગ

તરફ ઇતિહાસકારોનું કે અન્ય વિચારકોનું ધ્યાન ગયું નહી? શું એમણે રાષ્ટ્ર માટે કંઈ જ કર્યું નથી? ભલે ગ્રામસીની વિચારધારા ભારતના સર્વહારા ને બંધબેસતી ન હોય છતાંય તેણે ભારતના ઇતિહાસકારોના ઇતિહાસ તરફ જોવાના દૃષ્ટિકોણ બદલવામાં મહત્વનો ફાળો આપ્યો છે. જેને આપણે નકારી શકીએ નહી. સદીઓથી શોષણનો ભોગ બનનાર આ સર્વહારા વર્ગ પોતાના સામાજિક, આર્થિક જેવા આંતરિક પ્રશ્નોમાં જ એટલો ગૂંચવાયેલો રહે છે કે પોતાના હકો અધિકારોથી કંઇક અંશે પરિચિત હોવા છતાં તેના માટે અવાજ ઉઠાવી શકતો નથી. આ સર્વહારા વર્ગની ઇતિહાસમાં પણ કોઈ નોંધ લેવાઈ નથી. આઝાદી પછીના સમયમાં અને તેમાયે રણજીત ગુહાની વિચારધારાના ફેલાવા પછી ખેડૂત આંદોલનો, મજૂર ચળવળો, દલિત આંદોલનો, સ્ત્રીઓની સ્થિતિ, આદિવાસીઓ વગેરે વિશે સંશોધનો થયા છે. હમસા અલવીએ કિસાન સભા આંદોલન ૧૮૫૦-૧૯૯૦ ઉપર, સ્ટીફન કુચે આદિવાસી આંદોલન વિશે, ડૉ. એ આર દેસાઈ જેમણે દેશભરમાં થયેલા ખેડૂત આંદોલનોને આવરી લેતો સંશોધન કાર્ય કર્યું. ગુજરાતમાં પણ બારડોલી સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, લીમડી ખેડૂત સત્યાગ્રહ, આદિવાસી આંદોલનોને લઈને સંશોધનો થયા છે જે નોંધપાત્ર છે.

9.3 સબલ્ટર્ન જગતની શરૂઆત લેખન-સંશોધનમાં

સબલ્ટર્ન શબ્દ મૂળ અંગ્રેજી ભાષાનો છે ૧૭મી સદીની શરૂઆતમાં, આ શબ્દ ઈંગ્લેન્ડના લશ્કરમાં નીચલી પાયરીના અધિકારીઓ કે સૈનિકો (Non-commissioned or inferior rank) માટે પ્રયોજાતો હતો. ૧૮મી સદીમાં આ શબ્દનો ઉપયોગ શૈક્ષણિક સંદર્ભમાં થવા લાગ્યો. ૧૯મી સદીમાં કાર્લ માર્કસની વિચારસરણીનો મોટા પ્રમાણમાં ફેલાવો થયો અને શોષિત વર્ગ આ વિચારસરણીથી પ્રભાવિત થતો ગયો. યુરોપીય રાષ્ટ્રમાં માર્કસવાદી વિચારધારા સાથે સંકળાયેલ સરકારો અસ્તિત્વમાં આવી. આ વિચારધારાએ લખાણ ક્ષેત્ર પર પણ પોતાની આગવી છાપ છોડી જે આપણે એ સમયના લખાણોમાં જોઈ શકીએ છીએ. ૧૯મી સદીમાં યુરોપમાં અને પછીથી ભારત તેમજ એશિયાના રાષ્ટ્રોમાં ઔદ્યોગિક ક્રાંતિનું સર્જન થયું હતું. મૂડીવાદી અર્થતંત્રનો વિકાસ થતાં માલિકો અને મજૂરોનો, ખેડૂતોનો, કામદારોનો, વેઠિયાઓનો વર્ગ ઊભો થતો ગયો પરિણામે લેખકો, વિચારકોનું ધ્યાન આ ગરીબ મજૂરવર્ગ તરફ ગયું. જર્મનીના મહાન ફિલસૂફ કાર્લ માર્કસે સૌ પ્રથમ મજૂર ક્રાંતિની વાત કરી હતી. તેણે જગતના મજૂરોને એક થઈ અને મૂડીવાદના શોષણનો સામનો કરવા આહવાન કર્યું હતું. તેના મતે સમાજના ઉપલા અને નીચલા વર્ગની વાત કરી છે. આર્થિક રીતે સમૃદ્ધ વ્યક્તિઓ ઉપલા વર્ગમાં આવે છે અને તેઓ સત્તા સ્થાને છે પરંતુ ખરેખર મજૂરો જ દેશના આર્થિક વિકાસના પાયામાં છે એટલે તેમના હાથમાં સત્તા હોવી જોઈએ, તેમનું રાજ્ય હોવું જોઈએ. સત્તા મેળવવા

મજૂરોએ ક્રાંતિનો માર્ગ અપનાવવો જોઈએ. કાર્લ માર્કસની આ સામ્યવાદ અને સમાજવાદની વિચારસરણીએ વિશ્વના વિચારકો પર ગાઢ અસર કરી પરિણામે યુરોપ અને અમેરિકાના વિચારકો, લેખકો, ઇતિહાસકારો લોકાભિમુખ બનતા ગયા તેમના ઐતિહાસિક સંશોધનોમાં સામાન્ય માનવીના પ્રશ્નોને વાચા મળવા લાગી હતી.

૧૯મી સદીમાં ઇટાલીના માર્ક્સવાદી ચિંતક એન્ટોનિયો ગ્રામસી (Antonio Gramsci) એ સબલ્ટર્ન શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ હાંસિયાના વર્ગોને દર્શાવવા કર્યો હતો. તેણે સમાજશાસ્ત્રીય સંશોધનો બાદ આ શબ્દને સમાજવિજ્ઞાનમાં ચલણમાં આણ્યો. તેમણે આ શબ્દનો ઉપયોગ સમાજના ગૌણ, દલિત, ઉત્પિડિત અને કચડાયેલા લોકો માટે કર્યો. સબલ્ટર્ન શબ્દ લશ્કરી સંદર્ભમાંથી ઉદ્ભવીને, સમાજશાસ્ત્રીય અને છેવટે ઐતિહાસિક ક્ષેત્રમાં સમાજના ઉપેક્ષિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોના અનુભવો અને અવાજોને કેન્દ્રમાં લાવવા માટે વિકસ્યો છે. ગ્રામસીએ મુસોલીનીના ફાસીવાદી શાસનનો પોતાના લખાણોમાં તીવ્ર વિરોધ કર્યો હતો જેના પરિણામે તેને ટ્યુરીનની જેલમાં પૂરવામાં આવ્યો હતો. જેલવાસ દરમિયાન તેણે 'ધ પ્રિન્સ' અને 'પ્રિન્સ નોટ' જેવા પુસ્તકો તેણે લખ્યાં હતા. આ પુસ્તકોમાં તેણે નિમ્નસ્તરના વર્ગનો ઇતિહાસ, લોકાભિમુખ ઇતિહાસ, ઇતિહાસ વિહોણાઓના ઇતિહાસની વાત કરી છે ગ્રામસીના મૃત્યુ બાદ વર્ષો પછી તેના વિચારો વિશ્વભરમાં ફેલાયા અને સબલ્ટર્ન સ્ટડીઝ એક વિષય તરીકે ઇતિહાસમાં કેન્દ્રસ્થાને આવ્યો.

૧૯૭૦-૮૦ના સમયમાં ગ્રામસીના વિચારો મુજબ સબલ્ટર્ન સ્ટડીઝ ઉપર એશિયા, આફ્રિકા અને ભારતના યુવા સંશોધકોએ ઊંડાણપૂર્વકનો રસ લીધો ભારતમાં બ્રિટિશ કાળમાં સંસ્થાનવાદી સામ્રાજયવાદી સત્તાધીશ લેખકોએ પોતાના દૃષ્ટિકોણ મુજબ ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ, ધર્મ અને પ્રજાનું મૂલ્યાંકન કર્યું. ૧૯મી સદીમાં હિન્દ ઉપર બ્રિટનના વર્ચસ્વએ દુરગામી પરિણામો સર્જ્યા અને ભારતની પ્રજાને ગુલામ બનાવી. ગ્રામસી કહે છે કે વિદેશી સત્તા જીત પ્રાપ્ત કરતા પહેલા પોતાની સંસ્કૃતિ, સભ્યતા અને વૈચારિક ભૂમિકાના પગરણ કરે છે એ મુજબ બ્રિટિશરોએ પોતાની સંસ્કૃતિ, સભ્યતા, ધર્મ, વિજ્ઞાન અને ટેકનોલોજી ભારતની સંસ્કૃતિ, સભ્યતા, ધર્મ કરતા ચડિયાતી છે એવું દર્શાવ્યું અને તેઓએ ભારતની પ્રજાને ગુલામ બનાવી દીધી.

9.4 રણજીત ગુહા ઇતિહાસકાર તરીકે

રણજીત ગુહા જેમને ભારતીય ઇતિહાસકાર અને સબલ્ટર્ન સ્ટડીઝના શિલ્પકાર માનવામાં આવે છે જેઓ ૨૩ મે ૧૯૨૩માં બંગાળ પ્રાંતના સિદ્ધકટ્ટીમાં

(હાલ બાંગ્લાદેશમાં) જન્મ્યા હતા. રણજીત ગુહાએ સ્નાતકની ડીગ્રી પ્રેસિડેન્સી યુનિવર્સિટીમાંથી અને કલકત્તા યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. આ સમય દરમિયાન તેઓ ઇતિહાસકાર સુશોભન સરકારના કાર્યથી પ્રેરિત થયા હતા. ઈ.સ ૧૯૪૦માં તેઓ રાજકીય રીતે સક્રિય થયા હતા અને ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી સાથે જોડાયા હતા. તેમણે લંડન વર્લ્ડ ફેડરેશન ઓફ ડેમોક્રેટિક યુથમાં પણ કાર્ય કર્યું હતું. ઈ.સ ૧૯૫૩માં તેઓ ભારત પરત ફર્યા અને રાજકીય પ્રવૃતિઓથી દુરી બનાવીને શૈક્ષણિક ક્ષેત્રમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ઈ.સ ૧૯૫૯માં તેમણે યુનાઈટેડ કિંગડમમાં સ્થળાંતર કર્યું અને ડૉક્ટરેટ થયા હતા. ઈ.સ ૧૯૬૨માં સસેક્સ યુનિવર્સિટીમાં ઇતિહાસના રીડર તરીકે શરૂઆત કરી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીમાં જોડાયા અને ઈ.સ ૧૯૮૧માં નિવૃત્તિ લઈ લીધી આમ તેમણે પોતાના જીવનકાળ દરમિયાન અનેક જગ્યાએ સેવાઓ આપી હતી. ઈ.સ ૧૯૮૦ના સમયગાળામાં તેમણે ઐતિહાસિક અભ્યાસોમાં રહેલી અપૂર્ણતાઓને દૂર કરવા તેમજ એક નવા દૃષ્ટિકોણથી ઐતિહાસિક સંશોધનને હાથ ધરવા માટે દક્ષિણ એશિયાના ઇતિહાસકારો અને સમાજશાસ્ત્રીઓ સાથે મળીને સબલ્ટર્ન સ્ટડીઝ નામે ગ્રુપ બનાવ્યું હતું.

ઈ.સ. ૧૯૮૦ના અરસામાં ભારતીય ઇતિહાસકાર રણજીત ગુહાએ (Ranajit Guha) સબલ્ટર્ન શબ્દને ઇતિહાસલેખનમાં ચલણી બનાવ્યો હતો. તેમના પ્રયાસોથી "સબલ્ટર્ન સ્ટડીઝ" અથવા "સબલ્ટર્ન હિસ્ટોરીયોગ્રાફી" નામની ઇતિહાસલેખન પદ્ધતિ આકાર પામી. આ પદ્ધતિ "સર્વહારા વર્ગનો ઇતિહાસ", "શોષિતોનો ઇતિહાસ", "દબાયેલા અને કચડાયેલાઓનો ઇતિહાસ" અથવા "અધીનસ્થોનો ઇતિહાસ" તરીકે પણ ઓળખાય છે. આ અભિગમમાં દલિતો, આદિવાસીઓ, સ્ત્રીઓ, ખેતદાસો અને કારખાનાના મજૂરો જેવા સમાજના છેવાડાના લોકોના ઇતિહાસને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ લેખન પદ્ધતિ મુજબ ઇતિહાસનું નિર્માણ કોઈ એક વર્ગ, એક સમાજ કે એક જાતિ આધારિત ન હોઈ શકે ઇતિહાસ નિર્માણમાં દરેક વર્ગનો ફાળો રહેલો છે માટે ભદ્ર વર્ગ કે અભિજાત વર્ગનો ઇતિહાસ ન હોઈ શકે. સબલ્ટર્ન ઇતિહાસ લેખનની શરૂઆત થતાં જે વર્ગની હંમેશા ઇતિહાસ લેખનમાં અવગણના થયેલી હતી તેવા આદિવાસીઓ, દલિતો, ખેડૂતો, મજૂરો, વંચિતો, શોષિતો, પીડિતોને સ્થાન મળ્યું અને યુવા ઇતિહાસકારો આવા સંશોધનોમાં રસ લેતા થયા હતા.

રણજીત ગુહા એ ભારતીય સબલ્ટર્ન સ્ટડીઝમાંથી ગ્રામસીના વિચારોને ફગાવીને ઇતિહાસ લેખન પદ્ધતિની નવી દિશા ખોલી. ગ્રામસીએ સમાજનો ઈલાઈટ ઉપલો વર્ગ અને બીજો સર્વહારા એટલે કે નીચલો વર્ગ આ બંને વર્ગો વચ્ચે જાણે કે

કોઈપણ પ્રકારનો સંબંધ ન હોય એમ બે વિભાગમાં વહેંચી નાખ્યા હતા પરંતુ ગુહાના મતે આ બંને વર્ગ વચ્ચે લક્ષ્મણ રેખા અશક્ય છે કારણ કે દેશના વિકાસની વાત હોય દેશની સ્વતંત્રતાની વાત હોય દરેક બાબતમાં આ નીચલા વર્ગે પણ પ્રદાન આપ્યું છે. આજના સમયમાં આ નીચલો વર્ગ શિક્ષિત બન્યો છે સામાજિક, રાજકીય, આર્થિક ક્ષેત્રે ઉપલા વર્ગ સાથે કંઈક અંશે હરીફાઈમાં આવ્યો છે. ગ્રામસીના મત અનુસાર મજૂરો, છેવાડાના વર્ગો જેમણે ધર્મ, જાતિ કે વંશીય અલગતાના કારણે તેમને હલકા ગણાવ્યા છે અને આ એવા દબાયેલા લોકોનો વર્ગ છે જેણે ગુલામીની સત્તાને સ્વીકારી લીધી છે જ્યારે રણજિત ગુહા એવી સબલ્ટર્ન સ્ટડીની વાત કરે છે જેમાં બળવા, પ્રતિકાર, વિરોધ આ કચડાયેલ કે દબાયેલી પ્રજાની જાગૃતિના કારણે ઉદ્ભવ્યા હોય.

ભારતના ઈતિહાસ લેખનની વાત કરીએ તો ઈતિહાસ નિર્માણમાં ભદ્ર વર્ગનો જ ઈજારો હોય એવું જોઈ શકાય છે કારણ કે આદિવાસીઓ, દલિતો, ખેડૂતો, મજૂરો વગેરે વર્ગના લોકોને સમાજ વ્યવસ્થા અનુસાર શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર ન હતો. પરિણામે તેઓ અજ્ઞાનના અંધકારમાં ડૂબેલા હતા. ૨૦મી સદીમાં ડૉક્ટર ભીમરાવ આંબેડકરના પ્રયત્નોથી દલિત વર્ગ જાગૃત બન્યો હતો. પરિણામે દલિત મંડળ સ્થપાયા હતા. દલિત નેતાઓ તૈયાર થયા હતા અને દલિત પરિષદો ભરાઈ હતી. તેઓ પોતાના હકો જેવા કે જાહેર કુવા-તળાવનો ઉપયોગ, મંદિર પ્રવેશ, શિક્ષણ વગેરેની માંગણીને લઈને સંઘર્ષ કરતા થયા હતા. ડૉક્ટર ભીમરાવ આંબેડકરની આગેવાનીમાં કરવામાં આવેલ કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ, મહાડ સત્યાગ્રહ નોંધપાત્ર છે. દલિતો દ્વારા કરવામાં આવેલ સત્યાગ્રહ વિદેશીઓ સામે નહી પરંતુ પોતાના જ દેશના, પોતાને ઉચ્ચ માનતા અને દલિતો સાથે પશુથી પણ બદતર વ્યવહાર રાખનાર વર્ગની સામે હતો. ૧૯૮૦ પછી આદિવાસી, દલિત અભ્યાસો મોટા પાયા પર થવા લાગ્યા છે. ગુજરાતમાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ જેઓ હંમેશા પછાત જાતિઓના શિક્ષણ માટે પ્રયત્નશીલ હતા. તેમણે આદિવાસી સંશોધનને પ્રેરણા આપી હતી પરિણામે 'નવસારી પ્રાંતના કાળીપરજ ગીતો' પરનું સંશોધન શક્ય બન્યું હતું જે મહારાજા સયાજીરાવ ગાયકવાડના પ્રયત્નોનું ઉત્તમ ઉદાહરણ છે.

બ્રિટિશ શાસન હેઠળના ભારતમાં વિવિધ જગ્યાએ બ્રિટિશરો દ્વારા થતા શોષણ સામે ખેડૂતો, મજૂરો કે આદિવાસી પ્રજાએ વિરોધ નોંધાવ્યો હતો પરંતુ તેને બળવા તરીકે ખપાવવામાં આવ્યો હતો. આમ પણ આદિવાસીઓને બ્રિટિશરો બળવાખોર, બહારવટીયા, જંગલી તરીકે ઓળખાવતા હતા. એજ રીતે રાજસ્થાન, ગુજરાતમાં આદિવાસીઓ દ્વારા અનેક બળવા કરવામાં આવેલા છે. ગુજરાતમાં અંગ્રેજો સામે સૌપ્રથમ બળવો પંચમહાલની આદિવાસી પ્રજાએ કર્યો હતો. આદિવાસી

નાયક જોરીયા પરમેશ્વર હોય કે રૂપસિંહ નાયક જેમણે બ્રિટીશરોને હંફાવી દીધા હોવાના પુરાવા પ્રાપ્ત થાય છે. તેમાંયે ઈ.સ ૧૯૧૩માં માનગઢ મુકામે બનેલો માનગઢ હત્યાકાંડનો બનાવ આદિવાસીઓના પ્રતિકારનું ઉત્તમ ઉદાહરણ છે.

રણજીત ગુહાને ભારતીય સબલ્ટર્ન સંશોધનમાં લાગ્યું કે ભારતના કચડાયેલા દબાયેલા શોષિતોનો ઈતિહાસ કાં તો સંસ્થાનવાદી કે ભારતીય ઈતિહાસકારો દ્વારા લખાયેલો છે સંસ્થાન વાદી આ પ્રજાને જંગલી, ગુનેગાર, બહારવટિયા કહે છે જ્યારે ભારતીય ઈતિહાસકારો તેમને યોગ્ય ન્યાય આપી શક્યા નથી.

માર્ક્સવાદી વિચારસરણી અનુસાર ઉત્પાદનના સાધનો પર માલિકી હક માલિક અને મજૂર બંને વર્ગો વચ્ચે થતો વર્ગ સંઘર્ષ એટલે સબલ્ટર્ન સ્ટડીઝ પરંતુ ભારતમાં આ વિચારધારા બંધબેસતી નથી વર્ણવ્યવસ્થાના આધારે રચાયેલ સામાજિક વ્યવસ્થાના કારણે અસ્પૃશ્યતા જેવી બદીઓ સમાજમાં વ્યાપ્ત છે ચોક્કસ વર્ગના લોકોનો વ્યવસાય, પહેરવેશ, ખાનપાન, ધાર્મિક રીતરિવાજો, રહેઠાણ વગેરે નીચલા ગણાતા કે અભિજાત વર્ગના લોકો કરતા અલગ હોય છે તેમજ અભિજાત વર્ગને પોતાની જીવનશૈલી, રહેણીકરણી, પોતાના વિચારો, સામાજિક ચેતના, નેતૃત્વ પદ્ધતિ, હકો અધિકારો માટેની જાગૃતિ હોય છે એટલે સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક એમ દરેક પાસાને ધ્યાનમાં લઈને ઈતિહાસનું આલેખન કરવું જોઈએ.

સબલ્ટર્નિસ્ટ ગાયત્રી ચક્રવર્તી સ્પીવાક કહે છે કે સમગ્ર ભારતની પ્રજા સંસ્થાનવાદી યુગમાં સબલ્ટર્ન કચડાયેલી, દબાયેલી, શોષિત હતી. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય કે શુદ્ર બધાનો સમાવેશ ગુલામ પ્રજામાં થતો હતો અને બ્રિટિશરો આ ગુલામ પ્રજાને રોજિંદા જીવનમાં ગુલામ હોવાની અનુભૂતિ કરાવવાનો એક પણ મોકો છોડતા નહોતા. એમાંય અંગ્રેજ અમલદારો અને ભારતીય જમીનદારો સાથે મળીને ખેડૂતોનું શોષણ કરતા હતા. અંગ્રેજી દફ્તરોમાં આદિવાસીઓ માટે જંગલી, પછાત જેવા શબ્દોનો ઉલ્લેખ તેની સાક્ષી પૂરે છે.

૧૯મી સદીમાં ભારતના જુદા જુદા વિસ્તારોમાં ખેડૂતોએ સ્વયંભૂ જાગૃત થઈને પોતાના શોષણ સામે બળવાઓ કર્યા હતા. સ્વતંત્રતા પછીના સમયમાં ખેડૂતો દ્વારા અને આદિવાસીઓ દ્વારા કરવામાં આવેલા બળવાને લઈને અનેક સંશોધનો થયા છે.

સબલ્ટર્ન સ્ટડીઝમાં ખાસ કરીને યુરોપના સંશોધકો અને ઈતિહાસકારોની મુખ્ય ભૂમિકા રહી છે, પરંતુ આપણને પ્રશ્ન થાય કે ભારતીય સર્વહારાની સંસ્કૃતિ,

સભ્યતા, તેમનું રાજકીય, સામાજિક, આર્થિક ક્ષેત્રે સ્થાન શું? શું ભારતનો છેવાડાનો વર્ગ અન્ય દેશોના છેવાડાના વર્ગો કરતા અલગ છે?

રણજીત ગુહાના ગ્રંથો

રણજીત ગુહાના ગ્રંથો અંગ્રેજીમાં લખાયેલા છે. તેમનો ગ્રંથ Rule of property for Bengal an essay on the idea of permanent satlement ઈ.સ ૧૯૬૩માં પ્રકાશિત થયો હતો. તેને વસાહતી (Colonial) અને ઉત્તર વસાહતી (Post Colonial) અભ્યાસોના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ગ્રંથ માનવામાં આવે છે આ ગ્રંથમાં રણજીત ગુહાએ બંગાળમાં બ્રિટિશરો દ્વારા જે કાયમી જમાબંધી લાગુ કરવામાં આવી તેના વિશે ઊંડાણપૂર્વકની માહિતી રજૂ કરી છે કાયમી જમાબંધીએ બ્રિટિશરો દ્વારા વહીવટી ક્ષેત્રમાં કરવામાં આવેલો પહેલો હસ્તક્ષેપ હતો તેનો મુખ્ય ઉદ્દેશ બંગાળમાં મિલકતના નિયમો લાગુ કરવાનો અને ૧૭૭૦ થી ૧૭૮૦ ના દાયકામાં ઈંગ્લેન્ડમાં જે રીતે કૃષિનો વિકાસ થયો હતો એ રીતે બંગાળમાં પણ સમૃદ્ધ મૂડીવાદી કૃષિનો વિકાસ કરવાનો હતો. તેમનો બીજો ગ્રંથ Elementary aspect of present in insurgency in colonial India છે જેમાં રણજીત ગુહા ભારતીય રાષ્ટ્રવાદના પરંપરાગત ઈતિહાસ લેખનને પડકારે છે અને વસાહતી ભારતમાં થયેલા ખેડૂત વિદ્રોહની નવા જ દૃષ્ટિકોણ સાથે રજૂઆત કરે છે ગુહા એ વાત પર ભાર મૂકે છે કે ખેડૂત વિદ્રોહ સ્વયંભૂ નહોતો પરંતુ તેની પાછળ એક ઊંડી વિદ્રોહી ચેતના હતી. તેઓની પાસે વસાહતી શાસન અને સ્થાનિક ઉચ્ચ વર્ગ સામે વિદ્રોહ કરવાની સમજ હતી. ગુહા વસાહતી અને રાષ્ટ્રવાદી બંને પ્રકારના ઉચ્ચ વર્ગીય ઈતિહાસ લેખનની ટીકા કરે છે તેમનો તર્ક છે કે આ ઈતિહાસ લેખન ખેડૂતોના વિદ્રોહને માત્ર કાયદો અને વ્યવસ્થાની સમસ્યા તરીકે અથવા ઉચ્ચ વર્ગના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી આંદોલનના ભાગરૂપે જુએ છે. આ ગ્રંથમાં વસાહતી ભારતમાં ૧૭૮૩ થી ૧૯૦૦ની વચ્ચે થયેલા ખેડૂત વિદ્રોહોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ગુહા કહે છે કે ખેડૂતોએ તેમના વિદ્રોહના બહુ ઓછા લેખિત રેકોર્ડ છોડ્યા છે તેથી તેઓ ઉચ્ચ વર્ગ દ્વારા લખાયેલા સત્તાવાર રેકોર્ડમાં છુપાયેલા ખેડૂતોના અવાજને ઉજાગર કરવાનો પ્રયત્ન કરે છે. ગુહાના મતે રાષ્ટ્રવાદ અને પ્રજાકીય ઈતિહાસ વચ્ચે અંતર જોવા મળે છે. આદિવાસીઓના બળવાઓને રાષ્ટ્રવાદ સાથે કોઈ લેવા દેવા ન હતી. આ બળવા, આ વિદ્રોહ સ્વયંભૂ સ્વતંત્ર અને પોતાની જાગૃતિને કારણે ઉદ્ભવ્યા હતા. ડી એન ધનગર, જ્ઞાનદેવ પાંડે પણ જણાવે છે કે ખેડૂતોના આંદોલનો દલિતોના આંદોલનો કે આદિવાસીઓના આંદોલનોની રાષ્ટ્રવાદ સાથે સંબંધ ન હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આવા છીછરા રાષ્ટ્રવાદને નકારી કાઢ્યો હતો તેઓ માનતા હતા કે કયા દેશની સ્વતંત્રતા? કયા લોકોની સ્વતંત્રતા? જે સમાજે અસ્પૃશ્ય ગણી, હલકા ગણી

૫૦૦૦ વર્ષથી અમારી સાથે પશુથી પણ બદતર વર્તન કર્યું છે તે સમાજની આઝાદી માટે અમારે લડવાનું? આઝાદી મળ્યા પછી પણ અમને તો આઝાદી મળવાની નથી. તેમના આવા વિચારોથી રાષ્ટ્રવાદ અંગેના નવા વિચારો ઉભા થયા હતા.

ઈ.સ ૧૯૮૨માં ઇતિહાસકાર રણજીત ગુહાએ ભારતીય સબલ્ટર્ન સ્ટડીઝના અભ્યાસ અર્થે યુરોપ, અમેરિકા અને ભારતના ઇતિહાસકારોનું એક જૂથ ઊભું કર્યું જેમાં રણજીત ગુહા, સુમિત સરકાર, ગાયત્રી ચક્રવર્તી સ્પીવાક, ડેવિડ આર્નોલ્ડ, મસ્જિદ સીદીકી, જ્ઞાનદેવ પાંડે, પાર્થ ચેટેર્જી, દીપક ચક્રવર્તી વગેરે તેની સંપાદક સમિતિમાં હતા. આ જૂથના સભ્યોએ જુદા જુદા ક્ષેત્રમાં આદિવાસી અને દલિતોનો અભ્યાસ શરૂ કર્યો ૧૯૮૨ થી ૧૯૯૯ દરમિયાન ૪૭ લેખકોનો સમાવેશ કરતા સબલ્ટર્ન સ્ટડીઝના ૧૦ ગ્રંથો બહાર પાડ્યા છે (Subaltern studies) સબલ્ટર્ન સ્ટડીઝના ભાગ ૧ થી ૧૦ ખંડો છે જેમાં શરૂઆતના ૬ ખંડોનું સંપાદન રણજીત ગુહાએ કર્યું હતું. આ ખંડોમાં ખેડૂત વિદ્રોહો અને પ્રતિકાર, જાતિ અને વર્ગ સંબંધો, સંસ્થાનવાદી શાસનનો પ્રભાવ, રાષ્ટ્રવાદી આંદોલનમાં સબલ્ટર્ન સમુદાયોની ભાગીદારી, મૌખિક ઇતિહાસ દ્વારા સબલ્ટર્ન વર્ગનો ઇતિહાસ જાણવો, મહિલાઓના પ્રતિકારનું વિશ્લેષણ કરવું જેવા વિવિધ વિષયોના સંશોધનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમનો History at the limit of World History ગ્રંથ પરંપરાગત વિશ્વ ઇતિહાસના ખ્યાલોને પડકારે છે. ગુહાના મતે પ્રવર્તમાન વિશ્વ ઇતિહાસ મોટાભાગે યુરોપીયન દૃષ્ટિકોણ પર આધારિત છે જે બિન પશ્ચિમી સમાજોને હાંસિયામાં ધકેલી દે છે. ગુહા દલીલ કરે છે કે વૈશ્વિક ઇતિહાસ ત્યારે જ સાચો વૈશ્વિક બની શકે જયારે તે વિવિધ સંસ્કૃતિઓને સમાન રીતે સ્થાન આપે.

9.5 સમાપન

રણજીત ગુહા અને કેટલાક સંશોધકોએ જૂથ ઊભું કરીને સબલ્ટર્ન લેખનપદ્ધતિ પ્રમાણે વિવિધ વિષયોને લઈને સંશોધન કાર્ય કર્યું છે પરંતુ સબલ્ટર્ન વર્ગના ઘણા સાંસ્કૃતિક પાસાં હોવાના કારણે સંશોધકોમાં ભિન્ન ભિન્ન મતમતાંતરો જોવા મળે છે જેના કારણે ગુહાએ ઉભા કરેલા જૂથમાંથી કેટલાક ઇતિહાસકારો છુટા પડ્યા હતા તો નવા સંશોધકો ઉમેરાયા હતા. આ અભ્યાસો સમાજના નિમ્નસ્તરીય વર્ગ ઉપર સંપૂર્ણ પ્રકાશ પાડી શક્યા નથી. આજે સબલ્ટર્ન જગત પણ વૈશ્વિકરણનો ભાગ બન્યું છે છેવાડાના વર્ગો પર પણ પશ્ચિમીકરણની અસર જોઈ શકાય છે જેથી તેમની આગવી સંસ્કૃતિ સામે જોખમ ઊભું થયેલું જોઈ શકાય છે જે ચિંતાનો વિષય છે.

9.6. ચાવીરૂપ શબ્દો

- સબલ્ટર્ન : દબાયેલા, કચડાયેલા વર્ગ
- ઈતિહાસ વિહોણા : ઈતિહાસ વિનાના

9.7. સ્વાધ્યાય

૧. રણજીત ગુહાનો જન્મ ક્યાં થયો હતો?.

૨. સબલ્ટર્ન શબ્દનો ઉપયોગ સૌ પ્રથમ કોણે કર્યો હતો?

૩. રણજીત ગુહાના કોઈ બે ગ્રંથોના નામ આપો.

૪. રણજીત ગુહાની સાથે સબલ્ટર્ન સ્ટડીઝના ગ્રુપમાં કોણ હતા?

૫. સર્વહારા એટલે કોણ?

નીચે આપેલ પ્રશ્નોના વિસ્તુત જવાબો આપો :

૧.રણજીત ગુહા એક ઈતિહાસકાર તરીકે સમજાવો.

_____
_____
_____
_____
_____

૨.ઈતિહાસ લેખનની સર્વહારા શાખા વિશે જણાવો.

_____
_____
_____
_____

9.8. સંદર્ભ અને વિશેષ વાચન

- વાઘેલા અરુણ, ''ઈતિહાસ દર્પણ'' સુરભી પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૬
- મહેતા શીરીનનો લેખ સર્વહારા- સબલ્ટર્ન અભ્યાસની વૈચારિક ભૂમિકામાંથી
ભૂમધ્ય સાગરનો ઈતિહાસ લખવા માટે બ્રોડેલ અથાક પરિશ્રમ કર્યો હતો. સંશોધન પ્રક્રિયા દરમિયાન તેણે પુષ્કળ ધૈર્ય અને શ્રમસાધના કરી હતી. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન (૧૯૩૯-૧૯૪૫) જર્મનોના હાથે કેદ થયો હતો. જેલવાસ દરમિયાન સમયનો સદુપયોગ બૌદ્ધિક મંથન અને લેખનમાં કર્યો હતો. બ્રોડેલની ભૂમધ્ય સાગરનો ઈતિહાસ એક ઉત્કૃષ્ટ કૃતિ છે. જે તેની જેલવાસ દરમિયાનના અથાગ પ્રયત્નોનું સુખદ પરિણામ હતું. જેમાં તેણે પ્રાપ્ત સ્ત્રોતોનો મંથર ગતિએ અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરી યાદશક્તિના બળે લેખનકાર્ય શરૂ કર્યું. ભૂમધ્ય સાગરનો ઈતિહાસ એનાલ્સ શાખાનું પણ મહત્વપૂર્ણ પુસ્તક છે. આ ગ્રંથના પ્રકાશન પછી બોડેલ તેની વ્યવસાયી કારકિર્દીમાં ફ્રાન્સના મહત્વના ઈતિહાસકાર તરીકે પ્રસ્થાપિત થયો હતો.

મેડિટેરનિયન લેખનમાં તેણે અનેક પ્રકારની આંકડાકીય માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાં વ્યાપાર, કર, ભાવ, મજૂરી, વજન, સોના ચાંદી, નદી-નાળા, પર્વત, ઋતુઓ, વાતાવરણ, ભૂગોળ વગેરેના સમાવેશ થતો હતો. ઈતિહાસના નિષ્કર્ષો તારવવામાં આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ બ્રોડેલ દ્વારા શરૂ થયેલી નવીન વિદ્યા હતી.

તેણે ભૂગર્ભીય ઈતિહાસલેખન તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરી. એનાલ્સ શાખાના ઈતિહાસલેખનમાં નવો આયામ ઉમેર્યો હતો. તેણે પોતાના પૂરોગામીઓ જેવાં કે હેનરી બર, માર્ક બ્લાંશ, લુસે ફેબ્રેની ઈતિહાસલેખનની પરંપરાને સ્થાયી કરી હતી.

11.8 એનાલ્સ શાખાના અન્ય ઈતિહાસકારો

બ્રોડેલ, ફેબ્રે, માર્ક બ્લાંશ એનાલ્સ શાખાના પહેલી પેઢીના ઈતિહાસકાર હતાં. બ્રોડેલના પુસ્તક મેડિટેરેનિયન એ ઈતિહાસના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પીટર બર્ડ;૧૯૫૦ પછીના દશકાના યુરોપીયન ઈતિહાસકારો તેનાથી પ્રભાવિત હોવાનું નોંધે છે. તેણે ઈટાલી, સ્પેન, પોલેન્ડ, બ્રિટન અને અમેરીકામાં અનેક ઈતિહાસકારોને નવીન પધ્ધતિએ વિચારવા તથા સંશોધન કરવા માટે પ્રેરિત કર્યા હતાં.

એનાલ્સ શાખામાં પાછળથી ઘણાં મહત્વપૂર્ણ ઈતિહાસકારો પેદા થયા હતાં. જેમાં સૌથી મોખરે પિયરે ગાઉનું નામ છે. તેણે બ્રોડેલની પેઠે એટલાન્ટીક સમુદ્રને તેના અભ્યાસનો વિષય બનાવ્યો હતો. તેનો આ ગ્રંથ ૧૨ ખંડોમાં (૧૯૫૫-૬૦) વિભાજીત છે તે સિવાય 'દ પેઝન્ટસ ઓફ દ લેંગ્લેડોક (૧૯૬૬) નામની કૃતિ પણ લખી હતી. તે પછીનો મહત્વનો ઈતિહાસકાર રોબર્ટ મેંડાઉ હતો. તેણે ઈન્ટ્રોડકસન ટુ મોર્ડન ફ્રાન્સ : ૧૫૦૦-૧૬૪૦(૧૯૬૧)' નામનો મહત્વપૂર્ણ ગ્રંથ લખ્યો છે.

11.9 સારાંશ

એનાલ્સ શાખાનું ઈતિહાસલેખન શ્રમ સાધ્ય છે. વળી તે એકલ દોકલ ઈતિહાસકારનું કર્તુત્વ બનવાને બદલે ઈતિહાસકારોના સમૂહનું સર્જન છે. તેમણે ઈતિહાસને સીમાઓમાં ન બાંધીને ઈતિહાસ તત્ત્વનું રક્ષણ કર્યું હતું. આ શાખાના ઈતિહાસકારોએ વૈજ્ઞાનિક પ્રક્રિયા અને શ્રમસાધ્ય પધ્ધતિથી ઈતિહાસને ઊંડાણપૂર્વક શોધવા પર ભાર મૂક્યો હતો. આંતરશાસ્ત્રીય અભિગમના હિમાયતી હોવા છતાં તેઓ ઈતિહાસમાં કોઈ મૂળભૂત પરિવર્તન ઈચ્છતા ન હતાં. તેમનો મૂળ ઉદ્દેશ ઈતિહાસ સંશોધન પધ્ધતિને સમૃદ્ધ કરી ઈતિહાસના દાયરાને વિસ્તારવાનો હતો. એનાલ્સ ઈતિહાસલેખન શાખાએ ઈતિહાસને સામાજિક વિજ્ઞાનોમાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવવાનો પ્રયત્ન પણ કર્યો હતો. ટૂંકમાં ઈતિહાસલેખનના ઈતિહાસમાં એનાલ્સ ઈતિહાસ લેખન શાખા મહત્વપૂર્ણ મુકામ છે.

11.10 તમારી પ્રગતિ ચકાશો (૨)

(અ) લાંબા પ્રશ્નોનાં જવાબ આપો.

(૧) ઈતિહાસલેખનના ક્ષેત્રે એનાલ્સ શાખાની વિશેષતાઓ જણાવો.

---

(૨) એનાલ્સ શાખાના મુખ્ય ઈતિહાસકારો આપેલ ઈતિહાસનું પ્રદાન સમજાવો.

---

(૩) એનાલ્સ શાખાના અન્ય ઈતિહાસકારોની લેખન પ્રવૃતિની ચર્ચા કરો.

(બ) ખાલી જગ્યા પૂરો.

(૧).....કાંતિ દરમ્યાન વોલ્ટરે અને મોનસ્કયુએ ઈતિહાસની રાજકીય વિભાવનાને પડકાર આપ્યો.

(૨)૧૯૨૯માં પેરિસમાં ..... શીર્ષકથી ઈતિહાસના જર્નલ નો આરંભ થયો.

(૩)દેવર રોપરે લખ્યુ કે, ૨૦મી સદીના ઈતિહાસ અધ્યયન પર સૌથી વધુ પ્રભાવ ..... શાખાનો હતો.

(૪)એનાલ્સ શાખાના ઈતિહાસ લેખન પર સમાજશાસ્ત્રી .....ના વૈજ્ઞાનિક વિચારોની અસર હતી.

(૫) Synthesis of Historical Knowledge : Essay on the Future of Philosophy - નામનો ગ્રંથ ..... લખ્યો.

(૬)..... નો જન્મ લિયોસનાં યહુદી પરિવારમાં થયો.

(૭)માર્ક બ્લાંશ .....માં એનાલ્સ જર્નલના સંપાદક બન્યાં હતાં.

(૮)ફર્નેલ્ડ બ્રોડેલનો જન્મ .....માં થયો હતો.

(૯)ફર્નેલ્ડ બ્રોડેલને 'મિડિટેરેનિયન એન્ડ દ મિડિટેરેનિયન વલ્ડ ઈન દ એઈઝ ઓફ ફિલીપ-૨' નામનો ગ્રંથ લખતાં ..... વર્ષ લાગ્યાં હતાં.

(૧૦).....ઈન્ટ્રોક્સન ટુ મોર્ડન ફ્રાન્સ નામનો ગ્રંથ લખ્યો.

11.11 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો. : (૧) (૨)

(૧) (કેમ્બ્રિજ શાખા)

(બ) (૧) અનિલ સીલ અને ગૈલધર (૨) ઈ.સ. ૧૯૬૮ (૩) કેમ્બ્રિજ

(૨) (એનાલ્સ શાખા)

(બ) ખાલીજગ્યા પુરો.

(૧) ફ્રાન્સ (૨) દિ એનલ્સ (૩) એનાલ્સ (૪) ઈમાઈલ દર્ખાલમ (૫) હેનરી બરી

(૬) માર્ક બ્લાંશ (૭) ૧૯૨૯ (૮) ૧૯૦૨ (૯) ૨૦ (૧૦) રોબર્ટ મોકાઉ

11.12. સંદર્ભ અને વિશેષ વાચન

(૧) (કેમ્બ્રિજ શાખા)

- ડૉ. રમણલાલ ક. ધારૈયા – ઈતિહાસનું વિજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
- પરીખ રસીકલાલ છોટાલાલ - ઈતિહાસ, સ્વરૂપ અને પધ્ધતિ, અમદાવાદ, ૧૯૬૯
- બુધ્ધ પ્રકાશ – ઈતિહાસ દર્શન, નઈ દિલ્લી, ૧૯૬૨
- શર્મા, રામવિલાસ – ઈતિહાસ દર્શન, નઈ દિલ્લી, ૧૯૯૫

(૨) (**એનાલ્સ શાખા**)

- કોલિંગવુડ આર.જી. : ધી આયડિયા ઓફ હિસ્ટ્રી, ન્યુયોર્ક, ૧૯૯૪
- બુધ્ધ પ્રકાશ : ઈતિહાસ દર્શન, ઈલાહાબાદ, ૧૯૬૨ (હિન્દી ગ્રંથ)
- શર્મા રામવિલાસ : ઈતિહાસ દર્શન, નઈ દિલ્લી, ૧૯૯૫ (હિન્દી ગ્રંથ)
- ડૉ. રમણલાલ ક. ધારૈયા – ઈતિહાસનું વિજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
- પરીખ રસીકલાલ છોટાલાલ - ઈતિહાસ, સ્વરૂપ અને પધ્ધતિ, અમદાવાદ, ૧૯૬૯

એકમ - 12

ઈતિહાસ લેખનમાં વિવિધ સંસ્થાઓનું યોગદાન :

(ભારતીય વિદ્યા ભવન, ભારતીય ઈતિહાસ પરિષદ અને ઈન્ડિયન ઓફ હિસ્ટ્રી કોંગ્રેસ)

:: રૂપરેખા ::

12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ઈતિહાસ લેખનમાં વિવિધ સંસ્થાઓનું યોગદાન

12.2.1 ભારતીય વિદ્યા ભવનની સ્થાપના

12.2.2 એક પ્રકાશન તરીકે ભારતીય વિદ્યા ભવન

12.2.3 સ્વતંત્ર બાદની પ્રવૃત્તિઓ

12.3 ઈન્ડિયન હિસ્ટ્રી ઓફ કોંગ્રેસ

12.3.1 સ્થાપના

12.3.2 ઈન્ડિયન હિસ્ટ્રી ઓફ કોંગ્રેસ એક પ્રકાશન

12.4 ભારતીય ઈતિહાસ પરિષદ

12.4.1 ભારતીય ઈતિહાસ પરિષદના મુખ્ય ઉદ્દેશો

12.4.2 ભારતીય ઈતિહાસ પરિષદની સ્થાપના

12.4.3 ભંડોળ (આર્થિક સહાય)

12.4.4 અધ્યક્ષો

12.4.5 કાઉન્સિલની રચના

12.4.6 ભંડોળ (આર્થિક સહાય)

12.5 સારાંશ

12.6 ચાવીરૂપ શબ્દો

12.7 તમારી જાતે ચકાસોના જવાબો

12.8 સંદર્ભ અને વિશેષ વાચન

12.0 ઉદ્દેશો

- અભ્યાસના અંતે વિદ્યાર્થીઓ ભારતીય વિદ્યા ભવનની સ્થાપનાનો હેતુ સમજે તેમજ ઈતિહાસ વિષયમાં સંશોધન ક્ષેત્રમાં આપેલું યોગદાન વિશે જાણે.

- વિદ્યાર્થી રાજ્ય બહાર રાષ્ટ્રીય કક્ષાએ ઐતિહાસિક સંશોધન કરતી વિવિધ સંસ્થાઓની જાણકારી પ્રાપ્ત કરે.

- વિદ્યાર્થીઓ વિવિધ સંશોધન અર્થે આપવામાં આવતા આર્થિક યોગદાન વિશે જાણે તેમાં રસ લઈ જોડાઈ શકે.

12.1 પ્રસ્તાવના

ભારતીય ઈતિહાસ લેખનમાં વિવિધ સંસ્થાઓનું યોગદાન રહ્યું છે. આઝાદી પહેલા અનેક સંશોધન કર્તાઓએ ભારતીય પ્રજા સમક્ષ ઈતિહાસ રજૂ કરવા, તેમજ સંસ્કૃતિના મૂલ્યો જળવાઈ રહે અને તેના અમૂલ્ય વારસાની સાચી જાણકારી પ્રાપ્ત થાય તે માટે શ્રી કનૈયાલાલ મુનશી જેવા અનેક સાહિત્યકારો તેમજ વિશ્વનાથ કાશીનાથ રાજવાડે જેવા અનેક ઈતિહાસના સંશોધન કર્તાઓના કારણે આજે ભારતીય વિદ્યા ભવન અને ભારતીય ઈતિહાસ પરિષદ જેવી સંસ્થાઓના કારણે ઈતિહાસ વિષયમાં સંશોધન અંગેનું ખેડાણ વધુને વધુ વિકસિત થતું જાય છે. ગુજરાતની સાથે સમગ્ર ભારતમાં અનેક વણખેડાયેલા વિષયોને પ્રજા સમક્ષ લાવવાનું કાર્ય આ સંસ્થાઓએ કરેલું છે. જેથી ઈતિહાસના અભ્યાસુ અને સંશોધકોને એક નવી દિશા પૂરી પાડી શકે.

૧૭ મી સદીમાં વિદેશી પ્રજા ભારતના સંપર્કમાં આવી. ત્યારથી ભારતીય પ્રજા અને તેના ઈતિહાસ વિશે જાણવાની ઈચ્છા વિદેશી સંશોધકોમાં વધવા લાગી. ૧૮ મી સદીમાં ભારતમાં આવનાર અંગ્રેજ અધિકારીઓ આ સંશોધનના ક્ષેત્રમાં અગ્રેસર હતા. સમય જતાં તેમાંથી અનેક સંશોધન કરતી સંસ્થાઓનો જન્મ થયો. જેણે ઈતિહાસમાં વિભિન્ન ક્ષેત્રે અનેક સંશોધનો કરી નવી જાણકારી ઉપલબ્ધ કરાવી હતી. તેનું મુખ્ય કાર્ય અધ્યયન-અન્વેષણ કરવાનું હતું. વિવિધ ક્ષેત્રે સંશોધનો શરૂ થતાં ભારતને તેનો સદીઓ જૂના ઈતિહાસ જાણવા માટેનું ગૌરવ પ્રાપ્ત થયું. બ્રિટિશ સંશોધન કર્તાઓના કારણે ભારતીય ઈતિહાસ પ્રત્યેની અધ્યેતાઓની સંશોધન પ્રત્યેની જે નિષ્ક્રિયતા હતી તે દૂર થઈ અને તેની સાથે ગૌરવકાલીન ઈતિહાસ અંગે જાણકારી પ્રાપ્ત થઈ.

૧૯ મી ૨૦ સદીના પ્રથમ ચરણમાં જે સંશોધન કરતી સંસ્થાઓ સ્થપાઈ. તેમાં ઈ.સ. ૧૮૦૪માં મુંબઈ અને ચેન્નઈમાં ' લિટરરી સોસાયટી' નામની સંસ્થાનો

સમાવેશ થાય છે. જેનો ઉદ્દેશ એશિયાટિક સોસાયટીને અનુરૂપ હતો. ત્યાર પછી ભારતીય વિદ્યા ભવન દ્વારા થયેલાં અન્વેષણોને પ્રજાને પ્રત્યક્ષ કરવા માટે કેટલાંક સામયિકો શરૂ થયાં. જેમાં 'જર્નલ ઓફ ધી એશિયાટિક સોસાયટી ઓફ બૅંગૉલ', 'જર્નલ ઓફ ધ બૉમ્બે, બ્રાન્ચ ઓફ ધ રૉયલ એશિયાટિક સોસાયટી', ' ઈન્ડિયન ઍન્ટિક્વેરી' (૧૮૭૨), કૉપર્સ ઇનસ્ક્રિપ્શનમ ઇન્ડિકેરમ' (૧૮૭૭), ' એપિગ્રાફિકા ઇન્ડિકા' ઇત્યાદિ મુખ્ય હતા. તેમાં ભારતીય ઈતિહાસવિદો દ્વારા વિવિધ સંશોધન કાર્યોના કારણે ભારતીય ઇતિહાસના વિવિધ તબક્કાઓની જાણકારી ઉપલબ્ધ થવા પામી. ઈતિહાસ અને ધર્મની બાબતમાં વિવિધ ક્ષેત્રે સંશોધન કરતી વિદેશી પ્રજા માટે ભારત રાજકીય ભૂમિ તરીકે જ નહિ પરંતુ સંશોધન માટે એક અલગ પ્રકારનું આકર્ષણ રહેતું હતું. ભારતીય સંસ્કૃતિ તેના મૂલ્યો તેમજ સ્થાપત્ય અને કલા કારીગીરી વિશે એક અલગ દૃષ્ટિકોણ જોવા મળતો હતો.

૧૯ મી સદીના પ્રારંભે ફ્રેન્ચ સાહિત્યમાં 'Andolo' (અર્થાત્ ભારત વિશે જાણકારી ધરાવનાર વ્યક્તિ) શબ્દ પ્રયોજાયો હતો. તે ઉપરથી 'Andology' (અર્થાત્ ભારત વિશેનું જ્ઞાન) શબ્દ પ્રચાર શરૂ થવા પામ્યો. અંગ્રેજી ભાષામાં તેને 'Indology' શબ્દ તરીકે રૂપાંતરિત થયો. આમ, 'ઈન્ડૉલૉજી' શબ્દથી 'ભારત વિશેની જાણકારી' એવી સમજ કેળવાઈ. ૧૯ મી ૨૦ મી સદી દરમિયાન ભારતીય વિદ્યાવિદોએ આ સંસ્થાને પોતાના ઉમદા કાર્યો દ્વારા તેનું ઘડતર કર્યું હતું. જો કે ભારતમાં સદીઓ પહેલા 'ભારતીય વિદ્યા'ના ક્ષેત્રમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અસ્તિત્વ ધરાવતી હતી. ભારતના ઋષિ મુનિઓ તેમાં સક્રિય હતા પણ ભારતીય મનીષીઓને જ્ઞાન પ્રવૃત્તિને પોષે તેવી 'ભારતીય વિદ્યા' એવું નામાભિધાન કરવાની જરૂર જણાઈ ન હતી. ખાસ કરીને યુરોપીય પ્રજાઓનાં આગમન પછી આ ક્ષેત્રે ભારતને આંતર રાષ્ટ્રીય મહત્વ પ્રાપ્ત થયું. બ્રિટિશ અધ્યેતાઓનાં અન્વેષણ કાર્યોને કારણે ભારતીય અધ્યેતાઓની નિષ્ક્રિયતા દૂર થઈ અને તેમણે અધ્યયન-અન્વેષણ ક્ષેત્રે પોતાનું નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું.

એક રીતે જોઈએ તો ભારતીય વિદ્યા ભવનની સ્થાપના પાછળ અપ્રત્યક્ષ રીતે આપણા દેશમાં જો કોઈ વિદેશી હોય તો તે વૉરન હેસ્ટિંગ હતા. તેઓ બંગાળના ગવર્નરના કાર્યકાળ સાથે જોડાયેલા છે. તેઓ કૉલકત્તા આવ્યા ત્યારે તેમનું સ્પષ્ટ માનવું હતું કે દરેક ભરતીઓએ પોતાના રિવાજો પરંપરાઓનું પાલન કરવું જોઈએ. બ્રિટિશ કાયદો અને બ્રિટિશ મૂલ્યોને ભારતની પ્રજા ઉપર લાદવાં નહિ એવી નીતિ અમલમાં મૂકવી જોઈએ. આ નીતિના પરિણામે હિંદુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ અનિવાર્ય બન્યો અને વ્યવસ્થિત પદ્ધતિસર ના અભ્યાસનો પ્રારંભ થયો. કોલકત્તાની વડી અદાલતના ન્યાયમૂર્તિ સર વિલિયમ જૉન્સે ૧૫–૧૦–૧૭૮૪ના રોજ ' રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બૅંગૉલ'ની સ્થાપના કરી. તેની સાથે અન્ય સંશોધન

કરતી સંસ્થાઓના સહકાર અને પુરુષાર્થને પરિણામે ભારતની સંસ્કૃતિ વિશે પુષ્કળ પ્રમાણમાં સંશોધન થતું ગયું. ૧૭૮૮માં 'એશિયાટિક રીસર્ચ' નામનું મુખપત્ર શરૂ થયું. ત્યારબાદ એક સંગ્રહાલય પણ સ્થાપવા માં આવ્યું, જે પછીથી ' ઈન્ડિયા મ્યુઝિયમ ' તરીકે જાણીતું થયું. આમ, બંગાળમાં શરૂ થયેલી ભારતીય અન્વેષણ-વિસ્તરતી ગઈ. તેમાં વિદેશી તેમજ ભારતીય વિદ્ધવાનો જોડતા હતા. જેમાં પ્રિન્સેપ, કનિંગહામ, બર્જેસ, બ્યૂહલર, સેનાર્ત, કિલ્હૉર્ન, હુલ્ત્શ, લ્યૂડર, ફ્લિટ, માર્શલ, ફૉગેલ જેવા પશ્ચિમી વિદ્વાનો, તો પંડિત ભગવાનલાલ ઈન્દ્રજીત, ડૉ. ભાઉ દાજી, રાજેન્દ્રલાલ મિત્ર, રામકૃષ્ણ ગોપાલકૃષ્ણ ભાંડારકર, હેમચંદ્ર રાય ચૌધરી, દત્તાત્રય રામકૃષ્ણ ભાંડારકર, રાખાલદાસ બૅનરજી, હરિપ્રસાદ ગ. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, હરિપ્રસાદ ગાં. શાસ્ત્રી જેવા ભારતીય વિદ્વાનોએ ભારતીય વિદ્યાની અન્વેષણ-પ્રવૃત્તિમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.

આ બધી સંસ્થાઓ અને તેના વ્યક્તિગત અને સહકારી પ્રયાસોથી વેદો, મહાકાવ્યો, પુરાણો, ધર્મશાસ્ત્રો, સ્મૃતિઓ, પ્રશિષ્ટ સાહિત્ય, પ્રાકૃત-સંસ્કૃત અભિલેખો, પ્રાચીન ભાષાઓ, વિવિધ સંપ્રદાયો, ફિલસૂફીની વિધવિધ પદ્ધતિઓ ઇત્યાદિ ક્ષેત્રોમાં સંશોધનો અને પ્રકાશનો થતાં રહ્યાં. આ સમયે ગુજરાત પણ આવાં અન્વેષણોમાં પાછળ ન રહ્યું. ઈ.સ ૧૮૮૭માં વજેશંકર ગૌરીશંકર ઓઝાએ 'ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ' પ્રગટ કરીને ભારતીય વિદ્યાના ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપ્યું તે પછી ગિરિજાશંકર વલ્લભજી આચાર્યે 'ગુજરાતના ઐતિહાસિક લેખો'ના ત્રણ ગ્રંથ ૧૯૩૩, ૧૯૩૫ અને ૧૯૪૨માં પ્રગટ કર્યા. આઝાદીની ચળવળના ભાગ રૂપે ૧૯૨૦ માં મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠનું મહત્વનું યોગદાન રહ્યું છે. ઈ.સ.૧૯૨૦માં 'ગુજરાત સંશોધન મંદિર' ની સ્થાપનાથી ભારતીય વિદ્યાનાં અધ્યયન-અધ્યાપન-અન્વેષણની પરંપરાનો પ્રારંભ થયો. એકાદ મહિના પછી આ સંસ્થા 'ગૂજરાત પુરાતત્વ મંદિર'નું નામકરણ થયું. તેમાં મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ દોશી, પંડિત ધર્માનંદ કોસાંબી, આચાર્ય કાકાસાહેબ કાલેલકર, રામનારાયણ વિશ્વનાથ પાઠક, રસિકલાલ છોટાલાલ પરીખ, રામચંદ્ર બ. આઠવલે અને મૌલવી અબુ ઝફર નદવી જેવા મનીષીઓએ ભારતીય વિદ્યાનાં અધ્યયન-અધ્યાપન તથા અન્વેષણના કામને આગળ વધાર્યું હતું. કનૈયાલાલ મુનશી એ તો અર્વાચીન ભારતના અને વિશેષતઃ ગુજરાતના ઘડવૈયા ગુજરાતી અસ્મિતના સંવર્ધક તરીકે અનેદ ક્ષેત્રે નામના મેળવી છે. સામાજિક - રાજકીય ક્ષેત્રમાં ' ભારતીય વિદ્યાભવન જેવી વિદ્યા સંસ્થાઓની સ્થાપના કરી.

આઝાદી પૂર્વે પણ પ્રાચીન ભારતના રાજકીય ઇતિહાસ, અભિલેખ વિદ્યા, સિક્કા વગેરે ક્ષેત્રે સંશોધન કાર્ય થતું રહેતું હતું. કોલકાતા, બનારસ, અલ્લાહાબાદ, પટના, નાગપુર, પુણે, સાગર, વડોદરા, મદ્રાસ ઇત્યાદિ વિશ્વ વિદ્યાલયોએ આ ક્ષેત્રને

વિકસાવવામાં સારું પ્રદાન કર્યું. ગુજરાત વિદ્યાસભા સંચાલિત શેઠશ્રી ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવને પણ પારંગત કક્ષાએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા-સાહિત્ય વગેરેના અભ્યાસક્રમો મારફતે ભારતીય વિદ્યા ક્ષેત્રે પ્રદાન શરૂ કર્યું. પુણેની ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને ડેક્કન કૉલેજ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ, પટનાની કાશીપ્રસાદ જાયસ્વાલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને બિહાર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અલ્લાહાબાદની ગંગનાથ ઝા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈનું ભારતીય વિદ્યા ભવન, હોશિયારપુરની વિશ્વેશ્વરાનંદ વૈદિક ઈન્સ્ટિટ્યૂટ અને વડોદરાની પ્રાચ્ય વિદ્યા મંદિર જેવી સંસ્થાઓએ અને એમનાં મુખ પત્રોએ ભારતીય વિદ્યાના ક્ષેત્રે પોતાનું અમૂલ્ય યોગદાન કર્યું છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગે (જેની સ્થાપના અંગ્રેજોએ કરેલી) ભારતીય વિદ્યાનાં અધ્યયન-અન્વેષણના વૈજ્ઞાનિક વિકાસમાં ગણનાપાત્ર ફાળો આપેલો છે.

ભારતીય વિદ્યા ભવન હાલમાં સમગ્ર ભારતમાં ૧૧ વિવિધ કેન્દ્રો તેમજ વિદેશમાં ૦૭ કેન્દ્રો ચલાવે છે અને ૩૫૫ જેટલી વિવિધ સંસ્થાઓ ચલાવવામાં આવે છે. ભારતીય વિદ્યા ભવનને ૨૦૦૨ માં ભારત સરકાર દ્વારા ગાંધી શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ ટ્રસ્ટ દ્વારા સેંકડો પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ચલાવવામાં આવી રહી છે. આ શાળાઓ ભારતીય વિદ્યા મંદિર તરીકે ઓળખાય છે. આ શાળા અન્ય શાળાઓથી એ અર્થમાં અલગ છે કે વિદ્યાર્થીઓને આધુનિક અને વૈશ્વિક શિક્ષણ અને મૂલ્યો આપવાની સાથે, તે ભારતના મૂળ સાથે જોડાયેલું શિક્ષણ પણ આપે છે. ભારતીય વિદ્યા ભવને માત્ર દેશમાં જ નહીં પરંતુ યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, કેનેડા, પોર્ટુગલ, દક્ષિણ આફ્રિકા, કુવૈત, મેક્સિકો અને ઓસ્ટ્રેલિયામાં પણ મોટી સંખ્યામાં સંલગ્ન કોલેજો ખોલવામાં આવી હતી.

12.2 ઈતિહાસ લેખનમાં વિવિધ સંસ્થાઓનું યોગદાન

12.2.1 ભારતીય વિદ્યા ભવનની સ્થાપના

હજારો વર્ષ પહેલા સમગ્ર જગતમાં અનેક પ્રાચીન સંસ્કૃતિઓનો ઉદય વિકાસ અને અસ્ત થતો આવ્યો છે. તેમાં ભારતીય સંસ્કૃતિ સમગ્ર વિશ્વની સંસ્કૃતિથી અલગ પડે છે. ભારતીય સંસ્કૃતિનો મુખ્ય હેતુ ભૌતિક અભિગમ વિના મનુષ્યની આંતરિક ચેતનાને કેન્દ્રમાં રાખી, તેનું ઊર્ધ્વગામી વિકાશ થાય તે વિચારધારા આ સંસ્કૃતિનું મુખ્ય વિચાર બીજ રહ્યું છે. ભારતીય ઉપખંડમાં પોતાની વિદ્યા, પરંપરા અને તેની સંસ્કૃતિના મૂલ્યોનું સર્વેક્ષણ થાય તે પ્રવૃતિ અને વિચારધારા જીવંત બની રહે, તેનો ભવ્ય વારસો પેઢી દર પેઢી આગળ વધે તેમજ સંસ્કૃતિની જ્યોત સદા પ્રજ્વલિત બની રહે તે માટે ગુજરાતના સમર્થ નવલકથાકાર તેમજ રાષ્ટ્રવાદી અને સંસ્કૃતિના રક્ષક

એવા કનૈયાલાલ મુનશીએ ૦૭ નવેમ્બર ૧૯૩૮ માં મુંબઈમાં ભારતીય વિદ્યા ભવનની સ્થાપન કરી. આ સંસ્થાની સ્થાપનામાં મહાત્મા ગાંધી તેમજ અન્ય મહાનુભાવોનો સહકાર તેમને સાંપડ્યો હતો.

ભારતના સ્વાતંત્ર્ય સેનાની, શિક્ષણવિદ વકીલ, ગાંધીવાદી એવા શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ ભારતીય વિદ્યા ભવનને પોતાના યુગમાં રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી ઈતિહાસને નક્કર આકાર આપ્યો હતો. પ્રાચીન ભારતનો ઈતિહાસના ૧૧ ખંડમાં ભારતીય સંસ્કૃતિનું ખૂબ સરસ આલેખન કરેલ છે. કનૈયાલાલ મુનશીએ ભારતીય વિદ્યાભવન ઉપરાંત, ડૉ. મુનશી હંસરાજ મોરારજી પબ્લિક સ્કૂલ, મુંબઈ, ચિલ્ડ્રન્સ એઈડ સોસાયટી, મુંબઈ, સોમનાથ ટેમ્પલ ટ્રસ્ટ વગેરે જેવી અનેક સંસ્થાઓની સ્થાપના કરેલી છે. કનૈયાલાલ મુનશી શિક્ષણને પોતાનો ધર્મ માનતા હતા. તેમણે ભારતને આધુનિક દ્રષ્ટિકોણથી જોઈ વર્તમાન સાંસ્કૃતિક મૂળને સમજવા અને મજબૂત કરવા માટે તેમણે ભારતના ભવ્ય ભૂતકાળ તરફ જોયું હતું. તેમણે રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી ઈતિહાસને નવો આકાર આપી ભારતીય વિદ્યા ભવનનો પાયો નાખ્યો હતો. તેમણે કહ્યું હતું કે વ્યક્તિના દૃષ્ટિકોણમાં રહેલી અન્યાયીતા, ભૂતકાળનો શાપ, તેને જીવનમાં આનંદની ભાવનાથી બદલવાની જરૂર હતી. બીજું કે જે પરંપરાઓ જૂની થઈ ગઈ હતી જેણે વ્યક્તિની સામૂહિક જીવન જીવવાની સર્જનાત્મક શક્તિને દબાવી દીધી હોય. તેમાં માનવ જીવનમાં ઉત્સાહી બની રચનાત્મક વલણ દ્વારા દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે. ત્રીજું, ભારતીય સંસ્કૃતિને જીવન શક્તિ આપનારા મૂળભૂત મૂલ્યો જે યુવા પેઢી માટે નવેસરથી સ્વીકારવાના જરૂરી છે.

12.2.2 એક પ્રકાશન તરીકે ભારતીય વિદ્યા ભવન

કનૈયાલાલ મુનશીએ ભારતીય વિદ્યા ભવનની સ્થાપના ઈ.સ ૧૯૩૭ માં કરી હતી. ત્યારે તેઓ માત્ર ૫૦ વર્ષના હતા. તેમને આ વિચાર કાર્તિક સુદ પૂર્ણિમાના ઈ.સ. ૧૯૩૮ માં દિવસે આવ્યો હતો. તેનો મૂળ ઉદ્દેશ્ય ભારતીય વિદ્યાનો પ્રચાર કરવાનો હતો. જે સત્યમ શિવમ, સુંદરમ, ભલાઈના ત્રિવિધ પાસાઓ માં જે ધર્મ છે તે મુનશીજીએ તેમની સાહિત્યિક કૃતિઓ દ્વારા દ્વારા સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો.. જેમાં ૦૮ ખંડો માં કૃષ્ણાવતારનો સમાવેશ થાય છે. તેમણે ભારતીય પુન જાગરણ ને આગળ વધારવા તેમના મિશનના ભાગ રૂપે પોતાના વિચારો રજૂ કર્યો. જે પ્રથમ શ્રેણીનું પહેલું આ પુસ્તક ભારત રત્ન શ્રી સી. રાજ ગોપાલાચાર્ય દ્વારા નૈતિકતા, દર્શન અને ઈતિહાસનું અનુપમ, વ્યાપક મહાકાવ્યમાં સંકલન કર્યું હતું. સદીઓ પહેલા જાહેર કરવામાં આવ્યું હતું કે, "જે મહાભારતમાં નથી તે ક્યાંય નથી". આ પછી "રામાયણ" અને બીજા ઘણા શીર્ષકો પ્રકાશિત થયા હતા. મુનશીજીએ કહ્યું છે કે, તેમની તપસ્યાનો પરાકાષ્ઠા તેમનામાં ઈશ્વર પ્રણિધાન - "તેમની ઈચ્છાને સંપૂર્ણ સમર્પણ કરીને તેમની હાજરીમાં જીવવાનું શીખવાના વલણમાં થયો હતો.

૦૮ ફેબ્રુઆરી, ૧૯૭૧ ના રોજ જ્યારે તેમનું અવસાન થયું. તે પહેલા મુનશી એ ગુજરાતીમાં ૧૦૦ થી વધુ અને અંગ્રેજીમાં અનેક કૃતિઓ અને ૧૯૩૨ પછીની તેમની લગભગ બધી કમાણી અને મિલકતના કૉપિરાઇટના અધિકારો ભારતીય વિદ્યા ભવનની સોંપી દીધા હતા.

12.2.3 સ્વતંત્ર બાદની પ્રવૃત્તિઓ

ભારતને આઝાદી મળી ત્યાં સુધી અંગ્રેજી પ્રભાવ હેઠળ 'ભારતીય વિદ્યા ભવનનું કાર્યક્ષેત્ર સાવ સીમિત હતું અને તદનુસાર તેના અધ્યયન અને અન્વેષણમાં પ્રાચીન ભારતીય ઇતિહાસ, સાહિત્ય, ધર્મ અને ફિલસૂફી, પ્રાચીન કલા અને સ્થાપત્ય આદિ સાંસ્કૃતિક પરંપરાઓનો સમાવેશ થતો હતો. સ્વાતંત્ર્યોત્તર સમયમાંય થોડાં વર્ષો સુધી ભારતીય વિદ્વાનોએ પણ અંગ્રેજો દ્વારા મળેલી 'ભારતીય વિદ્યા'ની સીમિત સમજ અનુસાર કાર્ય કર્યું. અંગ્રેજોએ 'ભારતીય વિદ્યા'ને પુરાતત્વનું અંગ ગણ્યું અને તેની સમયાવધિ ઈ.પૂ. ૧૫૦૦થી ઈ. સ. ૧૦૦૦ સુધીની સ્વીકારી. 'પુરાતત્વ' શબ્દના અર્થાનુસાર અંગ્રેજોએ 'ઇન્ડૉલૉજી'ના કાર્યક્ષેત્રમાં સંસ્કૃત-પ્રાકૃત-પાલિ ભાષાઓના અધ્યયનનો સમાવેશ કર્યો. તદનુસાર ઈ.સ. ૧૦૦૦ પછીનો સમય 'ઇન્ડૉલૉજી'ના અધ્યયનના કાર્યક્ષેત્રની બહાર રખાયો. નહેરુ-યુગના અસ્ત પછી 'ભારતીય વિદ્યા'નાં અધ્યયન-અધ્યાપન-અન્વેષણનાં કાર્યક્ષેત્ર અતિ વિસ્તૃત બન્યાં અને એની વિભાવના વધુ વ્યાપક બની. તદનુસાર ભારતીય ઉપખંડને સ્પર્શતી બધી જ બાબતોનાં બધા સમયનાં અધ્યયન-અન્વેષણ ભારતીય વિદ્યાના કાર્યક્ષેત્ર તરીકે પ્રસ્થાપિત થયાં અને સર્વગ્રાહી અભિગમયુક્ત, આંતરવિદ્યાકીય પદ્ધતિનું અધ્યયન-અધ્યાપન-અન્વેષણ અમલમાં આવ્યાં. એ રીતે આ વિષયનું અધ્યયન-સંશોધન સઘન અને વિશાળ બનવા સાથે વૈવિધ્યપૂર્ણ બન્યું. વળી ભારતીય સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોની અસર હેઠળ આવેલા પ્રદેશોનાં અન્વેષણનો પણ એમાં સમાવેશ થયો. તેમાં નવી દિશાઓ, નવાં પરિમાણો અને ગુણાત્મક પદ્ધતિઓ વિકાસ થવાથી ભારતીય વિદ્યાનું સ્વરૂપ ખરેખરું વિકસ્યું.

અહીં એક બાબત નોંધપાત્ર છે કે ભારતમાં યુરોપીય પ્રજાઓના આગમન બાદ ભારતના ઈતિહાસના સંશોધન ક્ષેત્રે નવો દૃષ્ટિકોણ વિકસ્યો. જેમાં ભારતીય પરંપરાને જાણવા તેમજ તેના સાચા ઈતિહાસને પ્રજા સમક્ષ લઈ જઈ તેના મૂલ્યોને બચાવવા માટે ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરવામાં આવી હતી.

તમારી પ્રગતિ ચકાસો :

૧.ભારતીય વિદ્યા ભવનની સ્થાપના ક્યાં અને કંઈ સાલમાં થઈ હતી. ?

(ક) ૦૭ નવેમ્બર ૧૯૩૮, મુંબઈ (ખ) ૦૮ નવેમ્બર ૧૯૩૯, પૂના

(ગ) ૦૯ નવેમ્બર ૧૯૩૮ સતારા (ડ) ૧૦ નવેમ્બર અમદાવાદ

૨.ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કોણે કરી હતી ?

(ક) કનૈયાલાલ મુનશી (ખ) વૉરન હેસ્ટિંગ.

(ગ) ભાંડારકર (ડ) ગંગનાથ

૩.ભારતીય વિદ્યા ભવનનું પ્રથમ શ્રેણીનું પુસ્તક કયું છે. ?

(ક) રામાયણ (ખ) મહા ભારત

(ગ) પ્રાચીન ભારતનો ઈતિહાસ (ડ) પ્રાચીન ભારતીય સંસ્કૃતિ

૪.ઈતિહાસ લેખનની સંસ્થા તરીકે ભારતીય વિદ્યા ભવનનું યોગદાન જણાવો.

_____

_____

_____

_____

_____

ચાવીરૂપ શબ્દો :

- ઈન્ડૉલૉજી - અર્થાત્ ભારતીય વિદ્યા (જે પ્રાચ્ય વિદ્યામંદિર તરીકે જાણીતું છે.)
- આર્કાઈવ્ઝ – અભિલેખ સંગ્રહ

સંદર્ભ સૂચિ :

૧. ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ, રજની વ્યાસ, પાંચમી આવૃતિ, અક્ષર પ્રકાશન અમદાવાદ

૨. www.wikipidiya.org

૩. http://www.bhavans.info

૪. ઈતિહાસનું પદ્ધતિશાસ્ત્ર, ડૉ.અરુણ વાઘેલા અને બી. એન. ગાંધી, અક્ષર પબ્લીકેશન,અમદાવાદ પ્રથમ આવૃત્તિ -૨૦૨૧

12.3 ઈન્ડિયન હિસ્ટ્રી ઓફ કોંગ્રેસ

ભારતીય ઈતિહાસ કોંગ્રેસ તેના સ્થાપના કાળથી જ ઈતિહાસના સંશોધન માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પ્રોત્સાહન આપતી આવી છે. ઈતિહાસ વિષયમાં વધુમાં વધુ લોકો સંશોધન અર્થે જોડાય અને વાસ્તવિક ઈતિહાસ જાણે તે માટે ' ભારતીય ઈતિહાસ કોંગ્રેસની ' સ્થાપના ઈ.સ.૧૯૩૫માં થઈ હતી. આ સંસ્થાની સ્થાપના વિશેનો ઈતિહાસ જોઈએ તો તેનું પહેલું સત્ર ઈ.સ. ૧૯૩૫ માં પૂનામાં " ભારત ઈતિહાસ સંશોધક મંડળ " દ્વારા યોજાયું હતું. તે સમયે દત્તો વામન પોટદાર, સુરેન્દ્રનાથસેન (જેઓ પાછળથી ભારતના રાષ્ટ્રીય આર્કાઈવ્ઝના પ્રથમ ડિરેક્ટર બન્યા હતા.) તેમણે તેના પ્રથમ સત્રમાં હાજરી આપી હતી. ભારતીય ઈતિહાસ કોંગ્રેસ જે દક્ષિણ એશિયામાં ઈતિહાસકારોનું જાણીતું અને સૌથી મોટું સંગઠન છે. જ્યાં સંશોધનને પ્રોત્સાહન મળે તે માટે આ સંસ્થામાં દર વર્ષે ૩૫૦૦ ઈતિહાસકારો સાથે ૩૫,૦૦૦ સભ્યો તથા ૨૦૦૦ થી વધુ પ્રતિનિધિઓ તેના વાર્ષિક સત્રમાં ભાગ લે છે. જે સંશોધનો માટે દર વર્ષે સત્રોનું આયોજન કરતું કરતું રહે છે.

આ સંસ્થાનો પ્રાથમિક ઉદેશ્ય ધર્મની બાબતમાં નિરપેક્ષ અને તટસ્થ રહી ઈતિહાસમાં વૈજ્ઞાનિક સંશોધનને આગળ વધારવાનો છે. દર વર્ષે વિવિધ વિષયો પર થયેલા સંશોધનો તેના જર્નલ્સમાં પ્રકાશન કરી ઈતિહાસના અભ્યાસુઓને તેમના સંશોધનને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત ભારતીય ઈતિહાસ લેખન કાર્યમાં આજીવન સેવા અને યોગદાન આપનાર જે તે વ્યક્તિને ' વિશ્વનાથ કાશીનાથ રાજવાડે' એવૉડ આપી બહુમાન કરે છે. તેનું વાર્ષિક જર્નલ, "ધ પ્રોસીડિંગ્સ ઓફ ધ ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસ" તરીકે જાણીતું છે. જે પ્રાચીન ઈતિહાસથી ભારતના સમકાલીન ઈતિહાસ સુધીના દરેક પાસાને મહત્વ આપે છે. તેના જર્નલમાં સામાન્ય રીતે ઐતિહાસિક ચર્ચાઓ તેના મુખ્ય પાયામાં રહેલી છે. આ સંસ્થા ભાગલા પહેલાની સીમાઓ ધરાવતો દેશ તરીકે માને છે. જ્યારે સમકાલીન ઈતિહાસને ૧૯૪૭ પછીના ભારતીય સંઘના ઈતિહાસ તરીકે ગણે છે. ભારતીય ઈતિહાસ કોંગ્રેસના જર્નલ ઈ.સ ૧૯૩૫ થી વાર્ષિક ધોરણે પ્રકાશિત થતાં રહ્યા છે અને આજે પણ થતાં રહે છે.

આ સંસ્થા સાથે જોડાયેલા ઈતિહાસકારોમાં જોઈએ તો મોહમ્મદ હબીબ અને સુશોભન સરકાર અને બાદમાં નુરુલ હસન, રામ શરણ શર્મા, રાધા કૃષ્ણ ચૌધરી, સતીશ ચંદ્ર, બિપન ચંદ્ર, રોમિલા થાપર, ઈરફાન હબીબ, અથર અલી, બરુણ દે, ઈક્તિદાર આલમ ખાન, બી. એન. મુખર્જી, કે. એન. પાણિકર, બ્રજદુલાલ ચટ્ટોપાધ્યાય, દ્વિજેન્દ્ર નારાયણ ઝા, સુમિત સરકાર, સવ્યસાચી ભટ્ટાચાર્ય અને પ્રીતમ સૈની જેવા ભારતીય ઈતિહાસકારોનો સબંધ ભારતીય ઈતિહાસ કોંગ્રેસ સાથે રહ્યો છે. જેઓની અમૂલ્ય સેવા આ સંસ્થાને મળતી રહે છે.

12.3.1 સ્થાપના

રાજવાડે જે મહારાષ્ટ્રના જાણીતા ઈતિહાસકાર હતા. જેઓએ મરાઠા સામ્રાજ્યના વિવિધ વિષયો પર સંશોધન કર્યા છે. તેમણે મહારાષ્ટ્રની સાથે ભારતભરના સેંકડો ગામડાઓની મુલાકાત લઈને અને હજારો ઐતિહાસિક દસ્તાવેજોની તપાસ કરી, ખાસ કરીને કૌટુંબિક રેકોર્ડ એકત્રિત કરીને મરાઠા સામ્રાજ્ય વિશે અનેક સંશોધન લેખો તૈયાર કર્યા હતા. તેમનો જન્મ ૨૪ જુલાઈ ૧૮૬૩ ના રોજ બોમ્બે પ્રેસિડેન્સીના રાયગઢ જિલ્લાના વરસાઈ ખાતે એક ચિતપાવન બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. રાજવાડેના દાદા પુણે પ્રાંતના લોહાગઢ કિલ્લાના કિલ્લેદાર હતા. તેમના પિતા બાળપણમાં જ મૃત્યુ પામ્યા હતા અને ત્યારથી તેમનો ઉછેર પુણે નજીક વડગાંવમાં તેમના કાકા દ્વારા થયો હતો. તેમણે જાન્યુઆરી ૧૮૮૨ માં મેટ્રિક પાસ કર્યું અને ૧૮૯૦ માં પુણેની ડેક્કન કોલેજમાંથી સ્નાતક થયા. ડિગ્રી કોર્સ દરમિયાન તેઓ પ્રખ્યાત ઈતિહાસકાર રામકૃષ્ણ ગોપાલ ભંડારકરના નજીકના સંપર્કમાં આવ્યા, જેઓ તે સમયે કોલેજમાં પ્રોફેસર હતા. તેઓ નિબંધકાર વિષ્ણુ

શાસ્ત્રી કૃષ્ણશાસ્ત્રી ચિપલુણકર, કોશકાર પરશુરામ તાત્યા ગોડબોલેના કાર્યોથી પણ પ્રેરિત હતા. કોલેજમાંથી સ્નાતક થયા પછી રાજવાડે લગ્ન કર્યા હતા, પરંતુ તેમની પત્નીનું નાની ઉંમરે અવસાન થયું હતું. ત્યારબાદ તેમણે આજીવન બીજા લગ્ન ન કર્યા અને ઈતિહાસના સંશોધન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. ઈ.સ. ૧૮૯૧ માં તેમણે ભાષાંતર (જેનો અર્થ 'અનુવાદ' થાય છે) નામનું મરાઠી મેગેઝિન શરૂ કર્યું, જેના દ્વારા તેમણે પ્લેટો, એરિસ્ટોટલ અને એડવર્ડ ગિબન જેવા પશ્ચિમી ઈતિહાસકારો અને વિદ્વાનો, તેમજ શંકરાચાર્ય જેવા ભારતીય વિદ્વાનોના કાર્યો મરાઠી ભાષી વાચકો સુધી પહોંચાડ્યા હતા. તે જ સમયે, લેખો લખીને અને ભાષણો આપીને તેમણે મરાઠાઓનો ઈતિહાસ, વિશ્વનો ઈતિહાસ, મરાઠી સાહિત્યનો ઈતિહાસ, મરાઠી અને સંસ્કૃત ભાષાઓનું વ્યાકરણ જેવા અનેક વિષયો પર મરાઠી લોકોને શિક્ષિત કરવાનું પણ શરૂ કર્યું. ત્યારબાદ ઈ.સ ૧૯૧૦ માં, તેમણે પુણે ખાતે ' ભારત ઈતિહાસ સંશોધક મંડળની ' સ્થાપના કરી અને તેમના દ્વારા એકત્રિત કરાયેલા તેમના બધા કાર્યો અને ઐતિહાસિક કાગળો મંડળમાં રાખ્યા હતા.

ઈતિહાસકાર, રામ શરણ શર્મા કહે છેઃ "સંશોધન માટેનો તેમનો અનોખો શોખ હતો. મરાઠાકાલીન ઈતિહાસના સ્ત્રોતોને શોધમાં તેઓ મહારાષ્ટ્રના ગામડે ગામડે ફરતા હતા. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન બાવીસ ગ્રંથો પ્રકાશિત કર્યા છે. તેમણે ભારતીય ઈતિહાસ કોંગ્રેસે નામની સંસ્થામાં એક સંશોધક તરીકે આજીવન સેવા આપી હતી. તેમણે કરેલા યોગદાન બદલ વિશ્વનાથ કાશીનાથ રાજવાડે પુરસ્કાર આપવાની શરૂઆત થઈ. તેમના નિમિત્તે ઈ.સ. ૧૯૨૬ માં રાજવાડેના મૃત્યુ પછી, ધુળે ખાતે 'રાજવાડે સંશોધક મંડળ'ની સ્થાપના કરવામાં આવી અને તેમના જીવનના પછીના સમય ગાળામાં એકત્રિત કરાયેલા કાર્યો અને સંગ્રહ ત્યાં રાખવામાં આવ્યા. આ બંને સંસ્થાઓ ત્યાર પછી 'ભારતીય ઈતિહાસ કોંગ્રેસ ' તરીકે જાણીતી બની. જે આજ સુધી ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં યોગદાન આપી રહી છે.

ઈ.સ. ૧૯૪૪ તેના નવમા સત્રના ઉદ્ઘાટન ભાષણમાં કહ્યું હતું કે કોંગ્રેસે તેની સ્થાપના કાળથી જ પક્ષપાત અને રાજકારણથી મુક્ત, ન્યાયી, વૈજ્ઞાનિક ઈતિહાસના સંશોધને પ્રોત્સાહન આપતું આવ્યું છે. જે ઈતિહાસ વિષયને ધ્યાનમાં રાખી રાષ્ટ્ર અને વિશ્વનો અભ્યાસ કરવામાં મોખરે રહે છે. તેની સ્થાપના સમયથી તેના વિકાસ માટે ઉદાર દાન સરળતાથી મળતું આવ્યું છે. ઈ.સ ૧૯૪૫ ના મધ્ય સુધીમાં કુલ લગભગ ૧,૩૧,૧૦૦ રૂપિયાનું ભંડોળ પ્રાપ્ત થયું. આ સંસ્થાના સંશોધન પ્રત્યેના યોગદાન બદલ હૈદરાબાદના નિઝામે ઈ.સ. ૧૯૪૪ તેના ભંડોળમાં ૫૦,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું.

12.3.2 ઈન્ડિયન હિસ્ટ્રી ઓફ કોંગ્રેસ એક પ્રકાશન

ભારતીય ઇતિહાસ કોંગ્રેસે ભારતના ઇતિહાસ માટે સંશોધન કામ હાથ ધર્યું હતું. તેનો પહેલો ગ્રંથ ઈ.સ. ૧૯૫૭ ના અંતમાં પ્રકાશિત થયો હતો. આગામી ગ્રંથ પ્રકાશિત થાય ત્યાં સુધી એક દાયકા કરતાં વધુ સમય લાગ્યો. ઈ.સ ૧૯૪૫માં તેના જનરલ સેક્રેટરી દ્વારા તેના સભ્યપદ માટે એક ઝુંબેશ શરૂ કરવામાં આવી જેમાં દરેક સભ્ય પાસેથી ઓછામાં ઓછા બે વધુ સભ્યોની નોંધણી કરાવે જેથી કુલ સભ્યોની સંખ્યામાં વધારો થઈ શકે. તે સમયે તેની સભ્ય સંખ્યા લગભગ ૫૦૦ સુધી પહોંચી હતી. સભ્યપદ ફી માત્ર ૫ રૂપિયા રાખી હતી. તેના સત્ર દરમ્યાન ઇતિહાસના સંગઠનાત્મક પાસાઓ પર આ ગરમા ગરમ ચર્ચા કરતાં હતા. પ્રકાશનની દ્રષ્ટિએ તે સમયે બહુ ઓછી પ્રગતિ થઈ રહી હતી. દેશમાં ઐતિહાસિક સ્મારકોના સંરક્ષણ અર્થે ભારત સરકાર અને ભારતીય પુરાતત્વ વચ્ચે અનેક ઠરાવો પસાર કર્યા. દેશભરમાં યુનિવર્સિટી અને કોલેજના અભ્યાસક્રમમાં ઇતિહાસને એક વ્યવસાય તરીકે ભણાવવામાં આવ્યો છે રાજકીય રીતે, તે ઇતિહાસ છે જે લોકશાહી ચર્ચામાં આગળ આવ્યો છે. તેનો મુખ્યત્વે કેન્દ્ર અને ભારતના રાજ્યોના ઇતિહાસ ઉજાગર કરવાનો છે. જે સંશોધન દ્વારા પ્રોત્સાહન આપી સ્થાનિક ઇતિહાસને બહાર લાવવાનું કાર્ય કરે છે.

ભારતના વિવિધ ભાગોમાં આવેલા ઐતિહાસિક સ્મારકો પર ઊભા થતાં સાંપ્રદાયિક પ્રશ્ન અને દાવાઓ (Indian History Congress) સંસ્થા માટે હંમેશા ચિંતાનો વિષય રહ્યા છે. દેશના રાજકારણ અને સમાજ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અને મુખ્ય મુદ્દાઓનો જવાબ આપે છે. જે શરૂઆતથી જ એક વ્યાવસાયિક અને લોકશાહી સંસ્થા તરીકે તેની મુખ્ય પ્રતિબદ્ધતાને વ્યક્ત કરતા અનેક ઠરાવો પસાર કર્યા છે. ભારતીય ઐતિહાસિક પુનઃ જીવીત વિવિધ યુનિવર્સિટીઓમાં ઇતિહાસના શિક્ષણને સ્થાપિત કરવા અને પ્રમાણિત કરવા દેશમાં ઐતિહાસિકમાં રસ લઈ વિવિધ સ્મારકોના સંરક્ષણમાં આ સંસ્થા મોખરે રહી છે. આ સિવાય દિલ્હી અને પ્રાંતીય રાજ્યોમાં પ્રકાશિત પુસ્તકો તેમજ નકલોની જાળવણી કરી સંગ્રહ દ્વારા સંશોધને મદદ કરે છે.

તમારી પ્રગતિ ચકસો :

૧.ભારત ઇતિહાસ સંશોધક મંડળની સ્થાપના ક્યાંરે થઈ હતી.
૨.ઈ.સ. ૧૮૯૧ રાજવાડે એ કહ્યું મેગેજીન શરૂ કર્યું હતું.
૩.ભારતીય ઇતિહાસ કોંગ્રેસના સ્થાપના ક્યાંરે થઈ હતી
૪.ઈતિહાસના સંશોધન ક્ષેત્રે ભારતીય ઇતિહાસ કોંગ્રેસનું પ્રદાન જણાવો.

_____

_____

_____

સંદર્ભ સૂચિ :

૧. https://indianhistorycongress.com/

૨. www.wikipidiyaa.org

૩. Indian History Congress: An Overview: Deepna K

૪. ઈતિહાસનું પદ્ધતિશાસ્ત્ર , ડૉ.અરુણ વાઘેલા અને બી. એન. ગાંધી, અક્ષર પબ્લીકેશન,અમદાવાદ પ્રથમ આવૃત્તિ -૨૦૨૧

12.4 ભારતીય ઈતિહાસ પરિષદ

પ્રસ્તાવના :

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ નામની સંસ્થા જેનું સંચાલન ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા થાય છે.આ સંસ્થાની સ્થાપના ઈતિહાસમાં સંશોધનને પ્રોત્સાહન આપવાના હેતુથી કરવામાં આવી છે. સમગ્ર ભારતના વિદ્યાર્થીઓને તેમજ ઈતિહાસકારો સંશોધન ક્ષેત્રે અનુદાન આપી નાણાકીય સહાય પૂરી પાડી છે. ભારત સરકારના (ICHR) ના ઉચ્ચ શિક્ષણ વિભાગ રાજ્યોની ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો , તેમજ કેન્દ્રો શાસિત પ્રદેશીની વિવિધ ખાનગી કોલેજો તેમજ યુનિવર્સિટી પોતાના પ્રકાશનોના વેચાણમાંથી આવક મળે છે.જેનું મુખ્ય મથક દિલ્હીમાં છે. અ સિવાય તેના પ્રાદેશિક કેન્દ્રો દેશના અલગ અલગ ભાગો જેવા કે પૂના (મહારાષ્ટ્ર) બેંગલોર, ગુવાહાટી (આસામ) માં આવેલા છે.

12.4.1 ભારતીય ઈતિહાસ પરિષદના મુખ્ય ઉદ્દેશો

૧.ઐતિહાસિક સંશોધનના ક્ષેત્રમાં સંશોધન પ્રવૃત્તિઓનું સંકલન કરવું અને તેને આગળ વધારવું.

૨.ભારત અને વિદેશમાં ઐતિહાસિક સંશોધન પર વિચારો આપલે માટે સેમિનાર, વર્કશોપ અને પરિષદોનું આયોજન, પ્રાયોજક અને સમર્થન કરવું.

૩.ઉચ્ચ સ્તરના ઐતિહાસિક સંશોધનના પ્રકાશનોને પ્રોત્સાહન આપવું તેમજ નવા સંશોધનને સામયિકો અને જર્નલોનું પ્રકાશન કરવું.

૪.ભારતના સાંસ્કૃતિક વારસાની ઉદ્દેશ્ય સમજને પ્રોત્સાહન તેમજ લોકપ્રિય સાહિત્ય પ્રકાશિત કરી લોકો સુધી પહોંચાડવું અને સંશોધનને પ્રોત્સાહન આપવું.

૫.ઐતિહાસિક સંશોધન અને ઐતિહાસિક લેખનને સરળ બનાવવા સ્રોત સામગ્રીનું સંકલન હાથ ધરવું.

૬.ઐતિહાસિક સંશોધન માટે વિદ્યાર્થીઓમાં રસ વધે તે માટે શિષ્યવૃત્તિ અને ફેલોશિપ દ્વારા આર્થિક સહાય આપવી.

૭.પ્રતિભાશાળી યુવા ઈતિહાસકારોનું એક જૂથ વિકસાવવા તેમજ સંશોધન પ્રતિભાને ઓળખવા, તેમજ યુનિવર્સિટી કક્ષાએ યુવા શિક્ષકોને પ્રોત્સાહિત કરવા.

૮.ભારત સરકારને સમયાંતરે ઐતિહાસિક સંશોધન અને ઈતિહાસ પદ્ધતિમાં તાલીમ સંબંધિત તમામ વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ સાથે ઐતિહાસિક સંશોધન અને તાલીમ સુવિધાઓમાં સહયોગ આપવો.

12.4.2 ભારતીય ઈતિહાસ પરિષદની સ્થાપના

ભારતીય ઈતિહાસ પરિષદ એ (Indian Council of Historical Research) જે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે. તેની સ્થાપના ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ મંત્રાલય (હવે, શિક્ષણ મંત્રાલય) દ્વારા ૨૭ માર્ચ ૧૯૭૨ ના રોજ કરવામાં આવી હતી. ભારતીય ઐતિહાસિક સંશોધન પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય ઐતિહાસિક સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે. દેશના રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક વારસાની જાણવણી કરવાના હેતુથી ઈતિહાસના સંશોધકોને તેમના ઉદ્દેશ્ય પૂર્ણ કરવા હેતુથી વૈજ્ઞાનિક રીતે પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. તેના મુખ્ય કાર્યોમાં જોઈએ તો ઐતિહાસિક સંશોધન કાર્યક્રમોને આયોજિત કરવા, ઐતિહાસિક સંશોધનમાં રોકાયેલા સંસ્થાઓ અને સંગઠનોને આર્થિક સહાય કરવી તેમજ ઐતિહાસિક સંશોધન પર દસ્તાવેજીકરણ અને સંદર્ભ સાહિત્ય માટે સેવા કેન્દ્રો વિકસાવવાનો છે. સમયાંતરે સંશોધન માટે વિષયો સૂચનો મેળવી તેના દ્વારા સંશોધનને પ્રોત્સાહન આપવાનું છે. આ સંસ્થા આર્થિક, સામાજિક, ઐતિહાસિક, ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઈતિહાસ, કલાનો ઈતિહાસ વગેરે જેવા વિષયો પસંદ કરી. સંશોધનના ઉપેક્ષિત તેમજ નવા વિષયો માટે વિશેષ પગલાં ભરે છે. ઐતિહાસિક સંશોધનના ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓનું સંકલન કરવું વગેરે જેવી બાબતો પર વિશેષ ભાર મૂકે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વૈજ્ઞાનિક લેખનને પ્રોત્સાહન આપવાનો છે.

તેના પહેલા અધ્યક્ષ ઈતિહાસકાર રામશરણ વર્મા હતા. તેમાં કાર્યકર્તાઓ તરીકે સેવા આપનારા ઈતિહાસકારોમાં ઈરફાન હબીબ, તપન રાય ચૌધરી અને બરુંન દેવ વગેરે ઈતિહાસકારોએ પોતાનું યોગદાન આપેલ છે.

12.4.3 ભારતીય ઈતિહાસ પરિષદના પ્રકાશનો :

ભારતીય ઈતિહાસ પરિષદ ઓન લાઈન તેમજ પ્રિન્ટ મીડિયા દ્વારા પુસ્તકો પ્રકાશિત કરે છે. તેની વર્ષ દરમ્યાન બે જર્નલ પ્રકાશિત થાય છે. જેમાં, ૧. ઘ ઈન્ડિયન હિસ્ટોરિકલ રિવ્યુ અને ૨. ઈતિહાસ (જે હિન્દીમાં) જે દર વર્ષે પ્રકાશિત થાય છે. આ સિવાય રાજ્ય તેમજ દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં સેમિનાર, પુસ્તકો,અને જર્નલોને પ્રકાશન કરવા આર્થિક સહાય આપે છે.

ભારતીય ઈતિહાસ પરિષદનું એક માત્ર ' ઈન્ડિયન હિસ્ટોરિકલ રિવ્યૂ ' જે ICHR ના સૌથી પ્રતિષ્ઠિત પ્રકાશનો માંનું એક છે. ICHR ના બે અંક દર વર્ષે પ્રકાશિત થાય છે – એક જૂનમાં અને બીજો ડિસેમ્બર મહિનામાં પ્રકાશિત થાય છે. ICHR કદાચ ભારતમાં તેના પ્રકારનું એકમાત્ર જર્નલ (ઈતિહાસ) છે. જે છેલ્લા ૪૯ વર્ષથી સતત પ્રકાશિત થઈ રહ્યું છે. તે ઐતિહાસિક અભ્યાસના તમામ ક્ષેત્રોમાં સંશોધન રુચિઓને સંબોધિત કરે છે. ભારતીય ઈતિહાસ પરિષદ શરૂઆતના સમયથી લઈને સમકાલીન ઈતિહાસ વર્તમાન સુધીના વિવિધ વિષયોને વ્યાપક અને સંતુલિત રીતે મહત્વ આપે છે. ભારતીય ઈતિહાસ પરિષદના લેખોની ગુણવતાવાળા લેખો નો સમાવેશ થાય છે. ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદોની હિન્દીમાં પત્રિકા પ્રકાશિત થઈ રહી છે જે અર્ધ વાર્ષિક શોધપત્રિકા છે. ઈતિહાસ'. માતૃભાષામાં ચિંતનની મૌલિક સંસ્કૃતિનો વિકાસ આ પત્રિકાનું લક્ષ્ય છે. નિષ્પક્ષ, વૈચારિક રીતે સ્થાનિક તેમજ રાષ્ટ્રીય અને વૈશ્વિક ઈતિહાસના જોડાણનું વિશ્લેષણ કરી તેનું ઐતિહાસિક સંદર્ભમાં સંશોધન કરે છે.

12.4.4 અધ્યક્ષો :

પ્રથમ આર. એસ. શર્મા, ૧૯૭૨ થી ૧૯૭૭ હતા હાલ, રઘુવેન્દ્ર તંવર, ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ કાર્યરત છે.

12.4.5 કાઉન્સિલની રચના :

ઈ.સ. ૨૦૧૯ માં તેના પુનર્ગઠન પછી, ICHR કાઉન્સિલમાં ત્રણ વર્ષના સમયગાળા માટે નીચેના સભ્યોનો સમાવેશ થાય છે.

- ભારત સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા એક પ્રખ્યાત ઈતિહાસકાર જે કાઉન્સિલના અધ્યક્ષ રહેશે.
- ભારત સરકાર દ્વારા નામાંકિત અઢાર ઈતિહાસકારો;
- યુજીસીના પ્રતિનિધિ ,
- ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના મહાનિર્દેશક

- સરકારનું પ્રતિનિધિત્વ કરવા માટે ચાર વ્યક્તિઓ હશે જેમને ભારત સરકાર દ્વારા નામાંકિત કરવામાં આવશે.

12.4.6 ભંડોળ (આર્થિક સહાય)

ICHR ને શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી મળેલી ગ્રાન્ટ-ઈન-એઈડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. તે ભારતની વિવિધ રાજ્ય સરકારો અને ભારત સરકારના અન્ય મંત્રાલયો પાસેથી પણ ભંડોળ મેળવે છે.

12.5 સારાંશ

ભારતીય પ્રજાને તેના સાચા ઈતિહાસની જાણકારી પ્રાપ્ત થાય તથા વધુમાં વધુ લોકો ઈતિહાસ માં સંશોધનમાં રુચિ લે તે માટે શ્રી કનૈયાલાલ મુન્સી દ્વારા સ્થાપેલી ભારતીય વિદ્યાભવન અને રાજવાડે સ્થાપેલી ભારતીય હિસ્ટ્રી ઓફ કોંગ્રેસ જેનો મુખ્ય હેતુ ભારતીય પ્રજાને તેના ગૌરવશાળી ઈતિહાસ પ્રત્યે સભાન કરવાનો હતો. જે આ સંસ્થાઓએ તેમના કાર્યો દ્વારા સાર્થક કર્યું છે. આ ઉપરાંત ભારતીય ઈતિહાસ પરિષદ (Indian Council of Historical Research) જે સમગ્ર દેશના ઈતિહાસ વિષયમાં સંશોધન કરતા અનેક વિદ્યાર્થીઓને આર્થિક મદદ કરી. તેમણે સંશોધન માટે આર્થિક મદદ કરે છે.

12.6 તમારી પ્રગતિ ચકાસો

૧. ભારતીય ઈતિહાસ પરિષદ સ્થાપના જણાવો.

૨.ભારતીય ઈતિહાસ પરિષદના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?

૩.ભારતીય ઈતિહાસ પરિષદના બે જર્નલો ના આં આપો.

૪.એક સંશોધન સંસ્થા તરીકે ભારતીય ઈતિહાસ પરિષદનું યોગદાન આલેખો.

_____

_____

_____

_____

_____

સંદર્ભ સૂચિ :

૧. http://ichr.ac.in/

૨. wikipidiyaa.org

૩. Indian Council of Historical Research Annual Report 2021-2022

૪. ઈતિહાસનું પદ્ધતિશાસ્ત્ર, ડૉ.અરુણ વાઘેલા અને બી. એન. ગાંધી, અક્ષર પબ્લીકેશન અમદાવાદ પ્રથમ આવૃત્તિ -૨૦૨૧

એકમ - 13

ઈતિહાસ પર સ્વદેશી મંતવ્યો :મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરૂ

:: રૂપરેખા ::

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 સ્વદેશી આંદોલનની શરૂઆત

13.3 ગાંધીજી પહેલાંના સ્વદેશી મંતવ્યો

- **13.3.1** ગાંધીજીનો સ્વદેશી વિચાર
- **13.3.2** રાજકારણમાં સ્વદેશી
- **13.3.3** આર્થિક ક્ષેત્રે સ્વદેશી
- **13.3.4** સામાજિક ક્ષેત્રે સ્વદેશી
- **13.3.5** ધર્મમાં સ્વદેશી
- **13.3.6** શિક્ષણક્ષેત્રે સ્વદેશી
- **13.3.7** સંસ્કૃતિમાં સ્વદેશી

13.4 જવાહરલાલ નહેરુના સ્વદેશી મંતવ્યો

- **13.4.1** ઔદ્યોગિક વિકાસ
- **13.4.2** આધુનિક વિજ્ઞાન અને પદ્ધતિઓ
- **13.4.3** તર્ક અને આયોજન દ્વારા વિકાસ
- **13.4.4** વિદેશનીતિ
- **13.4.5** સ્વદેશી વિશે નહેરૂજીનો મત

13.5 સારાંશ

13.6 સંદર્ભ અને વિશેષ વાચન

13.0 ઉદ્દેશો

- ગાંધીજી અને નહેરુજીના સ્વદેશી વિચારો વિશે જાણી શકાશે.
- અલગ-અલગ ક્ષેત્રોમાં સ્વદેશી ઉપર ગાંધીજીના મંતવ્યો.
- નહેરુજીના ઔદ્યોગિકરણ અને વિદેશનીતિ વિશે જાણી શકાશે.

13.1 પ્રસ્તાવના

સ્વદેશી એટલે ''પોતાના દેશમાં નિર્મિત વસ્તુઓનો ઉપભોગ. સ્વદેશી એ માત્ર એક વિચાર નહીં પરંતુ એક દેશના આર્થિક, રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે આવેલ એક મોટું પરિવર્તન છે.''

રવીન્દ્રનાથ ટાગોર, અરવિંદ ઘોષ, સુરેન્દ્રનાથ બેનર્જી, ન્યાયમૂર્તિ રાનડે, દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, બાલગંગાધર તિલક, લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ, સૈયદ હૈદર રઝા, મહાત્મા ગાંધી અને નરેન્દ્ર મોદી જેવા અનેક નેતાઓએ આ વિચારને આગળ વધાર્યો.

અહીં ઉપરોક્ત નેતાઓના મતે સ્વદેશી એટલે માત્ર પોતાના દેશમાં ઉત્પન્ન થયેલ વસ્તુ જ નહીં, પરંતુ પોતાના દેશમાં આવેલ નીતિઓ, વિચારો, શિક્ષણ, ધર્મ, રાજકીય, સામાજિક અને સ્વાસ્થ્યના દરેક આયામોને અપનાવવા એટલે સ્વદેશી.

આત્મનિર્ભરતાને પ્રોત્સાહિત કરતું સ્વદેશી આંદોલન ભારતીય સ્વતંત્રતા આંદોલનનું એક મહત્ત્વનો ભાગ હતું. ગાંધીજીએ તો સ્વદેશીને સ્વરાજની આત્મા કહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ''વોકલ ફોર લોકલ'' અને ''આત્મનિર્ભર ભારત''થી આજના સમયમાં આ આંદોલને પ્રચલિત કર્યું. વિનોબાજીએ સ્વદેશી ધર્મનો મર્મ સમજાવતાં લખ્યું છે કે, ''ચંડોળ પક્ષી આકાશમાં ઊડે છે છતાં એની દૃષ્ટિ તો માળામાં જ હોય છે. એનામાં ઊંચે ચડવાની તાકાત તો છે પણ માળાને છોડવો પડે એટલું ઊંચે ઉડતું નથી. તે આકાશ તરફ નજર રાખે છે ને માળા તરફ પણ. માળામાં ભરાઈ રહેવું કે ઊંચે આકાશમાં ઊડ્યાં કરવું એ બેય એ છોડે છે. આ છે સ્વદેશી ધર્મ. એટલે સેવા માટે નજીકનું ક્ષેત્ર અને પ્રેમ તથા ચિંતન માટે આખી દુનિયા પર નજર આનું નામ છે સ્વદેશી ધર્મ.'' વિનોબાજીએ આ વ્યાખ્યા આપી છે.

13.2 સ્વદેશી આંદોલનની શરૂઆત

ભારતમાં બ્રિટિશ સરકાર દ્વારા બંગાળના વિભાજન પછી સ્વદેશી આંદોલનની શરૂઆત થઈ. બંગભંગ ચળવળની શરૂઆત ૭ ઓગસ્ટ ૧૯૦૫ ના દિવસે થઈ હતી. સ્વદેશી ઉત્પાદનો વધારવા માટે અને વિદેશી વસ્તુઓની આયાતને ઓછી કરવા કલકત્તાના ટાઉનહોલમાં ઔપચારિક રૂપથી સ્વદેશી આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. બંગાળમાં શરૂ થયેલ સ્વદેશી આંદોલનની સાથે બ્રિટિશ ઉત્પાદનોનો બહિષ્કાર અને સ્થાનીય રૂપથી ઉત્પાદિત વસ્તુઓનો ઉપયોગ કરવો એ આંદોલનનો મુખ્ય ભાગ હતો.

૭ ઓગસ્ટ ૧૯૦૫માં કલકત્તાના સીટી હોલમાં એક બહિષ્કાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. જેમાં માનચેસ્ટરની મિલમાં બનેલાં કપડાં અને મીઠાના ઉપયોગના બહિષ્કારની સંમતિ કરવામાં આવી. જેનાથી બ્રિટિશ કાપડ ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં નુકસાન આવ્યું. બ્રિટિશ ઉત્પાદનોના બહિષ્કારની સાથે બ્રિટિશ વસ્તુઓની હોળી, બ્રિટીશ સામાન વેચવાવાળા વેપારીઓને ત્યાં ધરણા પર બેસવું એ આ પ્રથમ તબક્કાની સ્વદેશી આંદોલનના હથિયાર હતા. ''વંદે માતરમ'' એ સ્વદેશી આંદોલનનું અને બહિષ્કારનું ગીત બની ગયું.

આ સ્વદેશી આંદોલન દરમ્યાન માચિસની અને સાબુની ફેક્ટરીઓ, કપડાની મીલો, ચામડાના કારખાનાં, બેંકો, વિમાની કંપનીઓ, રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાન તથા અન્ય ક્ષેત્રે જબરદસ્ત ઉછાળો આવ્યો. આ આંદોલન ઈ.સ. ૧૯૦૮ સુધી ચાલુ રહ્યું.

13.3 ગાંધીજી પહેલાંના સ્વદેશી મંતવ્યો

ન્યાયમૂર્તિ રાનડે, લોકમાન્ય તિલક અને બંગભંગની ચળવળના નેતાઓએ સ્વદેશી માલના પ્રચારની હિમાયત કરી હતી. પરંતુ એમની સ્વદેશીની કલ્પનામાં અને ગાંધીજીની સ્વદેશીની કલ્પનામાં ઘણું મોટું અંતર હતું. જૂનો સ્વદેશી વિચાર અંગ્રેજી રાજ્યને હટાવવાના એક સાધન તરીકે ઉભો થયો હતો. તેમાં સ્વદેશપ્રેમનો અંશ હતો ખરો, પરંતુ એ વખતે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાનો બીજો કોઈ સફળ ઈલાજ ન હોઈ અંગ્રેજોના વિરોધમાં આર્થિક બહિષ્કારના એક સાધનરૂપે સ્વદેશી આંદોલન ચાલતું હતું. તેમાં પણ ખાસ કરીને ઈંગ્લેન્ડનો માલ ન ખરીદવાનું તથા ઈંગ્લેન્ડ સિવાયના બીજા દેશોનો માલ ખરીદવામાં વાંધો નથી એવું એ વખતના સ્વદેશીનું નકારાત્મક સ્વરૂપ હતું. પરિણામે ઈંગ્લેન્ડ સિવાયના બીજા દેશોને, ખાસ કરીને જાપાનનો માલ પુષ્કળ પ્રમાણમાં આપણા દેશમાં આવતો અને પરિણામે જાપાનને સારો એવો આર્થિક લાભ થયેલો.

13.3.1 ગાંધીજીનો સ્વદેશી વિચાર :

ગાંધીજી પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી જૂના સ્વદેશી વિચારનો આ દોષ પામી ગયા હતા. તેથી ગ્રામોદ્યોગને પુનઃજીવિત કરવાના અને એમાંથી પેદા થતા માલને વાપરવાના વિધાયક કાર્યક્રમ પર ગાંધીજીએ ભાર મૂક્યો. ખાદી અને અન્ય ગ્રામોદ્યોગોને સજીવન કરવા એમણે અખિલ ભારતીય સંઘ ઊભો કર્યો. પરિણામે બ્રિટિશ અમલ દરમ્યાન નષ્ટપ્રાય થયેલા ઉદ્યોગો જીવતા થયા અને દેશના લાખો બેકાર અને દરિદ્રોને એને લીધે રોજીરોટી મળતી થઈ.

ગાંધીજી સ્વદેશીના હિમાયતી હતા. પરંતુ વિદેશીમાત્રના વિરોધી નહોતા. તે ચોક્કસપણે માનતા કે સંપૂર્ણ સ્વાવલંબન જગતમાં ક્યાંય શક્ય નથી. તેથી જ કહેતા હતા કે ''ભારતમાં ખૂબ મહેનત કરીને ઘડિયાળ બનાવવાની સલાહ હું નહીં આપું. સ્વિટ્ઝલેન્ડના લોકો એ બહુ સારી બનાવે છે એટલે આપણે તે ઘડિયાળ વાપરવી જોઈએ. તેઓ કહેતા કે માણસ જો પોતાના પડોશી, ગામ કે દેશને ભૂલી દૂર વિશ્વસેવા કરવા જાય તો એમાં તે પોતાનો ધર્મ ચૂકે છે.

ગાંધીજી માનતા હતા કે સ્વદેશીની ભાવના અનુસરવા અનુક્રમે પહેલા નજીકના પાડોશી, પછી ગામ, સમાજ, રાજ્ય અને દેશ દ્વારા ઉત્પાદિત માલનો ઉપયોગ કરવો જોઈએ. જેથી ભારતનું દરેક ગામ લગભગ સ્વનિર્ભર બનશે તથા અડધા ભૂખ્યા દેશવાસીઓને આજીવિકાનું સાધન મળશે. ગાંધીજીનો સ્વદેશી વિચાર કેવળ આર્થિક ક્ષેત્ર ઉપર આધારિત નહોતો. તેઓ ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે પણ સ્વદેશીનું અર્થબોધ જોડાયેલ હતું.

13.3.2 રાજકારણમાં સ્વદેશી :

રાજકારણમાં સ્વદેશી એટલે પંચાયતીરાજ. રાજકીય સ્વદેશી સંસ્થાઓનું પુનરુત્થાન કરી તેમની કેટલીક ખામીઓ દૂર કરી તેને મજબૂત બનાવવી જોઈએ. ગાંધીજીએ ૧૯૦૯માં તેમની પ્રખ્યાત પુસ્તક ''હિંદ સ્વરાજ''માં આંતરિક શાસન (સ્વરાજ)ની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો. સમાજના પિરામિડ માળખાથી વિપરીત સમાજનાં કેન્દ્રમાં વ્યક્તિને મૂકીને સમુદ્રી વર્તુળની વિભાવના રજૂ કરી. આ વિભાગના કેન્દ્રીકરણ અને સર્વોદયના તેમના સિદ્ધાંત ઉપર આધારિત છે. આ સમુદ્રી વર્તુળનું કેન્દ્ર વ્યક્તિ હશે અને તેમાંથી વિસ્તરતા વર્તુળોમાંથી પરંપરાગત પ્રદેશ, દેશ અને છેવટે સમગ્ર વિશ્વનો સમાવેશ થાય છે. અહીં વ્યક્તિ પોતાની સરકારનો સર્જક છે.પરંપરાગત સત્તાના માળખામાં સત્તા પિરામીડ જેવી હોય છે, જેમાં ટોચ પર બેઠેલા થોડા લોકો નીચેના લોકો પર શાસન કરે છે. જ્યારે ''સમુદ્રી વર્તુળ'' એટલે કે શાંત પાણીમાં પથ્થર નાખતા વર્તુળો કેન્દ્રથી બહારની તરફ ફેલાય છે. તેમ સત્તા ઉપરથી જ નીચે આવવાનો બદલે અંદરથી બહારની તરફ વિસ્તરે છે. જેનું કેન્દ્ર વ્યક્તિ હોય છે.

13.3.3 આર્થિક ક્ષેત્રે સ્વદેશી :

આર્થિક ક્ષેત્રે સ્વદેશીનું હાર્દ ''ખાદી અને ચરખો'' હતો. ગાંધીજી માનતા હતા કે ભારતમાં લોકોમાં પ્રવર્તતી ઊંડી ગરીબી અને અડધા ભૂખ્યા દેશવાસીઓ માટે મુખ્ય કારણભૂત આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે સ્વદેશીના માર્ગથી વિચલન છે. આ સાથે તેમને હસ્તઉદ્યોગો અને કુટીરઉદ્યોગોને ભારતીય અર્થવ્યવસ્થાના મહત્વપૂર્ણ અવયવો ગણી તેને પ્રોત્સાહિત કરવાનું કહ્યું.

13.3.4 સામાજિક ક્ષેત્રે સ્વદેશી :

ગાંધીજી બધા જ વ્યવસાયોને સમાન રીતે મહત્ત્વ આપતા હતા. તેમણે જન્મ અને તેની સાથે સંકળાયેલ સામાજિક દરજ્જાના આધારે પ્રવર્તમાન જાતિ વ્યવસ્થાનો સખત વિરોધ કર્યો. તેઓ માનતા કે સાચું સ્વરાજ ફક્ત સમાજના આ વંચિત વર્ગોના ઉત્થાન દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. સમાજના દરેક લોકોને એક સમાન માનવા એટલે સ્વદેશી.

13.3.5 ધર્મમાં સ્વદેશી :


ધર્મમાં સ્વદેશી એટલે સ્વધર્મને વળગી રહેવું. પોતાના ધર્મની સેવા કરવી અને જો જરૂરી હોય તો તેની ખામીઓ દૂર કરીને તેને શુદ્ધ અને પવિત્ર રાખવું એ વ્યક્તિનું કર્તવ્ય છે. પોતાના ધર્મની અપૂર્ણતાને કારણે તેને છોડી બીજા ધર્મને અપનાવવો એના કરતાં અન્ય ધર્મોમાંથી શ્રેષ્ઠ અપનાવીને પોતાના ધર્મને સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. ગાંધીજી બીજાના ધર્મને પણ આદર કરવાનું કહેતા તથા ''સર્વ ધર્મ સમભાવ''નો મંત્ર આપ્યો.

13.3.6 શિક્ષણક્ષેત્રે સ્વદેશી :

શિક્ષણમાં સ્વદેશી એટલે માતૃભાષા અથવા સ્વભાષા દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવું. ગાંધીજીએ લખ્યું છે ''છેલ્લા પચાસ વર્ષ દરમ્યાન અમને અમારી માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવ્યું હોત તો અમારા વડીલોને, અમારા નોકરચાકરોને, અમારા પડોશીઓને, અમારા જ્ઞાનનો લાભ મળ્યો હોત. જગદીશચંદ્ર બોઝ અને પ્રફુલ્લચંદ્ર રાય જેવાની શોધો રામાયણ અને મહાભારતની પેઠે ઘર-ઘરનો ખજાનો થઈ પડી હોત. અત્યારે તો એ શોધો પરદેશીઓએ કરેલ શોધો જેટલી જ અજાણી છે. વિષયમાત્રનું શિક્ષણ માતૃભાષા દ્વારા આપવામાં આવ્યું હોત તો હું એમ કહેવાની હિંમત કરું છું કે તેનો વિકાસ આશ્ચર્યકારક થયો હોત.'' બ્રિટિશ પ્રણાલી સામે તેમનો મુખ્ય વાંધો એ હતો કે તેનો પ્રાથમિક હેતુ ભારતના લોકોને ''ગુલામ'' બનાવવાનો હતો. તેઓ માનતા કે શિક્ષણ દેશની સંસ્કૃતિ અને પરંપરાઓનું મૂળ હોવું જોઈએ. શિક્ષણ વિશે તે કહે છે કે ''શિક્ષણ દ્વારા મારો મતલબ બાળક અને મનુષ્યના શરીર, મન અને ભાવનાના શ્રેષ્ઠ ગુણોનો સર્વાંગી સાહિત્યનો વિકાસ સાધવાનો છે. જે માતૃભાષા કે સ્વભાષાથી શક્ય છે. તેમને રાષ્ટ્રને નવી તાલીમ કે મૂળભૂત શિક્ષણ (પાયાની કેળવણી) નામની શિક્ષણપ્રણાલી રજૂ કરી જેનાથી એ શરૂઆતથી જ સ્વાવલંબન તરફ જઈ શકે.

13.3.7 સંસ્કૃતિમાં સ્વદેશી :

સમગ્ર રહેણીકરણીમાં સાચી ભારતીય પરંપરાનો સ્વીકાર કરવો એટલે સંસ્કૃતિમાં સ્વદેશી. વિદેશી રમતો છોડી મેદાનમાં રમાતી ભારતીય રમતોને પોષવી. વિદેશી સ્વાસ્થ્યવર્ધક દવાઓને બદલે નિસર્ગોપચાર પદ્ધતિથી કે પછી સંયમિત જીવનશૈલીથી ઉપચારની વાત કરી છે. સંયમિત જીવનશૈલી અપનાવવી વિશે કહ્યું છે. ભારતીય પોષાક, ભારતીય ભોજન, ભારતીય શૈલી વગેરે તરફ પાછા વળવું કે તેને જાળવી રાખવું એટલે સંસ્કૃતિમાં સ્વદેશી.



સ્વદેશીની સંકલ્પના

13.4 જવાહરલાલ નહેરુના સ્વદેશી મંતવ્યો

જવાહરલાલ નહેરુના વિચાર ભારતના ઔદ્યોગીકરણ, સમાજવાદ, શાસન વ્યવસ્થા વગેરે ક્ષેત્રોમાં ગાંધીજીથી ભિન્ન છે. નહેરુ ઔદ્યોગીકરણ, શહેરીકરણ તથા આધુનિકીકરણના હિમાયતી હતા. જવાહરલાલ નહેરુના સ્વદેશી વિચારોમાં ભારતની સંપૂર્ણ સ્વતંત્રતા, સમાજવાદ અને ધર્મનિરપેક્ષતાના સમર્થક હતા. તેઓએ ગરીબી, નિરક્ષરતા અને સાંપ્રદાયિક વિભાજનથી મુક્ત ભારતનું સ્વપ્ન સેવ્યું હતું.

તેમણે વિજ્ઞાન અને તર્કસંગત વિચારસરણીના પ્રોત્સાહન તેમજ ભારતની સાર્વભૌમત્વ અને વિકાસનું રક્ષણ કરતી વિદેશનીતિની હિમાયત કરી હતી.

13.4.1 ઔદ્યોગિક વિકાસ :

જવાહરલાલ નહેરુને ભારતના આર્થિક વિકાસને ઝડપથી આગળ વધારવા માટે ઔદ્યોગીકરણ અને મોટી પરિયોજનાઓને પ્રાથમિકતા આપી.

નહેરુ મોટા ઉદ્યોગો કે ભૌતિક પ્રગતિના પાયા પર સાંસારિક વિકાસ થાય છે એમ માનતા છતાંય નહેરુ કહે છે કે, ''આપણું ધ્યેય સિદ્ધ કરવામાં સ્વાવલંબી અર્થતંત્ર આપણને ઉપયોગી થશે.'' આમ, ગાંધીજીની જેમ તેઓ પણ સ્વાવલંબન ઉપર ભાર મૂકતા. તેઓ ઔદ્યોગિકરણ વિશે કહે છે કે, ''હું ટ્રેક્ટરો અને મોટા યંત્રો દાખલ કરવાના મતનો છું. જેથી હિંદનું ઝડપથી ઔદ્યોગિકરણ શક્ય થઈ શકે.'' યંત્રોના ઉપયોગની બાબતમાં નહેરુ કહે છે કે યંત્રોના ઉપયોગની બાબતમાં ગાંધીજીના વલણમાં ધીમે-ધીમે ફેરફાર થયેલો જણાય છે.

જવાહર નહેરુ મોટા ઉદ્યોગોમાં રાષ્ટ્રીયવાદને મહત્વ આપે છે. તેઓ માનતા કે દેશની પ્રગતિનો આધાર મોટા ઉદ્યોગો પર જ રહેલો છે. ગ્રામોદ્યોગ કે યંત્રવાદનો વિરોધ એ જવાહર નહેરૂને કંઈક જૂનવાણી વિચારસરણી લાગે છે.

13.4.2 આધુનિક વિજ્ઞાન અને પદ્ધતિઓ :

તેઓ માનતા હતા કે આત્મનિર્ભર બનવા માટે આધુનિક વિજ્ઞાન અને નવી વૈજ્ઞાનિક પદ્ધતિઓ સ્વીકારવી પડશે તો ઝડપથી આ સ્વદેશી ભારત ઊભું કરી શકીશું.

13.4.3 તર્ક અને આયોજન દ્વારા વિકાસ :

ભારતને આધુનિક બનાવવા માટે અને સમાજનો સર્વાંગી વિકાસ પ્રાપ્ત કરવા તર્કસંગત વિચારસરણીના પ્રસારને પ્રોત્સાહન અને આયોજનબદ્ધ કામગીરી કરવી પડશે. જેથી ગરીબી અને સામાજિક અન્યાયને દૂર કરવાની દિશામાં કામ કરી શકાય.

13.4.4 વિદેશનીતિ :

તેમણે બિનજોડાણવાદની નીતિનો પાયો નાંખ્યો. જેનો હેતુ ભારતની સાર્વભૌમત્વનું રક્ષણ કરવાનો અને દેશની એકતાને પ્રોત્સાહન આપવાનો હતો.

13.4.5 સ્વદેશી વિશે નહેરુજીનો મત :

સ્વદેશીની ભાવનામાં જવાહરલાલને ગાંધીજી જેટલી શ્રદ્ધા નથી. એક દેશ બીજા દેશ જોડે આર્થિક સંબંધો બાંધી એકબીજાની જરૂરિયાત પૂરી પાડે એમ નહેરુજીનું માનવું હતું.

નહેરુજીને ખાદી ઉપર પણ એટલી શ્રદ્ધા નથી કારણ કે તેઓ દેશની આર્થિક પ્રગતિ ઈચ્છે છે. દેશનું જીવનધોરણ ઊંચું આવે એવી અપેક્ષા રાખે છે. આપણે પરદેશી નાણાંકીય સહાય લઈને પણ દેશના ઉદ્યોગોનો વિકાસ કરીએ તેમાં જવાહરને કશું અણછાજતું લાગતું નથી. તેઓ કહે છે કે "આર્થિક પ્રગતિ ત્યારે જ થઈ શકે કે જ્યારે દેશનું જીવનધોરણ ઊંચું આવે, જ્યારે જીવનની વધારેમાં વધારે જરૂરિયાતો સંતોષાય.

આમ, ગાંધીજીની આર્થિક દૃષ્ટિ ગામડાંને નજર સમક્ષ રાખીને રચાઈ છે. જ્યારે જવાહરની શહેરોને નજરમાં રાખીને રચાઈ છે. જવાહરને બેકારીને દૂર કરવા ઉદ્યોગીકરણનો માર્ગ સરળ લાગે છે. જેથી દેશમાં બેકારોને કામ મળશે.

નહેરૂના સ્વદેશી દૃષ્ટિકોણનો અર્થ ભારતીય સંસ્કૃતિ, પરંપરા, આત્મનિર્ભરતા અને રાષ્ટ્રીય હિતને કેન્દ્રમાં રાખી ઇતિહાસને જોવો. આ દૃષ્ટિએ નહેરૂ વિશે વિવિધ સમર્થાત્મક અને ટીકાત્મક મત મળે છે.

હકારાત્મક સ્વદેશી મૂલ્યાંકન

આધુનિક ભારતના નિર્માતા તરીકે સ્વદેશી ઉપર ભાર મૂક્યો. આઈ.આઈ.ટી વૈજ્ઞાનિક સંસ્થાઓ જેવી પહેલી સ્વદેશી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

તમારી પ્રગતિ ચકાસો :

૧.ગાંધીજીના સ્વદેશી વિશેના મંતવ્યો જણાવો.

૨.નહેરુના સ્વદેશી વિશેના મંતવ્યો જણાવો.

૩.સ્વદેશી એટલે શું, સ્વદેશી આંદોલનની શરૂઆત ક્યારે થઈ તે વિશે જણાવો.

13.5 સારાંશ

મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુના વચ્ચે સ્વદેશી મુદ્દા ઉપર ઘણી ચર્ચાઓ થઈ હતી. ગાંધીજી સ્વદેશીને એક સામાજિક અને આર્થિક આંદોલનના રૂપમાં દેખતા હતા. જ્યારે નહેરુનો દૃષ્ટિકોણ વધારે આધુનિક અને ઔદ્યોગિક હતો.

બન્નેના સ્વદેશી ઉપરના વિચારો અલગ હોવા છતાં બ્નેની દષ્ટિ ''ભારતના વિકાસ'' તરફની હતી.

13.6 संदर्भ अने विशेष वाचन

૧.પટેલ મગનભાઈ જો., ગાંધીજીનું ધર્મદર્શન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૦

२.जोषी राजेन्द्र, मिथिलेश, गांधीदृष्टि के विविध आयाम, राजकमल प्रकाशन, दिल्ली, प्रथम संस्करण,२०२०

૩.પ્રભુ આર.કે., રાય યુ.આર. (સંપા.), મહાત્મા ગાંધીના વિચારો, નેશનલ બુક ટ્રસ્ટ ઇન્ડિયા, બીજી આવૃત્તિ, ૨૦૧૧

४.शर्मा बी.एम., शर्मा राम कृष्ण दत्त, शर्मा सविता, भारतीय राजनीतिक विचारक, रावत पब्लिकेशन, जयपुर,२००५

५.गुप्त विश्व प्रकाश, गुप्त मोहिनी, महात्मा गांधी, व्यक्त और विचार, राधा पब्लिकेशन, दिल्ली

६.दाधीश नरेश, महात्मा गांधी का चिन्तन, रावत पब्लिकेशन,२०१४

७.mkgandhi.ord/articles/understanding-gandhis vision.of.swadesh.php

૮.gujarativishwakosh.ord//સ્વદેશી આંદોલન

એકમ - 14

પ્રાદેશિક ઈતિહાસ લેખનમાં યોગદાન : ડૉ. મકરંદ મહેતા, હરીપ્રસાદ શાસ્ત્રી ,આર.બી જોટે

:: રૂપરેખા ::

14.0 ઉદ્દેશો

14.1 મકરંદ મહેતા

14.1.1 ઈતિહાસકાર મકરંદ મહેતા

તમારી જાતને ચકાસો

14.2 ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું ઈતિહાસ ક્ષેત્રે પ્રદાન

14.2.1 ઈતિહાસનાં ગ્રંથો

14.2.2 ઈતિહાસકાર ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

14.2.3 ઈતિહાસ-ગ્રંથોનું અધ્યયન

14.2.4 ગુજરાતના ઈતિહાસ લેખનની વિશેષતાઓ

તમારી જાતને ચકાસો

14.3 રત્નમણિરાવ ભીમરાવ જોટે

14.2.1 ખંડ-૧ (પુસ્તક એક) ભાગ-૧

14.2.2 ખંડ -૧ (પુસ્તક એક) ભાગ-૨

14.2.3 ખંડ-૨ (પુસ્તક બે)

14.2.4 ખંડ-૩ (પુસ્તક-૩)

તમારી પ્રગતિ ચકાસો

14.3 ચાવીરૂપ શબ્દો

14.4 તમારી પ્રગતિ તપાસોના જવાબો

14.5 સંદર્ભ અને વિશેષ વાચન

14.0 ઉદ્દેશો (Objectives)

- વિદ્યાર્થીઓ ગુજરાતના જુદાજુદા ઈતિહાસકારો વિશે જાણકારી પ્રાપ્ત કરે.
- તેમણે કરેલા વિવિધ સંશોધનો વિશે માહિતગાર થાય.
- વિદ્યાર્થીઓ આ ઈતિહાસકારો ઈતિહાસમાં કયા વિષય પર સંશોધન કર્યા તે વિશે જાણે.

14.1 મકરંદ મહેતા

ડૉ. મકરંદ જનકલાલ મહેતાનો જન્મ તારીખ ૨૫ મે, ૧૯૩૧ના રોજ અમદાવાદ મુકામે નાગર પરિવારમાં થયો હતો. તેમના પિતાશ્રી ટ્રેલિગ્રાફ ઓફિસર હતા. તેમના નાના જેઠાલાલ લાલજી મજમુદાર શીઘ્ર કવિ હતા અને 'કવિ જેઠમ' નામથી જાણીતા હતા. કવિ જેઠમ ગુજરાતનાં પ્રસિદ્ધ કવિ દલપતરામ ડાહ્યાભાઈના પટ્ટશિષ્ય હતા. મકરંદભાઈ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વડોદરા, અમદાવાદ અને અમેરિકા લીધું હતું. તેમણે ૧૯૫૨માં ઈતિહાસ અને રાજ્યશાસ્ત્ર વિષયો સાથે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાંથી બી.એ. (ઓનર્સ) ૧૯૫૫માં ઈતિહાસ વિષય સાથે એમ.એ. સેકન્ડ ક્લાસ તથા ૧૯૬૫માં અમેરિકાની પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાંથી આર્થિક અને વ્યાપાર-વાણિજયના ઈતિહાસમાં ફરીથી એમ.એ.ની ડિગ્રી મેળવી. તેઓ ગુજરાત યુનિવર્સિટીમાંથી ઈતિહાસ વિષયમાં પીએચ.ડી. થયા. તેમાં તેમનો વિષય 'રણછોડલાલ છોટાલાલ એન્ડ અહમદાબાદ કોટન ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રી હતો. તેમણે પુણેની ગોખલે ઈન્સ્ટિટ્યુટ ઑફ પોલિટિક્સ એન્ડ ઈકોનોમિક્સ, ઈન્ડિયન ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદઃ દિલ્હીની શ્રી રામ ઈન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ હિસ્ટરી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં સંશોધક તથા ઈતિહાસના પ્રોફેસર તરીકે સેવાઓ આપી છે. ૧૯૯૧માં નિવૃત્તિ બાદ તેઓ પ્રોફેસર ઈમેરિટસ તરીકે મ.સ. યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા. વળી, ઈંગ્લેન્ડની સન્ડરલેન્ડ યુનિવર્સિટીમાં ૧૯૯૬ થી ૨૦૦૧ દરમિયાન, તેમનાં પત્ની પ્રોફેસર શિરીન મહેતા સાથે વિઝિટિંગ પ્રોફેસર હતા.

ગુજરાતના ઈતિહાસકારોના ઈતિહાસલેખનથી ગુજરાતના ઈતિહાસના નવા-નવા ક્ષેત્રો ખુલ્યા છે. ગુજરાતના પ્રાચીન રાજ્યવંશો, સ્થળો, જાતિઓ વગેરે પર સંશોધનો આરંભાયા છે. આજ પરીપાટી પર પ્રયોજકીય ઈતિહાસનું સ્થાન પણ મહત્વનું છે. વ્યાપારીઓ, ઉધોગપતિ, ખેડૂતો અને કારીગરો જેવા લોકોની સર્જનશક્તિ-તેમની કામ કરવાની શક્તિને પ્રયોજકીય ઈતિહાસકારોએ તેમનું આગવું અને નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ગુજરાતમાં ડૉ.હરિપ્રશાદ શાસ્ત્રીનું નામ આ પ્રકારના સંશોધનમાં આગવું છે.

શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે ગુજરાત અગ્રગણ્ય-નામાંકિત ઈતિહાસકારોમાં મહત્વનું સ્થાન ધરાવે છે. તેમણે ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ચાર ખંડો-ચાર પુસ્તકોમાં લખેલ છે (જેનાં કુલ પાના ૧૦૯૫ છે) જે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી ગુજરાતમા અકબરના શાસનની થયેલી સ્થાપના સુધીનો

ઇતિહાસ આવરી લેવામાં આવેલ છે. તેમાં રાજકીય, વહીવટી વગેરે પાસા ઉપરાંત આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાહિત્ય, સાંસ્કૃતિક તથા ધાર્મિક પાસાંઓનું સમકાલીન તથા આધારભૂત સાધનોને આધારે સઘન તથા વિસ્તૃત વિવરણ કરવામાં આવ્યું છે. આથી આ પુસ્તકો ખરેખર ઉપરોક્ત સમયગાળાના ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું વાસ્તવિક આલેખન કહી શકાય.

14.1.1 ઇતિહાસકાર મકરંદ મહેતા

તેમની થીસિસ 'અહમદાબાદ કોટન ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રી : જિનેસીસ એન્ડ ગ્રોથ' શિર્ષક હેઠળ ૧૯૯૧માં પ્રગટ થઈ. કાપડ ઉદ્યોગ પરનું વ્યવસ્થિત રીતે થયેલું આ સૌપ્રથમ કામ છે તેમાં ડૉ. મહેતાએ પ્રયોજક અને પ્રયોજનશક્તિ (એન્ટરપ્રેનોર એન્ડ એન્ટરપ્રેનોરશિપ)ના સિદ્ધાંતો કાપડ ઉદ્યોગને સજવા માટે ઉપયોગમાં લીધા છે. પ્રયોજકો નવચારી કાર્યો કરે છે, એમ જણાવી તેમણે કહ્યું છે કે નાગર જ્ઞાતિના રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં કાપડ-ઉદ્યોગ સ્થાપીને નવાચારી કાર્ય કર્યું હતું. તે પછી વૈષ્ણવો તથા જૈનો એવા આક્રમક રીતે કાપડ-ઉદ્યોગમાં પ્રવેશ્યા કે ઈ.સ.૧૯૦૦ સુધીમાં, 'અમદાવાદ માન્ચેસ્ટર ઓફ ધી ઈસ્ટ' તરીકે વિશ્વપ્રસિદ્ધ થયું.

ડૉ. મહેતાએ ઈન્ડિયન મરચન્ટ્રસ એન્ડ એન્ટરપ્રેનોર ઈન હિસ્ટોરીકલ પર્સ્પેકટીવ' નામનો ગ્રંથ ૧૯૯૪માં પ્રગટ કર્યો. તેમાં તેમણે વીરજી વોરા અને શાંતિદાસ ઝવેરી જેવા પ્રતિષ્ઠિત વેપારીઓ શ્રેષ્ઠીઓથી શરૂ કરીને, રણછોડલાલ છોટાલાલ તથા જમશેદજી તાતા જેવા ઉદ્યોગપતિઓને સાંકળીને તેમના કાર્યોનું વિવેચન કર્યું છે. મકરંદભાઈએ પ્રોફેસર દ્વીજેન્દ્ર ત્રિપાઠીના સહલેખક તરીકે બિઝનેસ હાઉસીસ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા, અ સ્ટડી ઈન એન્ટરપ્રેનોરીયલ રિસ્પોન્સ ૧૮૫૦-૧૯૬૫' ગ્રંથ ૧૯૯૦માં પ્રગટ કર્યો. આ ગ્રંથમાં લેખકોએ રણછોડલાલ છોટાલાલ, જમશેદજી તાતા, વાલચંદ્ર હિરાચંદ, મફતલાલ ગગલદાસ, કિર્લોસ્કર વગેરે અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ તથા ઉદ્યોગગૃહોનું વર્ણન તથા વિશ્લેષણ કર્યું છે.

તેમણે 'હિન્દુ વર્ણવ્યવસ્થા, સમાજ-પરિવર્તન અને ગુજરાતનાં દલિતો' નામનો ગ્રંથ ૧૯૯૫માં પ્રસિદ્ધ કરીને શોષિતો તથા પીડિતોની ઊર્મિઓને વાચા આપી છે. તેમાં તેમણે ૧૯મા સૈકામાં દલિતોની પશુ કરતાં પણ વધારે ખરાબ સ્થિતિનું વર્ણન કર્યું છે. ત્યારબાદ વડોદરાના પ્રગતિશીલ મહારાજા સયાજીરાવ ગાયકવાડની દલિત અને આદિવાસી ઉત્થાનની પ્રવૃત્તિઓ સમજાવી છે. ગાંધીજી ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યાં. તેમણે અમદાવાદને કર્મભૂમિ બનાવી. ઇતિહાસે જાણે કરવટ બદલી હોય તેમ, ગાંધીજીએ સ્વાતંત્ર્ય સંગ્રામ માટે એક તરફ 'માસ મુવમેન્ટ' શરૂ કરી અને બીજી તરફ હરિજનો અને આદિવાસીઓના કલ્યાણની પ્રવૃત્તિઓ

વિસ્તારી. લેખકે આ ગ્રંથમાં દલિત-ઉત્થાનની દૃષ્ટિએ ગાંધીજી અને તેમણે તૈયાર કરેલા પાયાના કાર્યકરોનું પ્રદાન વર્ણવ્યું છે.

ડૉ. મહેતાએ 'બિયોન્ડ બાઉન્ડરીઝ ઈન્ટરનેશનલ ટ્રેડ લીક્વેઝીઝ એન્ડ માઈગ્રેશન ઓફ ગુજરાતીઝ' નામનો ગ્રંથ ૨૦૦૪માં પ્રગટ કર્યો. ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ પ્રસિદ્ધ કરેલ આ ગ્રંથનો લોકાર્પણવિધિ તત્કાલીન ભારતના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈએ કર્યો હતો. તેમાં લેખકે બતાવ્યું છે કે ગુજરાતીઓ સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી આંતરરાષ્ટ્રીય વેપાર ખેડતા હતા. સુમેર તથા પૂર્વ આફ્રિકાના દેશો સાથે તેને વેપાર સંબંધો હતા. લેખકે તેમાં બતાવ્યું છે કે ગુજરાતીઓ કેવા કપરા સંજોગોમાં પણ વેપાર-ઉધોગ વાસ્તે વિદેશોમાં વસીને વિવિધ પ્રકારની સિદ્ધિઓ મેળવતા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી નામાંકિત સંસ્થાએ પ્રોફેસર મકરંદ મહેતાનો ગ્રંથ 'ઈતિહાસ,સમાજ અને સાહિત્યમાં ગુજરાત' ૨૦૦૮માં પ્રસિદ્ધ કર્યો તેમાં તેમણે સાહિત્ય, સામાજિક શાસ્ત્રો અને ઈતિહાસના સૈદ્ધાંતિક માળખાના આધારે ગુજરાતના ઈતિહાસની પલટાતી દિશાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો છે. લેખકે પોતાના અન્ય ગ્રંથોની જેમ ઈતિહાસનું અનુસંધાન વર્તમાન સમય સાથે સાકળવા માટે ઈન્ટરડિસિપ્લિનરી અપ્રોચ અપનાવ્યો છે.

પ્રોફેસર મહેતાએ તેમના પ્રોજેકટ-આધારિત ગ્રંથ 'હિસ્ટરી ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ એન્ડ કસ્ટમર્સ ઈન ગુજરાત' ૨૦૦૯માં પ્રગટ કર્યો. આ ગ્રંથ દર્શક ઈતિહાસ નિધિએ પ્રગટ કર્યો છે અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેનુ વિમોચન કર્યું હતું. તેમાં તેમણે ભરૂચ, ખંભાત તથા સુરત જેવા બંદરો પર જુદા જુદા પ્રકારના વેરા ઉઘરાવવામાં આવતા હતા તે જણાવી, વેરા ઉઘરાવનાર અધિકારીઓના હોદ્દા સંસ્કૃત ગ્રંથોના આધારે આપ્યા છે. ઈતિહાસવિદ મકરંદ મહેતા માને છે કે ગુજરાતના ઈતિહાસને વિશ્વસ્તર પર મૂકવા માટે અંગ્રેજીમાં લખવું અનિવાર્ય છે. તેમણે અંગ્રેજીમાં પુસ્તકો અને લેખો લખ્યા છે. આમ છતાં, તેઓ એમ પણ માને છે કે ગુજરાતી ભાષામાં પણ ગ્રંથો અને લેખો પ્રસિદ્ધ કરીને ગુજરાતની પ્રજાને તેના ઐતિહાસિક તથા સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવાની આવશ્યકતા છે. તેમણે અમારી ચર્ચા દરમિયાન જણાવ્યું કે, 'માત્ર ઐતિહાસિક હકીકતો જ ઠાલવ્યા કરવાને બદલે સિદ્ધાંતો અને ખ્યાલાત્મક માળખાને આધારે ઈતિહાસનું નવી નવી રીતે અર્થઘટન કરવું જોઈએ, જે ભૂતકાળને સાંપ્રત પ્રવાહો સાથે સાંકળી શકે.' તેમણે ઉમેર્યું કે, 'આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં જીવતા અને આગેકદમ ભરતા યુવા પેઢીના સ્ત્રીપુરુષોને ભૂતકાળમાં શા માટે રસ પડે ? આ દૃષ્ટિકોણને લક્ષમાં

રાખીને મેં ગુજરાતી ભાષામાં પણ ગ્રંથો અને લેખો લખ્યા છે. જેને સમગ્ર ગુજરાતમાથી આવકાર મળ્યો છે.' તેમણે 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોર : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો' નામનો ગ્રંથ ૨૦૦૯માં તેમના ઈતિહાસકાર પત્ની ડૉ. શિરીન મહેતાની ભાગીદારીમાં પ્રસિદ્ધ કર્યો છે. આ પ્રોજેક્ટ માટે ઈતિહાસકાર દંપતિ ૨૦૦૬માં ત્રણ મહિના માટે બ્રિટનમાં રહ્યું અને ત્યાંના ગ્રંથાલયોમાં બેસીને સેંકડો શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આ ગ્રંથમાં તેમણે માત્ર ઉચ્ચ વર્ણના હિન્દુ તથા જૈનોના પ્રદાનો વિષે જ નહીં, પરંતુ કોળી, ભીલ તેમજ દલિતોની સિદ્ધિઓ વિષે પણ ચર્ચા કરી છે. વળી, લેખકોએ ખોજા, વોરા અને મેમણો જેવા મુસ્લિમોએ બ્રિટનથી કરેલા વિકાસનો પણ સરસ ખ્યાલ આપ્યો છે. આ ગ્રંથ વિષે પ્રસિદ્ધ વિદ્વાન ભીખુ પારેખ તથા લંડનથી પ્રગટ થતા ગુજરાતી સામયિક 'ઓપિનિયન'માં સારા અભિપ્રાયો પ્રગટ થયા છે.

ડૉ. મહેતાએ દેશવિદેશનાં સામયિકોમાં અનેક લેખો લખ્યા છે. ઉદાહરણ તરીકે, બહેરિનથી પ્રગટ થતાં જર્નલ 'અલ વથેકા' માં તેમણે ૧૯૮૮માં 'ધ ગુજરાતી એન્ડ ધી આરબ મરચન્ટ્રસ' નામનો લેખ લખ્યો હતો. વળી, જર્નલ ઓફ ઈંડિયન હિસ્ટરી, ઈન્ડિયન હિસ્ટોરિકલ રિવ્યૂ, સામીપ્ય, અર્થાત, વિદ્યા, કુમાર વગેરેમાં તેમણે ઘણા લેખો લખ્યા છે. મકરંદભાઈને ઈતિહાસકાર તરીકે ઘડનારા પરિબળો વિષે પૂછતાં તેમણે જણાવ્યું કે વડોદરાની હાઈસ્કૂલમાં તેમના શિક્ષક ઓ.બી. ભટ્ટ સાહેબ એવી અસરકારક રીતે ઈતિહાસ ભણાવતા કે વર્ગના બધા વિદ્યાર્થીઓ એકચિતે, ધ્યાનપૂર્વક તેમણે સાંભળતા. તે પછી તેઓ વડોદરામાં પ્રખ્યાત માર્કસવાદી ઈતિહાસકાર સતીશચંદ્ર મિશ્રા અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાં બિઝનેસ હિસ્ટોરીઅન પ્રોફેસર દ્વીજેન્દ્ર ત્રિપાઠી સાથેની ચર્ચાઓથી પ્રભાવિત થયા હતાં.

ઈતિહાસ વિષેના પોતાના વિચારો જણાવતાં તેમણે કહ્યું કે, ઈતિહાસ સાલવારી તથા બનાવો ગોખવાનો વિષય નથી. સાચા અર્થમાં તો ઈતિહાસ માનવ અનુભવોની એવી દુર્લભ પ્રયોગશાળા છે, જેમાં માનવીની સિદ્ધિઓ તથા તેની ત્રિપુટીઓનું આલેખન થવું જોઈએ. ગુજરાતનાં ઈતિહાસને જો આગળ ધપાવવો હોય તો તેના વૈચારિક માળખાને લક્ષમાં લઈને ઈતિહાસનું નવેસરથી સંશોધન કરવાથી જરૂર છે. ગ્રંથો અને લેખોની સંખ્યા મહત્વની નથી, પણ તેની ગુણવત્તા જ વધુ મહત્વની છે. આ રીતે ઈતિહાસકારોએ વિદ્વાનો ઉપરાંત સામાન્ય માનવી સુધી પહોંચવાની જરૂર છે. આ દૃષ્ટિએ 'ગુજરાતના ઘડવૈયા' નામનો તેમનો ગ્રંથ (૨૦૦૭) મહત્વનો છે. ઈતિહાસકાર સમાજપરિવર્તનની દૃષ્ટિએ લોકોપયોગી કાર્ય કરી શકે છે. ડૉ. મહેતાએ ઈંડિયન હિસ્ટરી કોંગ્રેસ અને ગુજરાત ઈતિહાસ પરિષદનાં

અધિવેશનો તથા રાષ્ટ્રીય અને પ્રાદેશિક પરિસંવાદોમાં સંશોધન પેપર્સ રજૂ કર્યા છે. તેમણે પરિસવાદનો સંચાલન પણ કર્યું છે. ઇન્ડિયન હિસ્ટરી કોંગ્રેસનાં, ૧૯૮૭માં ગોવા ખાતે મળેલા અધિવેશનનાં તેઓ મોર્ડન ઇન્ડિયાના વિભાગીય પ્રમુખ હતા. ગુજરાત ઇતિહાસ પરિષદનાં ૨૦૦૭માં ભાવનગર જ્ઞાનસત્રમાં તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું તથા આ પરિષદ તરફથી ૨૦૦૮નાં વર્ષનો રસિકલાલ છોટાલાલ પરીખ સુવર્ણચંદ્રક તેમણે અર્પણ કરવામાં આવ્યો છે.

બિઝનેસ હિસ્ટોરિઅન તરીકે પ્રોફેસર મહેતા ગુજરાતની બહાર પણ જાણીતા છે. તેઓ વ્યવસાયી ઇતિહાસકાર છે. ઇતિહાસલેખનમાં તેઓ માત્ર બનાવોના વર્ણનને નહિ, પરંતુ તેના વિશ્લેષણ અને અર્થઘટનને વધારે મહત્વ આપે છે. મુંબઈમાં ૧૮૦૫માં સ્થપાયેલ રોયલ એશિયાટીક સોસાયટી દ્વારા ડૉ. મકરંદભાઈને ઓનરરી ફેલોશીપ ૨૭ નવેમ્બર, ૨૦૧૨નાં રોજ અનાયત થઈ છે.

ક- તમારી પ્રગતિ તપાસો

નીચેની ખાલી જગ્યા પૂરો :

૧.ડૉ. મકરંદ મહેતાનો 'ઇન્ડિયન મરચન્ટ્રસ એન્ડ એન્ટરપ્રેનોર ઇન હિસ્ટોરીકલ પાસ્પેક્ટિવ' નામનો ગ્રંથ _____ માં પ્રગટ થયો.

૨. 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોર : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો' નામનો ગ્રંથ ડૉ. મકરંદ મહેતાએ _____ ની ભાગીદારીમાં પ્રસિદ્ધ કર્યો.

૩. 'ગુજરાતના ઘડવૈયા' નામનો ગ્રંથ _____ એ લખેલો છે.

૪. ડૉ. મકરંદ મહેતા ગુજરાત બહાર _____ તરીકે જાણીતા છે.

વિસ્તૃતમાં પ્રશ્નનો જવાબ આપો.

૧.ડૉ. મકરંદ મહેતાના ઇતિહાસ લેખન અંગે ચર્ચા કરો.

_____

_____

_____

_____

_____

14.2 ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું ઇતિહાસ ક્ષેત્રે પ્રદાન

14.2.1 ઇતિહાસના ગ્રંથો

- મૈત્રકકાલીન ગુજરાત ભાગ-૧, ૨ (૧૯૫૫)
- ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ (૧૯૬૪)
- ભગવાન મહાવીર (૧૯૬૪)
- પ્રાચીન ભારત -૧, ૨ (૧૯૬૯)
- સિલોન (૧૯૬૯)
- ઇતિહાસની પૂર્વભૂમિકા (૧૯૭૩)
- ભારતીય અભિલેખવિદ્યા - એક રૂપરેખા (૧૯૭૩)
- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (સંપા.) : ગ્રંથ-૩ મૈત્રકકાળથી અનુમૈત્રકકાળ (૧૯૭૪)
- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (સંપા.) : ગ્રંથ-૪ સોલંકીકાળ (૧૯૭૬)
- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (સંપા.) : ગ્રંથ-૫ સલ્તનતકાળ (૧૯૭૭)
- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (સંપા.) : ગ્રંથ-૯ આઝાદી પહેલા અને પછી
- ભારતીય સંગીતનો વિકાસ (૧૯૭૫)
- ચીનમાં પ્રસરેલી ભારતીય સંસ્કૃતિ (૧૯૭૫)
- ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સાધન સામગ્રી (૧૯૭૮)
- ભારતીય સિક્કાશાસ્ત્ર (સહલેખન-૧૯૭૯)
- ભારતનું બૌદ્ધ સ્થાપત્ય (૧૯૮૪)
- ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ (૧૯૮૩)
- ભારતનું ગેઝેટીયર : અનુવાદ (૧૯૮૪)
- ઇતિહાસની આરસીમાં ચરોતરનું પ્રતિબિંબ (૧૯૮૯)
- સ્વસંપાદિત શિલાલેખો અને તામ્રપત્રો વિગતો અને વિવેચન (૧૯૯૧)
- અધ્યયન અને સંશોધન (૧૯૯૧)

14.2.2 ઇતિહાસકાર ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી સંસ્કૃત ભાષાના મૈત્રકકાલીન અભિલેખોમાંથી પ્રાપ્ત થતી સામાજિક માહિતી વિષય પર પીએચ.ડી.ની ડિગ્રી હાસલ કરી હતી. ગુજરાતના ઇતિહાસલેખનમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીએ સંશોધન અને સંપાદનના

લેખનની કેટલીક વિશેષતાઓ તેમના લખાણોમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. અભિલેખ વિદ્યાના ક્ષેત્રે એમનું પ્રદાન અમૂલ્ય છે. ડૉ. શાસ્ત્રીનું ઈતિહાસલેખન ગુજરાતના પ્રાચીન ઈતિહાસ પર છે. તેમાં કાળનિણય, સ્થળનિણય, અને પ્રાચીન સ્થળોના અર્વાચીન નામો વગેરે તેમના સંશાધનોની વિશેષતા છે. તેમની આ ચોકસાઈને કારણે જ અગાઉના સંશોધકોએ સ્થાપેલી માન્યતાને પડકારી શક્યા છે. દા.ત. ડૉ.હસમુખ સાંકળીયા એ પોતાના ગ્રંથ Studies in the Historical and Cultural Geography and Ethnology of Gujarat, રણેલા અને શંણખલપુર જેવા ગામોના નિર્ણયોમાં કરેલી ભૂલોને ડૉ. શાસ્ત્રીએ સુધારી છે. ડૉ.શાસ્ત્રીનું ઈતિહાસલેખન જૂજ પૂરવાઓ પર આધારિત નથી. પરંતુ ઉપલબ્ધ તમામ સાધનોનો ઉપયોગ કરી ઐતિહાસિક સત્ય સ્થાપવાની કોશિશ કરી છે. પોતાના પુરોગામી ઈતિહાસકારો પ્રતિપાદિત કરેલાં મંતવ્યોને યથાર્થ સ્વીકારી લેવાની પદ્ધતિ ડૉ.શાસ્ત્રીમાં દેખાઈ નથી.

14.2.3 ઈતિહાસ-ગ્રંથોનું અધ્યયન

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ (સંપા.) પુસ્તકમાં ડૉ.હરિપ્રશાદ શાસ્ત્રીએ ઐતિહાસિક ભૂમિકા દર્શાવતા જણાવ્યું છે કે મૌર્યકાળથી ગુપ્તકાળ (૧૯૭૨) ગુજરાત સલ્તનત એક મધ્યયુગીન ભારતીય મુસ્લિમ રાજપૂત રાજય હતું. જે ૧૫મી સદીના પ્રારંભમાં ભારતના ગુજરાતમાં સ્થાપવામાં આવ્યું હતું. સત્તારૂઢ મુઝફ્ફર વંશના સ્થાપક ઝફરખાન (બાદમાં મુઝફ્ફરશાહ પ્રથમ) ને ૧૩૯૧માં ઉત્તર ભારતના મુખ્ય શાસન નાસિર-ઉદ્દ-દિન મોહમ્મદ બિન તુગલક ચોથા (દિલ્હી સલ્તનત) દ્વારા ગુજરાતના રાજયપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઈતિહાસ અનુસાર પ્રાપ્ય માહિતી પર્યત ઝફરખાનના પિતા સહારન ટંકા રાજપૂત હતા જેમણે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. ઔપચારિક રીતે ગુજરાત સલ્તનતની સ્થાપના કરી. પછીના સુલતાન તેમના પૌત્ર અહમદશાહે ૧૪૧૧ માં નવી રાજધાની અમદાવાદની સ્થાપના કરી હતી. મુઘલ સમ્રાટ હુમાયુએ ૧૫૩૫માં ગુજરાત પર હુમલો કર્યો અને થોડા સમય માટે તેના પર કબજો કરી લીધો. ૧૫૩૭ માં સંધિ કરતી વખતે બહાદુર શાહની પોર્ટુગીઝોએ હત્યા કરી નાખી હતી. સલ્તનતનો અંત ૧૫૭૩માં આવ્યો, જયારે અકબરે પોતાના સામ્રાજયમાં ગુજરાતને જોડી દીધું. છેલ્લા શાસક મુઝફ્ફર શાહ ત્રીજાને કેદી તરીકે આગ્રા લઈ જવામાં આવ્યો. ૧૫૮૩ માં તેઓ જેલમાંથી ભાગી ગયા અને ઉમરાવોની મદદથી થોડા સમય માટે ગાદી પાછી મેળવવામાં સફળ રહ્યા. છેવટે અકબરના સેનાપતિ અબ્દુલ રહીમ ખાન-એ-ખાનાએ તેમને હરાવી રાજય પર કબજો મેળવી લીધો.

સૌ પ્રથમ ગુજરાત પ્રાંતમાં ગુર્જરોએ વસવાટ કર્યો. જે ભારત અને હાલના પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનો ભાગ છે. હુણોએ ઉત્તર ભારત અને ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર પર આક્રમણ કર્યું. તે જાતિના નામ પરથી ગુર્જર થયું. જે પછીથી હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને શીખ ધર્મમાં પરિવર્તિત થયું. ભૂસ્તર શાસ્ત્રીઓને ભૂમિ ઉત્ખનન દરમિયાન પાષાણ યુગના અવશેષો ગુજરાતની ભૂમિમાંથી તેમજ સાબરમતી અને મહી નદી પાસેના પ્રદેશમાંથી મળી આવ્યા. હડપ્પા સંસ્કૃતિ સમયના શહેરો લોથલ, રામપુર, અચરજ અને બીજી જગ્યાઓના પણ અવશેષો મળી આવેલ છે.

પ્રાચીન ગુજરાત પર મૌર્ય શાસકે પણ શાસન કરેલું. ગુજરાતના કેટલાક સ્થળો સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યએ જીતેલા જયારે તેના પૌત્ર સમ્રાટ અશોકે તેમાં વિસ્તાર કરેલો. શરૂઆતના ત્રણ મૌર્યના સ્તુપો મળી આવેલ હતા. ઈ.સ. પૂર્વ ૨૩૨ સમ્રાટ અશોકનું મુત્યુ થવાથી તેના સામ્રાજયમાં રાજકીય મતભેદોને લીધે તે અંત તરફ આગળ વધ્યું. રાજા શુંગાએ રાજકીય કુનેહથી મૌર્ય સામાંજ્યનો અંત કર્યો. મૌર્ય સામ્રાજય પતન પછી કેથેલીસ્ટએ આ પ્રાંતમાં ઈ.સ.૧૩૦ થી ૩૯૦ શાસન કર્યું. રુદ્રદામનના શાસન હેઠળ માલવા (મધ્યપ્રદેશ), સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન મેળવ્યા. ઈ.સ. ૩૦૦ થી ૪૦૦ દરમિયાન આ વિસ્તાર ગુપ્ત સામ્રાજ્યના તાબા હેઠળ આવ્યું જે પછીથી મૈત્રકા નામથી ઓળખાયું. ધ્રુવસેનના શાસન કાળ દરમિયાન મહાન ચાઈનીઝ પ્રવાસી અને વિચારક યુ-આન-સ્વાંગએ ઈ.સ. ૬૪૦માં ભારતની મુલાકાત લીધી.

મૌર્ય સામ્રાજ્યથી સંપત્તિ સૌરાષ્ટ્રના ઉદ્દભવ સુધીના ઐતિહાસિક સંક્રમણ દરમિયાન ગુજરાતના પ્રદેશે ગ્રીક વિજેતા ડેમેટ્રીયસના નેતુત્વમાં આક્રમણ સાથે નોંધપાત્ર ઘટનાનો અનુભવ કર્યો. તે સમયે, ગુજરાતમાં સ્થાનિક સામ્રાજ્યોના વિવિધ સમૂહનો સમાવેશ થતો હતો. જેની સંખ્યા લગભગ ૨૩ જેટલી હતી. આ પૈકી ચાવુરા, સોલંકી અને બગીલાના અગ્રણી હિંદુ સામ્રાજ્યોએ ૫૭૫ વર્ષ સુધી પ્રભાવશાળી સમયગાળા માટે ભારતીય ઉપખંડ પર આધિપત્ય જમાવ્યું હતું. નોંધનીય છે કે જે સમયગાળા દરમિયાન ગુજરાત મુસ્લિમોના શાસન હેઠળ આવ્યું હતું. સોલંકી વંશને સત્તા આપતા પહેલા ચાવુરા જાતિએ આશરે ૧૯૬ વર્ષ સુધી શાસન કર્યું હતું. સોલંકી વંશ ૯મી સદીની આસપાસ સત્તા પર આવ્યો અને ગુજરાતમાં પ્રભુત્વ ધરાવે છે. તેમના શાસન હેઠળ, સોલંકીઓ આ પ્રદેશમાં સૌથી વધુ જમીનના વિસ્તરણને નિયંત્રિત કરતા હતા. સોલંકીઓ ગુર્જર સમુદાય સાથે જોડાયેલા હતા. કારણ કે તેઓ પ્રતિહાર અને પરમાર જેવા અન્ય અગ્રણી ગુર્જર વંશો સાથે સાંકૃતિક અને ઐતિહાસિક સામ્યતા ધરાવે છે. ઉલ્લેખનીય છે કે સોલંકીઓ અને રાજપૂતો પ્રાચીન ગુજરાતના છેલ્લા હિંદુ શાસકો હતા. એવું માનવામાં આવે છે કે, ગુજરાતના અંતિમ

હિંદુ શાસક કર્ણદેવ વાઘેલા હતા. ગુજરાતના ઇતિહાસના કાલખંડોનું વિશ્લેષણ તથા નામાભિધાન કરવામાં મૌલિકતા, પ્રાગૈતિહાસિક કાળથી ૧૯૬૦ સુધીના સમગ્ર ઇતિહાસની પ્રમાણિક રજૂઆત કરવા માટેની સંપાદકીય જહેમત એક અગત્યની છે. પોતાને જે આધારો મળ્યાં હોય તેને ફુલાવી-ફુલાવીને લખવું કે બિનજરૂરી લખાણો ક્યારેય લખ્યા નથી. જરૂરી હોય ત્યાં ઇતિહાસમાં કડવી ટીકા પણ કરી છે અને ખાસ તો એમની ઉડીને આંખે વળગે એવી પદ્ધતિ એ છે કે જે પાદનોંધ પછી પૂર્ણપણે આપી હોય છે. મૈત્રકકાલીન ગુજરાત ગ્રંથમાં ડૉ.શાસ્ત્રીના ઊંડાણપૂર્વકના અભ્યાસ અને સંશોધનનો ફાળો રહ્યો છે. મૈત્રક દાનપત્રોને લગતાં તેમનાં લેખોનો મોટો ફાળો છે અને ગુજરાતમાં મૈત્રકકાલ શબ્દ પ્રયોગ એ ડૉ.શાસ્ત્રીની દેન છે. તામ્રપત્રો, શિલાલેખો, સિક્કાઓ, સંસ્કૃત-અરબી સાહિત્ય અને સંસ્કૃત સાહિત્યની કૃતિઓ જેવા વિવિધ સાધનોના કુશળ ઉપયોગને કારણે ઐતિહાસિક સંશોધન માટે ડૉ. શાસ્ત્રીનો અભિગમ અલગ છે. નોંધનીય રીતે તેઓ ઇતિહાસના ક્ષેત્રમાં તેમના પુરોગામી દ્વારા રજુ કરાયેલા વિચારોને સ્વીકારવામાં સંતુષ્ટ ન હતા. તેના બદલે તેમણે એવી પદ્ધતિ અપનાવી કે જેમાં અગાઉના ઇતિહાસલેખન પ્રત્યે વ્યવસ્થિત સંશયવાદ માટે કહેવામાં આવતું હતું એવું માનીને કે ઐતિહાસિક સંશોધનનું ઉચ્ચ સ્તર આવા અભિગમ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. તેમની ઇતિહાસલેખન ઓછા પુરાવાઓ પર બાંધવામાં આવી હતી તેના બદલે, તેમણે ઉપલબ્ધ તમામ સંસાધનોનો ઉપયોગ કરીને ઐતિહાસિક સત્યોને સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો.

ડૉ.શાસ્ત્રીને આભારી નોંધપાત્ર સિદ્ધિઓમાંની એક એ સાબિતી છે કે તેમણે ગુજરાતના ઇતિહાસના સંદર્ભમાં (પંચાસરા) રાજયના ઐતિહાસિક મહત્વના સંદર્ભમાં પુરાવો આપ્યો છે, જે મૈત્રકકાલ સમયગાળાથી આગળ વિસ્તરેલ છે એ જ રીતે, ધોળકામાંથી તેમના બીજ શિલાલેખની તપાસ એ હકીકત પર પ્રકાશ પાડે છે. ઐતિહસિક ગ્રંથો અને સંશોધન લેખોમાં વ્યક્તિઓ અને સ્થાનોમાં નામોના અર્થો મેળવવા માટે ડૉ.શાસ્ત્રીનો અભિગમ પણ અલગ છે. તેમણે પદગ્રા અને પદાન્તા (શબ્દની શરૂઆત અને અંતના ભાગો) ને અલગ કરવાની પદ્ધતિનો ઉપયોગ અર્થોને સમજવા માટે કર્યો. જે સામાન્ય રીતે જાણીતી તકનીક છે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે તેણે અનુમાન કરવાને બદલે વાસ્તવિક અર્થ નક્કી કરવા પર દયાન કેન્દ્રિત કર્યું. દરેક શબ્દ એક અનન્ય પાત્ર ધરાવે છે, અને વ્યુત્પન્ન અર્થોને સમર્થન આપવા માટે ટેકસ્ટમાં યોગ્ય નોંધો પ્રદાન કરાવી આવશ્યક બને છે. ડૉ. શાસ્ત્રીના ગ્રંથો અને લેખોમાં આ પ્રકારની વિશેષતા છે તે એટલે સુધી કે ડૉ. શાસ્ત્રીના માત્ર આ જ મુદ્દા પર સ્વત્રંત સંશોધન પેપર તૈયાર થઇ શકે. તેના નમૂનારૂપ શબ્દો તરીકે જોઈએ તો વઢીયાર શબ્દ, ચાલુક્ય શબ્દની વ્યુત્પત્તિ, મૈત્રક, ભટ્ટાર્ક, બપ્પ અને ગારુલક જેવા

શબ્દો ઇતિહાસકારનું એક કર્તવ્ય છે કે સમાજની ખોટી માન્યતાઓ અને ઇતિહાસ અંગેની ગેરસમજોને દૂર કરી લોકોમાં ઇતિહાસની સાચી સમજનો ફેલાવો કરવો. ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીના ઇતિહાસલેખનમાં પણ આ બાબતો જોઈ શકાય છે. આ વિશેષતાઓ ઉપરાંત ગુજરાતના વણખેડાયેલા સંશોધન ક્ષેત્રો માટે સંશોધકોને દિશાસૂચન અને પ્રેરણા (સમકાલીન હિંદુ રાજાઓ, હિંદુ ધર્મ અને સાહિત્ય) નવી સાધન સામગ્રીનો ઇતિહાસલેખનમાં ઉપયોગ માટે પ્રેરણા (ફિરંગીઓના કબર લેખો, પોર્ટુગીચ/ડચ મૂળ દસ્તાવેજ) પોતાના ઇતિહાસલેખનમાં જે તે વિષય પર છેલ્લામાં છેલ્લા સંશોધનનો સમાવેશ અને ઉત્તમ અનુગામી સંશોધક પેઢીનું ઘડતર વગેરે ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીની મુખ્ય વિશેષતાઓ છે. આમ, ગુજરાતના ઇતિહાસ વિષે લખનારા પ્રાદેશિક અને રાષ્ટ્રિય કક્ષાના ઇતિહાસકારોમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી અગ્રેસર છે તે નિઃશક કહી શકાય. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી મુખ્યત્વે સાહિત્યના માણસ હતા. તેમનો ઇતિહાસ સાથેનો નાતો કેવી રીતે બંધાયો અને પોતે ઇતિહાસના ક્ષેત્રે કેવી રીતે પ્રવેશ્યા તે વિશે ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીના શબ્દોમાં જ જોઈએ; ''ઇતિહાસ તો ક્યાંય સુધી મારો માનીતો વિષય હતો જ નહિ. પ્રાથમિક શાળામાં લડાઈની વિગતોના આંકડા ગોખવા પડતા ને માધ્યમિક શાળામાં લડાઈના કારણને પરિણામ યાદ રાખવા પડતા, ઉચ્ચ શિક્ષણમાં ઇતિહાસ ભણવાનો ન રહ્યો, ત્યારથી કોણ જાણે કેમ એ વિષય તરફ મને કઈ સૂક્ષ્મ રુચિ થવા લાગી.''

હરિપ્રસાદ શાસ્ત્રીના આ શબ્દો પરથી તેમના ઇતિહાસકાર બનવા પાછળના કેટલાક પ્રેરકબળો જોઈએ. ઇતિહાસમાં રસ હોવો અને ઇતિહાસના સંશોધનમાં રસ હોવો' એ બંને અલગ બાબતો છે. પોતાના ઇતિહાસ સંશોધન શરૂઆત વિશે શાસ્ત્રીજી નોંધે છે કે, ઇતિહાસ તરફની આ રુચિના પ્રેરકબળોનો વિચાર કરું છું તો સહુ પહેલા મારા ઉચ્ચ શિક્ષણની ભૂમિ યાદ આવે છે. સંસ્કૃતના મારા અધ્યાપકોને સાહિત્ય ઉપરાંત પુરાતત્વમાંય ઠીક રસ હતો. મને લાગે છે કે જુનાગઢનું સ્થળ જ એવું છે કે પ્રાચીન સાહિત્ય અભ્યાસીને પુરાતન અવશેષોનો સંપર્ક સધાવ્યા વિના રહે જ નહિ. ઇતિહાસ સંશોધનની રુચિ જગાડનાર હતો મારા એ ગુરુઓનોય ગુરુ હતો. જુનાગઢ ગિરનારના માર્ગ પર આવેલો એ ઐતિહાસિક ખડક (ગિરનારનો શિલાલેખ). આ બાબતની શાસ્ત્રીજી નોંધ કરતા લખે છે કે, 'ગુજરાતના ઇતિહાસી સંશોધનમાં હું કઈ પણ નોંધપાત્ર ફાળો શક્યો હોવ, તો એનો ઘણો ખરો જશ મારા પરમગુરુ રસિકલાલ છો. પરીખને ઘટે છે. શાસ્ત્રીજીના પીએચ.ડી. ના અભ્યાસ દરમિયાન ગુજરાતના મુધર્ન્ય ઇતિહાસકાર રસિકલાલ છો. પરીખનું માર્ગદર્શન તેમને પરોક્ષ રીતે મળ્યું હતું.

પોતાની ઇતિહાસ સંશોધનની પ્રવૃત્તિનું મહત્વનું પ્રેરકબળ હરિપ્રસાદ શાસ્ત્રી પોતાના જુનાગઢના નિવાસને ગણાવે છે. તેમનું ઉચ્ચ શિક્ષણ જુનાગઢમાં થયું હતું.

આ સમય દરમિયાન જુનાગઢની આજુબાજુના જોવાલાયક સ્થળોના પ્રવાસ દરમિયાન તેમના ઈતિહાસ પુરાતત્વના રસમાં વૃદ્ધિ થઇ હતી. જુનાગઢ ગિરનાર અને સોરઠમાં ખરેખર ઈતિહાસ-પુરાતત્વની સામગ્રીનો ખજાનો ભરેલો છે. ગિરનારની છાયામાં જુનાગઢે મને ઈતિહાસ-પુરાતત્વમાં રસ લેતો કર્યો. ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી પાસે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓની ગહન સમજ હતી. જે પ્રાચીન ભારત, ખાસ કરીને ગુજરાત પરના તેમના સંશોધન માટે અનિવાર્ય સાબિત થઇ હતી. સંસ્કૃત, એપીગ્રાફી અને અર્ધમાગ્ધી જેવા વિષયો સહિત તેમની શૈક્ષણિક પૃષ્ઠભૂમિએ તેમને તેમના અભ્યાસ માટે જરૂરી પાયો પૂરો પડ્યો હતો. અર્ધમાગ્ધીએ, ખાસ કરીને લોકપ્રિય ભાષાઓના તેમના જ્ઞાનને વિસ્તૃત કર્યું. જયારે એપીગ્રાફીએ ઐતિહાસિક સંશોધન અને સંપાદનમાં તેમની કુશળતાને સન્માનિત કરી.

વ્યક્તિના જીવનનો આકાર શિક્ષકો, મિત્રો અને આસપાસના વાતાવરણ જેવા વિવિધ પરિબળોથી પ્રભાવિત થાય છે. ડૉ. શાસ્ત્રી માટે, સંશોધન પ્રત્યનો તેમનો તાર્કિક અભિગમ ઈન્ટર આર્ટ્સમાં તર્કશાસ્ત્રના અભ્યાસ દરમિયાન જડ્યો હતો. આ તાર્કિક વિચારસરણી અને લેખનએ જયારે પણ જરૂરી હોય ત્યારે અગાઉના ઈતિહાસકારો દ્વારા મૂકવામાં આવેલી સ્થાપિત માન્યતાઓને પડકારવામાં સમક્ષ બનાવ્યા, જે હકીકતોનો તેમણે સામનો કર્યો તે અંગે સખત અને સંશયાત્મક સુનિશ્ચિત કર્યો. ડૉ. શાસ્ત્રીની સંશોધન સિદ્ધિઓ અસાધારણ અને દુલર્ભ છે. ૧૯૫૫ માં પ્રકાશિત તેમની મૂળ કૃતિઓમાંથી એક મૈત્રકકાલીન ગુજરાત (ભાગ-૧ અને ૨) ગુજરાતમાં મૈત્રકકાલીન સમયગાળાના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં નોંધપાત્ર યોગદાન તરીકે ઊભી છે. આ કૃતિ, મૂળરૂપે તેમના પીએચ.ડી. માટે અંગ્રેજીમાં રજૂ કરવામાં આવી હતી પરંતુ પછીથી ગુજરાતીમાં અનુવાદિત, વિષય પર ચોક્કસ લખાણ ગણવામાં આવે છે. તેની શ્રેષ્ઠતાની માન્યતામાં, પુસ્તકને ૧૯૫૮ માં સુરતની નર્મદ સાહિત્ય સભા તરફથી પ્રતિષ્ઠિત નર્મદ સુવર્ણચંદ્રક એવોર્ડ મળ્યો હતો. જે ૧૯૫૧ અને ૧૯૫૫ વચ્ચે પ્રકાશિત શ્રેષ્ઠ ઈતિહાસ પુસ્તક તરીકે ગણવામાં આવે છે.

મૈત્રકકાલીન ગુજરાત : ભાગ ૧ , ૨ - રાજકીય ઈતિહાસ (૧૯૫૫) એ ડૉ. શાસ્ત્રીની ઈતિહાસકાર તરીકેની કારકીર્દીમાં એક વળાંક આવ્યો. તેમાં મૈત્રકની ઉત્પત્તિ. મૈત્રક શબ્દની વ્યુત્પત્તિ, મૈત્રક વંશના સ્થાનનું નિર્ધારણ, વલભી સંવત, મૂલ્યવાન સંશોધન સંસાધનો (જેમ કે તામ્રપત્રો અને સાહિત્યક સામગ્રી), ચીની પ્રવાસીઓના હિસાબ સહીત વિવિધ પાસાઓનો સમાવેશ થાય છે. ઈત્સિંગ અને યુ-આન-શ્વાંગ, જનરલ ભટ્ટાર્ક દ્વારા વલભીપુરમાં મૈત્રક સામાજ્યની સ્થાપના, વહીવટી પ્રણાલી, ગારુલકા અને સેન્ધવોનું શાસન અને મૈત્રકના સમકાલીન. ડૉ.શાસ્ત્રીના

સંશોધન પહેલા, આ યુગને સામાન્ય રીતે વલભી કાળ તરીકે ઓળખવામાં આવતો હતો પરંતુ તેમના ઝીણવટભર્યા અભ્યાસ અને ગ્રંથને કારણે આ સમયગાળાને મૈત્રકકાલ (મૈત્રક યુગ) તરીકે ઓળખવામાં આવે છે.

આ પુસ્તક ઐતિહાસિક સંશોધન અને લેખન માટે ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીના વિશિષ્ટ અભિગમને દર્શાવે છે. તે મૈત્રક વંશના ૧૦૧ દાન પત્રો, ૧૧ શિલાલેખો અને સૈધવ રાજ્યો સંબધિત પ્રતિમા અને સાહિત્યિક પુરાવાઓના તુલનાત્મક વિશ્લેષણમાં તેમની અસાધારણ કુશળતા દર્શાવે છે. વધુમાં, પુસ્તકમાં ડૉ.ભાઈદાજી, ડૉ.ફલીત,શામશાસ્ત્રી અને ડૉ.મુખર્જી જેવા આદરણીય વિદ્વાનોના સૂક્ષ્મ દૃષ્ટિકોણનો સમાવેશ થાય છે. જે તેના ત્રીજા પ્રકરણમાં વલાભીભંગની પૌરાણિક કથાનું વિવેચનાત્મક ખંડન કરે છે. એકંદરે, ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીના ઐતિહાસિક સંશોધનમાં યોગદાન મૈત્રકકાલીન ગુજરાત પરના તેમના કાર્ય દ્વારા ઉદાહરણ તરીકે, આ ક્ષેત્રમાં એક અલગ દિશા માટેનો માર્ગ મોકળો થયો છે. વિવિધ સ્ત્રોતોની તેમની ઝીણવટભરી તપાસ અને તેમનો તાર્કિક અભિગમ એક ઇતિહાસકાર તરીકેના કૌશલ્યને દર્શાવે છે, જે ગુજરાતના સમૃદ્ધ ઇતિહાસ પર નવો પ્રકાશ પાડે છે અને મૈત્રકકાલ સમયગાળાની ઊંડી સમજણમાં ફાળો આપે છે.

અહીં ડૉ.શાસ્ત્રીની ફલિતાર્થો દર્શાવવાની પદ્ધતિ, નિર્ણિત અનુમાનો, શક્યતાઓ અને અટકળોનો વિવેક વગેરેમાં સંશોધનની વિશિષ્ટ પદ્ધતિ દેખાય છે. મૈત્રકકાલીન ગુજરાતના દ્વિતીય ભાગના પાંચ પ્રકરણોમાં મૈત્રકકાલીન ગુજરાતની સાંસ્કૃતિક વિગતોનું નિરૂપણ કરાયું છે. તેમાં લોકજીવન લલિતકલાઓમાં મૈત્રકોની દાન પ્રવૃત્તિ, દાનપત્રોમાંથી પ્રાપ્ત ઇતિહાસ સાંસ્કૃતિની વિગતો દાનપત્રોનો મૂળપાઠ, મહાયાન વિહારો, ધાર્મિક સાહિત્ય, ધાર્મિક જીવનમાં બ્રાહ્મણોનું મહત્વ, બ્રાહ્મણોના ૪૦ ગોત્રો નિકાય (વર્ગ) ૧૪ વિદ્યાઓ, ૧૮ શિલ્પો, ૭૨ કલા, ભટ્ટીકાવ્યની (રાવણવધ) કાવ્યશાસ્ત્રીય સમીક્ષા, મૈત્રકકાલીન રાજાનું સ્થાન, બિરુદો, હરીવંશપુરાણની ઐતિહાસિક ઉપયોગિતા, વહીવટી વિભાગો, અધિકારીઓ, ગામના નામો, વ્યક્તિ નામો, ભાષા-લિપિ, કાલગણના, લેખનપદ્ધતિ, અન્ય પ્રચલિત સંવતો (જેવી કે કલચુરી, વિક્રમ, શક), વર્ણ - જ્ઞાતિ, ઉધોગ - ધંધો, ખેતીવાડી, વહાણવટું, નૃત્ય, ગીત, વાદ્ય જેવી કલાઓ સાથે તેના ૬૪ જેટલા કલાઓના નમૂનાઓ અને ચિત્રકાળને લગતી બાબતોનો સમાવેશ થાય છે. ટૂંકમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીની ઇતિહાસલેખનની સર્વોચ્ચ સપાટી તેમના ગ્રંથ મૈત્રકકાલીન ગુજરાતમાં જોઈ શકાય છે. મૈત્રકકાળના ઇતિહાસના વિવિધ પાસા પર સંશોધન કરવા ઇચ્છતા ભાવિ સંશાધકો માટે આ ગ્રંથ અગત્યનો સંદર્ભગ્રંથો ગણાય છે.

ડૉ. હરિપ્રસાદ તેમના ઇતિહાસમાં ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ (૧૯૬૪) ભૌગોલિક પરિસ્થિતિનો ઇતિહાસ તેનો પ્રજાના ઘડતરમાં ફાળો, પ્રાચીન સ્થળોના અર્વાચીન નામો, મૈત્રક શબ્દની ચર્ચા, રાવણ બધ , હરિવંશની વિગતો, દાનપત્રોના પુરાણોક્ત શ્લોકોનો અનુવાદ, સોલંકીકાલની સંસ્કૃતિમાં - આર્થિક સ્થિતિમાં સોલંકીકાલીન લાગાઓ અને તોલમાપની વિગતો, અનુમૈત્રકકાળના સાધનોની સમીક્ષા જેવી નોંધપાત્ર વિગતો આપવામાં આવી છે. ઈ.સ. ૧૯૬૪ માં ડૉ.શાસ્ત્રીના આ ગ્રંથમાં કુલ ૨૦ પ્રકરણો, ૫૧ ચિત્રો અને ૨૨ જેટલી વંશાવળીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં પ્રાગૈતિહાસિક કાળથી માંડીને સોલંકી સત્તાના અંત (ઈ.સ. ૧૩૦૪) સુધીનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. અહીં તેમણે ચાવડાકાળ ને ગુજરાતના ઇતિહાસના એક કાળ તરીકે નકારી અનુમૈત્રકકાળ કે પ્રાગસોલંકીકાળ કહ્યો છે અને બાધની ગુફાઓમાં મૈત્રકકાલીન શૈલગૃહ (દાહોદ) જેવી બાબતો સંશોધકો માટે પ્રેરણાદાયી અને વિશેષ સંશોધનનો વિષય બને તેવી છે. સુવિખ્યાત ઉક્તિ છે કે પાદનોંધો ઇતિહાસને આધારભૂતતા બક્ષે છે પણ પાદનોંધો વગરનો આધારભૂત ઇતિહાસગ્રંથ લખી જ ન શકાય તે માન્યતાને ડૉ. શાસ્ત્રી અહીં પડકારે છે. આ ગ્રંથમાં વિષયવસ્તુને વિસ્તૃત રીતે સમજાવવાની તેમની પદ્ધતિએ પાદનોંધની ગરજ સારી છે. તેના ઉ.દા. તરીકે જોઈએ તો સોલંકીકાલીન જાહોજલાલી નામના પ્રકરણમાંથી મલેચ્છપરાભવ અને ગઝનવી સુલતાન અને ઉલુઘખાનની ગુજરાત પરની ચડાઈની વિગતોઃ સંસ્કૃત અને અંગ્રેજી-ગુજરાતી સંશોધન ગ્રંથોની લાંબી સંદર્ભગ્રંથ સૂચિ અને ૨૨ જેટલી રાજવંશાવળીઓ સંશોધકોને આ ગાળાના સંશોધન માટે ઉપયોગી બને તેમ છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ રાજકોય અને સાંસ્કૃતિક ઇતિહાસ પરત્વે થયેલા સર્વે સંશોધનોનો લાભ આમાં લીધો છે. પહેલી અને બીજી આવૃત્તિમાં સમાવી લીધા છે. વળી ગ્રંથ મૌલિક સંશોધનની નહિ પણ સંકલિત રૂપરેખાની દૃષ્ટિએ લખાયો હોય એમાં સંદર્ભ વિધાનોની પાદટીપોનું ભારણ કરવામાં આવ્યું નથી. તેમ આ કે તે પક્ષનું ખંડન મંડન કરવાનો લેશમાત્ર હેતુ સ્વાભાવિક રીતે એમાં ન હોઈ ઈતર વાંચન તરીકે પણ તે આકર્ષક છે. લેખન શૈલી સરળ અને વિશદ છે. આ શૈલી ગુણ પાઠ્યપુસ્તકમાં તો સવિશેષ આવકારપાત્ર છે. ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સાધન સામગ્રી (૧૯૭૮) ગુજરાતમાં ઇતિહાસ-સંશોધનના એક મહત્વના અને આગવા ક્ષેત્રે તરીકે અભિલેખોમાંથી ઇતિહાસ સંશોધનની પારંગતતા હસ્તગત કરનારા વિદ્વાનોમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીનું નામ મોખરે છે.

ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ (૧૯૮૩) પ્રસ્તુત ગ્રંથ ડૉ.શાસ્ત્રીએ ઈ.સ.શાસ્ત્રીએ ઈ.સ.૧૯૭૯-૮૦ના વર્ષ મુંબઈ યુનિવર્સિટીમાં આપેલ પ્રતિષ્ઠિત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં આપેલા પાંચ વ્યાખ્યાનોનું

ગ્રંથસ્થ સ્વરૂપ છે. ગુજરાતના પ્રાચીન ઇતિહાસના વિવિધ રાજવંશો. ગુજરાતમાં અભિલેખોની સમૃદ્ધિ અને ગુજરાત અભિલેખોના થયેલા પ્રકાશનો (તેમાં પ્રાચીન શોધસંગ્રહ, વિદ્યા, ધર્મ, આર્થિક ઇતિહાસ, લિપિ, ભાષા, કાલગણના જેવા પાસાઓમાં મૂળ આધારોનો ઉપયોગ, હકીકતોનું સંકલન, ભાષાની સરળતા વગેરે દ્વારા વ્યવસ્થિત ઇતિહાસલેખન આ વ્યાખ્યાનોમાં જોઈ શકાય છે. ઇતિહાસ સંશોધનના ક્ષેત્રે ઇતિહાસના મૂળ આધારો પરથી ઉદ્ભવતી સામગ્રીનું સંકલન કરવાનું વિજ્ઞાન' તેમણે હસ્તગત કર્યું હતું. તેની સ્પષ્ટ પ્રતીતિ તેમના મૈત્રકકાલીન ગુજરાત અને આનુષાંગિક ગ્રંથો પરથી થાય છે તેમજ અભિલેખવિદ્યા પરના ડૉ.શાસ્ત્રીના પુસ્તકો અને સંશોધન લેખોને કારણે ડૉ.હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી અભિલેખવિદ્યા માટે જન્મ્યા હતા. તેમણે આ વિધાનને પોતાના લેખ – સંશોધન દ્વારા સાર્થક કર્યું હતું.

ભારતીય અભિલેખવિદ્યા-એક રૂપરેખા-૧૯૭૩ એમ.એ. થયા બાદ મહાનિબંધનો વિષય શોધતી વખતે ગુજરાતના પ્રાચીન અભિલેખોમાંથી વલભી રાજ્યના અભિલેખોના યુની,ની દૃષ્ટિએ મારા માન્ય માર્ગદર્શન ન હોવા છતાં એમણે મારા સંશોધનકાર્યમાં સતત માર્ગદર્શન આપી ઇતિહાસ-સંશોધનની શાસ્ત્રીય પદ્ધતિની તલસ્પર્શી તાલીમ આપી. શાસ્ત્રીજીના ભારતીય અભિલેખવિદ્યા પુસ્તકમાં તેમને અભિલેખવિદ્યાનો ઇતિહાસ આપ્યો છે અને ભારતીય અભિલેખોની પરંપરાનો ઐતિહાસિક આલેખ રજુ કર્યો છે. શાસ્ત્રીજી માનતા કે, અભિલેખ (કોતરેલા લખાણ) ને લગતી વિદ્યા. એના અભ્યાસીને તે દેશ કે પ્રદેશની તે કાળની લિપિ તથા ભાષાની જાણકારી હોવી જોઈએ. પ્રાચીન અભિલેખો વાંચવા માટે પ્રાચીન વિદ્યાલિપિ જાણવી અનિવાર્ય છે. અભિલેખના સંપાદનમાં લેખનું લિપ્યંતર તથા તેનું ભાષાંતર કે તેનો સાર, વિવેચન તથા મૂળ લેખની છાપ કે છબી સાથે આપવામાં આવે છે. અભિલેખમાંના લખાણના અભ્યાસ પરથી એ સમયનો રાજકીય ઇતિહાસ, એમાં નોંધેલી ઘટના, એનો સમય, રાજ્યતંત્ર, પુર્તકાર્ય કે ધર્મદાન, મંદિરનિર્માણ કે મૂર્તિપ્રતિષ્ઠા, પરાક્રમ કે મૃત્યુ, દિગ્વિજય કે પ્રશસ્તિ જેવી કોઈ યાદગાર ઘટના કે વ્યક્તિ વિષે પ્રમાણિત માહિતી મળે છે. રાજકોય તથા સાંસ્કૃતિક ઇતિહાસનાં અન્વેષણ, સંશોધન અને નિરૂપણ માટે અભિલેખવિદ્યા એક મહત્વનું સાધન છે. ''આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા''ના અભિલેખવિદ્યા વિભાગમાં બ્રાહ્મી અને ખારોષઠી લિપિઓ તથા પ્રાકૃત અને સંસ્કૃત ભાષાઓ ઉપરાંત દ્રવિડકુળની તથા અરબી-ફારસી કુળની ભાષાઓ તથા લિપિઓના તજજ્ઞો નિમાયા. ભારતીય અભિલેખવિદ્યાએ ભારતીય ઇતિહાસના સંશોધનમાં વિપુલ પ્રદાન કર્યું છે.

ઇતિહાસની આરસીમાં ચરોતરના પ્રતિબિંબ (૧૯૮૯) આ ગ્રંથમાં ડૉ.શાસ્ત્રી ઇતિહાસકારો અને સંશોધકોને ચરોતર પ્રદેશના વિવિધ વિભાગો અને

સ્થાનો વિશે પ્રાથમિક સ્રોતની માહિતી પ્રદાન કરે છે. આ ગ્રંથમાં પદ્મપુરાણનું ઐતિહાસિક મહત્વ, દશકુમાર ચરિત, મૈત્રકના દાનપત્રો પર આધારિત પ્રાચીન ખેતીના સ્થળો, પાઠક ગામ અને હાલની જગ્યાઓ પર વિગતવાર સંશોધન જેવા વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. વધુમાં, તે વલભી મૈત્રક રાજવંશ, રાષ્ટ્રકૂટ, સોલંકી, પરમાર અને સલ્તનત ચરોતર તેમજ ગુજરાતના પ્રખ્યાત બંદર, ખંભાતના બંદર ઈતિહાસની તપાસ કરે છે. ઉદ્યોગો, આયાત-નિકાસના વેપારીઓ, પુરાતત્વીય તારણો અને સાહિત્યક સ્રોતોનું શાસ્ત્રીનું ઝીણવટપૂર્વકનું સંશોધન પ્રદેશના ઈતિહાસ અને વિકાસ પર પ્રકાશ પાડે છે.

ડૉ. શાસ્ત્રીની કૃતિ અંગ્રેજીમાં લખાયેલા ફેલોશિપ માટે તૈયાર કરાયેલ આ પુસ્તક છે. આ ગ્રંથમાં સાત પ્રકરણોનો સમાવેશ થાય છે જે મૌર્યકાળથી લઈને ચૌલુક્ય કાળ સુધીના ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક સાહિત્યિક અને સંસ્થાકીય પાસાઓનો અભ્યાસ કરે છે. તે મૌર્ય, ક્ષત્રપ, સર્વભટ્ટરક, ગુપ્ત, મૈત્રક, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સામ્રાજ્યો, અનુમૈત્રક, ચૌલુક્યો, ચુડાસમા, વાજા-રાઠોડ, મેહરા અને ગુલ્લી સહિત પ્રદેશ પર શાસન કરનારા રાજવંશો વ્યાપક ઝાંખી આપે છે. આ પુસ્તક માત્ર રાજકીય ઈતિહાસની તપાસ કરતું નથી પરંતુ આ સમયગાળા દરમિયાન ધાર્મિક પ્રથાઓ, શિક્ષણ, સાહિત્ય, ભાષા, લેખન પ્રણાલી, કલા, સ્થાપત્ય અને સાંસ્કૃતિક પાસાઓની પણ શોધ કરે છે. ડૉ. શાસ્ત્રીની એપીગ્રાફીમાં નિપુણતા તેમને સાહિત્યિક સામગ્રીમાં અવકાશ ભરવા અને પ્રાચીન ગુજરાતના ઈતિહાસમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરવા દે છે. ૧૯૯૧ માં પ્રકાશિત 'સ્વ-સંપાદિત શિલાલેખ અને તાંબાની પ્લેટની વિગતો અને વિવેચનમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીએ કલાના તેમના વ્યાપક સંશોધન અને અભ્યાસનું પ્રદર્શન કર્યું છે. આ વોલ્યુમ અગાઉ વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલા ૩૩ લેખોનું સંકલન કરે છે. જેમાં શિલાલેખો અને તાંબાની પ્લેટોનું કાલક્રમિક અને વિવેચનાત્મક વિશ્લેષણ રજૂ કરવામાં આવે છે. આ લેખો મૈત્રકાલ, અનુમૈત્રકકાલ, ક્ષત્રપકાલ, સોલંકીકાલ, સલ્તનતકાલ, મરાઠાકાલ, મુગલકાલ, બ્રિટીશકાલ, અને અનુસ્વત્રત્યકાલ સહિતના સમયગાળાની શ્રેણીને આવરી લે છે.

સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, સંસ્કૃત, મારવાડી, વ્રજભાષા અને અંગ્રેજીમાં કોતરેલા આ શિલાલેખો વ્યક્તિઓ, સ્થાનો, રાજકીય ઈતિહાસ અને સાંસ્કૃતિક પ્રથાઓ વિશે મૂલ્યવાન માહિતી પ્રદાન કરે છે. આ શિલાલેખો અને તાંબાની પ્લેટોનો ડૉ.શાસ્ત્રીનો ઝીણવટભર્યો સંગ્રહ અને પ્રકાશન ગુજરાતના ઈતિહાસમાં મહત્વપૂર્ણ યોગદાન ઉલ્લેખનીય સેવા આપે છે. એકંદરે, ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીના પ્રકાશનો ઐતિહાસિક સંશોધન, એપિગ્રાફી અને કલામાં તેમની કુશળતા દર્શાવે છે. પ્રાચીન

ગ્રંથો અને શિલાલેખોનો અભ્યાસ કરવાનો તેમનો ઝીણવટભર્યો ગુજરાતના રાજકીય, સાંસ્કૃતિક અને સામાજિક ઇતિહાસમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. તેમના કાર્ય દ્વારા, તેમણે ભારતીય ઇતિહાસ અને પુરાતત્વના ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીએ ગુજરાતના ઐતિહાસિક લેખો : ગ્રંથ-૪ અને ૫ : ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા હતાં. આ ગ્રંથ શ્રેણીના ૧ થી ૩ ભાગનું સંપાદન આચાર્ય ગિરજાશંકર વલ્લભજીએ કર્યું હતું. ડૉ.શાસ્ત્રીએ જે રીતે આ ગ્રંથનું સંપાદન કાર્ય કર્યું છે તે જોતા એમ કહી શકાય કે, સંપાદકનું કાર્ય માત્ર કાતર અને સાંધણનું જ નથી. ઉ.દા.તરીકે દાહોદનો શિલાલેખમાં અભિલેખના સંપાદકે કરલી મુખ્ય વિગતમાં વાંચનમાં કરેલી ભૂલ, માંડવીની વાવના શિલાલેખમાં મૂળપાઠમાં અશુદ્ધિ પ્રત્યે દિશાસૂચન વગેરે લેખો દ્વારા રજૂ કર્યા છે.

ગુજરાતના ઐતિહાસિક લેખનો પાંચમો ભાગ (મુઘલકાલ)માં ઈ.સ. ૧૯૭૩ થી ૧૭૫૭ સુધીના ૧૮૫ વર્ષોને આવરી લેતા મુઘલકાલના ૧૭૧ અભિલેખો સંગ્રહિત છે. જેમાં સંગ્રહિત સ્થળનામો, મનુષ્ય નામો, પારિભાષિક શબ્દોની સૂચિઓ, જ્ઞાતિઓ, ગોત્રો, જાતિઓ અને ગચ્છોને લગતી સૂચિ તથા સંક્ષેપસૂચિમાં ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રીના સંપાદન આદર થાય છે.

ભારતીય સંગીતનો વિકાસ નામના પુસ્તકમાં શાસ્ત્રીજી સંગીતનો ઇતિહાસ દર્શાવે છે અને ઘણી માહિતી આપે છે. તે મુજબ - ભારતીય સંગીત પ્રાચીનકાળથી ભારતમાં ઉદ્ભવેલું અને વિકસિત થયેલું એક સંગીત છે. આ સંગીતના મૂળ સ્રોત વેદોને માનવામાં આવે છે. સામવેદ એ સંગીતને લગતો વેદ છે. ભારતીય પરંપરામાં એવું માનવામાં આવે છે કે બ્રહ્માએ નારદ મુનિને સંગીત વરદાનમાં આપ્યું હતું. પુરાતનકાળથી જ ભારતીય સ્વર સપ્તક સંવાદ સિદ્ધ છે. મહર્ષિ ભરતે તેના આધાર પર જ ૨૨ શ્રુતિઓનું પ્રતિપાદન કરાયું હતું જે ભારતીય સંગીતની ખાસ વિશેષતા છે.

ઈન્ડોનેશિયામાં પ્રસરેલી ભારતીય સંસ્કૃતિ (૧૯૫૭) પુસ્તકમાં સંશોધક અને ઇતિહાસકાર શાસ્ત્રી જણાવે છે કે જનસંખ્યાની દૃષ્ટિએ ઈન્ડોનેશિયા દુનિયાનો સૌથી મોટો ઇસ્લામિક દેશ છે પરંતુ અહીંયા હિંદુ સંસ્કૃતિની અસર વ્યાપક છે. ઈન્ડોનેશિયા પોતાની સંસ્કૃતિ માટે સમગ્ર દુનિયામાં મહત્વનું સ્થાન ધરાવે છે. પ્રાચીનકાળથી ભારતીય સોદાગર વેપારીઓ અને નાવિકો દ્વારા મુસાફરી કરવાના કારણે ઈન્ડોનેશિયામાં માત્ર હિંદુ ધર્મ જ નહિ. પરંતુ બૌદ્ધ ધર્મનો મહત્વપૂર્ણ પ્રભાવ જોવા મળ્યો છે. ઈન્ડોનેશિયાની ભાષા, દેરજની શિલ્પકળા, દેશનો રાજવી પરિવાર અને દંતકથાઓ હિંદુ ધર્મથી પ્રભાવિત છે. દાખલા તરીકે, ઈન્ડોનેશિયાના ભૂતપૂર્વ

રાજાઓમાં નામ શ્રીવીજ્યા અને ગજાહ મધા વગેરે સામેલ છે. ભાષાની બાબતે પણ કેટલીક સમાનતા જોવા મળે છે. ત્યાંના લોકો બહાસા ઈન્ડોનેશિયા ભાષામાં વાતચીત કરે છે. તેમની ભાષા પર સંસ્કૃતિનો પ્રભાવ જોવા મળે છે. ટૂંકમાં ડૉ.શાસ્ત્રીએ પોતે ઈતિહાસકાર તરીકે તો ખરા જ પરંતુ ઈતિહાસના સંશોધન ગ્રંથોના સંપાદક તરીકે પણ નવી અને અનુકરણીય પદ્ધતિ વિકસાવી છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના ઈતિહાસલેખનના અભ્યાસ પછી તેમની જમાં – ઉધાર બાજુઓ અત્રે નમ્રભાવે, કોઈપણ પ્રકારના અનુગ્રહ કે પૂર્વગ્રહ વગર રજૂ થઈ છે.

14.2.4 ગુજરાતના ઈતિહાસલેખનની વિશેષતાઓ

- ઈતિહાસ એ માત્ર ભૂતકાળનો વિષય નથી રહ્યો. ગુજરાતના ઈતિહાસલેખનમાં તેના સમાજ અને જાહેર જીવન વિશે જોવા મળે છે.
- ગુજરાતના આ ઈતિહાસકાર અહીંના સમાજ, ભૂતકાળની ઘટનાઓ અને સાહિત્યમાંથી વ્યાપક સ્વરૂપે વ્યક્ત થતા ઈતિહાસ વિષે વાત કરી છે.
- છેક હડપ્પીય સંસ્કૃતિથી લઈને ભારતની આઝાદી સુધીના ઈતિહાસને આલેખ્યો છે.
- ગુજરાત વિદ્યાસભા દ્વારા પ્રકાશિત ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ (ભાગ-૧ થી ૯) ગુજરાતના ઈતિહાસની સળંગ સૂત્રતાનું ઉત્તમ ઉદાહરણ ગણાવી શકાય તેમ છે.
- આ ઈતિહાસકારે પ્રાચીનકાળથી આઝાદી સુધીના ઈતિહાસનું આલેખન કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. જે ૨૦માં સૈકામાં ગુજરાતના ઈતિહાસલેખનની મહત્વપૂર્ણ વિશેષતાઓ ગણાવી શકાય.

ખ - તમારી જાતે ચકાસો

નીચેની ખાલી જગ્યા પૂરો :

૧. ભારતીય સિક્કાશાસ્ત્ર પુસ્તક _____એ લખેલું છે.

૨. ઈતિહાસની આરસીમાં ચરોતરનું પ્રતિબિંબ પુસ્તક _____એ લખેલું છે.

૩.હરિપ્રસાદ શાસ્ત્રીએ સંસ્કૃત ભાષાના મૈત્રકકાલીન અભિલેખોમાંથી પ્રાપ્ત થતી સામાજિક માહિતી વિષય પર _____ની પદવી મેળવી હતી.

૪. ગુજરાતમાં સલ્તનત શાસનનો અંત _____ થયો હતો.

પ્રશ્નનો વિસ્તૃતમાં ઉત્તર આપો.

૧.હરિપ્રસાદ શાસ્ત્રીએ ઈતિહાસ પુરાતત્વ ક્ષેત્રે આપેલું પ્રદાન વર્ણવો

_____

_____

_____

_____

ટુંક નોંધ આપો :

૧. ઈતિહાસકાર ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી વિશે ચર્ચા કરો.

_____

_____

_____

14.3 રત્ન મણિરાવ ભીમરાવ જોટે

14.3.1 ખંડ-૧ (પુસ્તક એક) ભાગ-૧

ખંડ-૧(પુસ્તક એક) ભાગ-૧ માં ગુજરાતના છેક પૂર્વ ઐતિહાસિક સમયથી સોલંકી યુગના અસ્ત સુધીનો ઈતિહાસ આલેખવામાં આવેલ છે, જેમાં ગુજરાતના પુરાણા અસુરો, ભૌગોલિક સ્થાનો, ઐતિહાસિક સ્થળો વગેરેથી શરૂઆત કરીને ગુજરાતમાં આર્યો, યાદવોની રાજધાની કુશસ્થલી કે દ્વારકા, મોર્ય સામ્રાજ્ય, અશોક, ગિરનારના શિલાલેખ (સુદર્શન તળાવ)તેમજ ગુજરાત મોર્ય સામ્રાજ્યનો સમૃદ્ધ પ્રાંત હોવાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ગુજરાતનું શક-ક્ષત્રપો-રુદ્રદામનના રાજ્ય તથા ગુપ્ત સામ્રાજ્યના મહત્વના પ્રાંત તરીકે વિવરણ કરવામાં આવ્યું છે. તે પછી વલભીના મૈત્રીક શાસકોની ઉમદા રાજ્યવ્યવસ્થા,તેમની ધાર્મિક સહિષ્ણુતા, વલભી વિધાપીઠ વગેરેનું કરાયેલું વિવેચન નોંધપાત્ર છે. ગુર્જરોની રાજધાની ભિન્નમાલે ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં ભજવેલ ભાગનું પરીક્ષણ પણ આવકારપાત્ર છે. વનરાજ ચાવડાએ કરેલ અનહિલવાડ પાટણની સ્થાપના તથા વનરાજના શાસનકાળની ચર્ચા પણ નોંધનીય છે. ત્યારબાદ ગુજરાતમા મુળરાજે કરેલી સોલંકી રાજ્યવંશની સ્થાપનાથી અંતિમ શાસક કર્ણદેવ વાઘેલા સુધીનો ઈતિહાસ આપવામાં આવ્યો છે. તેમાં સિદ્ધરાજ, કુમારપાળ, વસ્તુપાળ, તેજપાલ, હેમચંદ્રાચાર્ય વગેરેને લગતી વિગતો વિશેષ ઉલ્લેખનીય છે. સોલંકી સમયમાં બંધાયેલ મંદિરો-સોમનાથ, રુદ્રામહાલય, મોઢેરા, આબુના વિમલશાહ અને તેજપાલના

દહેરા, બાંધકામો રાણીવાવ, સહસ્ત્રલિંગ તળાવ, ડભોઈનો કિલ્લો વગેરેનું પણ વિવરણ કરવામાં આવ્યું છે.

14.3.2 ખંડ -૧ (પુસ્તક એક) ભાગ-૨

આ વિભાગમાં ગુજરાતનું દિલ્હી સલ્તનતના અલ્લાઉદીન ખિલજીથી ફિરોઝ તઘલખ સુધીની રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક સ્થિતિનું વિવરણ કરવામાં આવ્યું છે. આ સમયમાં ગુજરાત દિલ્હી સલ્તનતનો એક પ્રાંત હતો અને તેના સુબાઓ ગુજરાતમા વહીવટ કરતાં હતા તેનું વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં સમકાલીન ઈતિહાસકર ઝીઆઉદીન બનીની કૃતિ તારીખે ફિરોજહશાહી નો આધાર લેવામાં આવ્યો છે. તેમાં અલ્લાઉદીનના સુબા અલપખાન, મહમ્મદ તઘલખના સુબા શેખ મુઈઝૂદિન તથા ફિરોઝ તઘલખના ઝફરખાનની કમીગીરી મહત્વની હતી. મહમ્મદ તઘલખ તથા ફિરોઝ તઘલખના ગુજરાતમાં આગમનની પણ નોંધ લેવામાં આવી છે. ગુજરાતમાં દિલ્હી સલ્તનત સમયના તથા તે પહેલાના ખાસ મુસ્લિમ બાંધકામોમાં ખંભાતની, ભરૂચની, ધોળકાની વગેરેની જુમામસ્જિદો ઉલ્લેખનીય છે. મહમ્મદ તુઘલખના સમયમાં ભારત આવેલ આફ્રિકન ઈબ્ન બતુતાએ ખંભાતનું કરેલું વર્ણન નોંધપાત્ર છે. આ ભાગ (૨) માં ગુજરાતની વિવિધ જાતિઓ, તેમની ધર્મભાવનાઓ વગેરેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

14.3.3 ખંડ-૨ (પુસ્તક બે)

ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (ઈસ્લામ યુગ) ખંડ-૨ પુસ્તક-બેમાં અહમદશાહ પહેલાથી મહમૂદ બેગડા સુધીનો (ગુજરત્ન સ્વતંત્ર સુલ્તાનનો) ઈતિહાસ વિગતથી લખવામાં આવ્યો છે. અહમશાહે ચાર સંત-સાધુચરિત પુરુષોને હોયે અમદાવાદનો પાયો નાંખ્યો. ઈ.સ. (૧૪૧૧), જેમાં (૧) એક પોતે, (૨) સરખેજન શેખ અહમદ ખટ્ટ ગંજબક્ષ, (૩) પાટણના અહમદ જુદ અને (૪) મલિક અહમદ હતા. આ બધા દિલ્હીના સંત નિઝામુદીન ઓલિયાના શિષ્યો હતા. અહમદશાહે ભદ્રનો કિલ્લો તથા ત્યાં પોતાનો મહેલ બાંધ્યો અમદાવાદની જુમા મસ્જિદ બાંધી માણેકચોકમાં પાદશાહના રોજા નામે રોજો પણ બાંધ્યો. તેની સાથે માણેકનાથ નામે નાથબંધી સાધુપુરુષની દંતકથા સંકળાયેલી છે. હુલવી શિરાજાએ અમદાવાદ શહેરનું સુંદર વર્ણન કરેલ છે. અહમદશાહે ચાંપાનેર, ઈડરના રાજા, માળવાના સુલતાન, બહમની સુલતાન વગેરે સામે સફળ લડાઈઓ કરી, તેણે અમદાવાદના ત્રણ દરવાજા પણ બંધાવ્યા, જેની કોતરણી, જાળીઓ અને ઝરૂખા નોંધપાત્ર છે. ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય એ હિન્દુ-મુસ્લિમ સ્થાપત્યના મિશ્રણનો ઉત્તમ નમૂનો છે.

અહમદશાહ ધાર્મિક રીતે સહિષ્ણુ હતો. તેણે હિન્દુઓને વહીવટી હોદ્દાઓ આપેલ. મહેસૂલ અને નાણા માટેની યોગ્ય વ્યવસ્થા કરેલી. તે ન્યાયી શાસક હતો. લશ્કરના પગારની તેણે ઉત્તમ યોજના કરેલી. તેણે અમદાવાદમા પ્રથમ ટંકશાળ પણ શરૂ કરેલી. અહમદશાહ ૧લાનું ઈ. સ.૧૪૪૨માં અવસાન થતાં તેના પુત્ર ગિયાસુદીન મૂહમ્મદશાહને અમીરોએ ગાદીએ બેસાડયો. તેનું ઈ. સ.૧૪૫૧માં અવસાન થયું તેનો રોજો પણ તેના પિતાના રોજાની બાજુમાં માણેકચોકમાં આવેલો છે. મુહમ્મદશાહના અવસાન બાદ તેનો પુત્ર કુતુબુદીન અહમદ શાહ બીજો ગાદીનશીન થયો. તેણે માળવાના સુલતાનની સાથે મળીને મેવાડના સુપ્રસિદ્ધ રાણા કુંભા સાથે લડાઈ કરી પરંતુ તેના બંનેનો રાણાના હાથે સખત પરાજય થયો. કુતુબુદીન અહમદશાહ બીજાનું ઈ. સ.૧૪૫૮માં અવસાન થયું. તેણે અમદાવાદમાં હોજેકુતુબ (કાંકરિયું તળાવ) બંધાવેલ. તે હિંદના તળાવોમાં ઉત્તમ પ્રકારનું છે. યુરોપીય મુસાફરો દેલા વાલે, મેન્ડેલ્સ્લો, થેવેનો વગેરેએ તથા મુગલ પાદશાહ જહાંગીરે આ તળાવની સુંદરતાની ભારે પ્રશંસા કરેલી છે. કુતુબદિને તળાવના મધ્યમાં નગીના બાગ-ઘટામંડળ (હાલની નગીનાવાડી) પણ બંધાવેલ. આ ઉપરાંત કુતુબુદીને રખિયાલમાં મલિક શાબાણનો રોજો, મસ્જિદ, તળાવ તથા બગીચો બનાવ્યો, અમદાવાદમાં દિલ્હી ચકલામાં આવેલી મસ્જિદ, સારંગપુરની રાણીની મસ્જિદ તથા રાજપુરની મસ્જિદ પણ કુતુબુદીને બંધાવેલ.

કુતુબુદીન મૃત્યુ બાદ અમીરોએ સુલતાનના કાકા દાઉદખાનને ગાદી આપી પરંતુ તે હલકી વૃત્તિનો અને અતિ લોભી હોવાથી થોડા જ દિવસોમાં અમીરોએ તેને ભગાડી મૂક્યો અને કુતુબુદીનના નાનાભાઈ ફતેહખાનને ગાદીએ બેસાડયો (૧૪૫૮) ત્યારે તેની વય માત્ર ૧૩ વર્ષની હતી, તે ઈતિહાસમાં મહમુદ બેગડા તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેણે અડધી સદી સુધી શાસન કર્યું, લશ્કર વધારીને તેની સુવ્યવસ્થા કરી, વેપાર-વાણિજ્યની વૃદ્ધિ માટે રસ્તાઓ સહી-સલામત બનાવ્યા તથા મોટી ધર્મશાળાઓ બંધાવી. સરકારી મહેસૂલ ઠરાવેલ કરતાં વધારે લેવાતું નહિ. અનાજ અને અન્ય ચીજોની સોંઘવારી હતી. મહમુદ બેગડો ખૂબ ન્યાયી હતો અને ન્યાયની બાબતમાં કોઈ ભેદભાવ રાખતો નહિ, જો કે ધાર્મિક બાબતમાં હિન્દુઓને નવા મંદિરો બાંધવા પર તથા જાહેરમાં તહેવારો ઉજવવા પર પ્રતિબંધ હોવાનું પ્રો. બેનિપ્રશાદે પોતાના પુસ્તકમાં નોંધ્યું છે(હિન્દુ-મુસ્લિમ પ્રશ્ન-અંગ્રેજીમાં ગ્રંથ).

મહમુદ બેગડો વૃક્ષારોપણ તથા બગીચાનો ભારે શોખીન હતો. મિરાતે સિકંદરીના કથન મુજબ તેણે આંબા, દાડમ, રાયણ, જાંબુ, નારિયેળ, મહુડા વગેરેના વૃક્ષો રોપાવ્યા હતા તથા વૃક્ષ ઉગાડનારને તે ઉત્તેજન અને ઈનામ આપતો. અમદાવાદમાં તેણે બાગેફિરદોશ નામનો ખૂબ લાંબો-પહોળો બાગ બનાવેલ. તેમાં

તેણે એટલા બધા વૃક્ષો રોપાવ્યા કે બાગ નવલખા બાગ તરીકે જાણીતો બન્યો હતો. સુલતાન મહમૂદે ચાંપાનેરની જીત બાદ તેની પાસેના ગામ હાલોલમાં બાગેહાલુલ નામે નવીન પ્રકારનો બાગ બનાવેલ (મિરાતે સિકંદરી અને મિરાતે અહમદીનું વર્ણન). અકબરના ઇતિહાસકાર અબુલફઝલે ગુજરાતની મુલાકાત લીધી ત્યારે તેણે અમદાવાદથી પાટણ મહમુદ બેગડાના વૃક્ષરોપણના શોખને આભારી કહી શકાય. મહમુદ બેગડાએ વાત્રક નદીને કિનારે પોતાના નામે મેહમૂદાબાદ શહેર વસાવ્યું તથા મહેલો પણ બંધાવ્યા જેના ખંડેરો આજે મોજુદ છે.

અમદાવાદ ફરતો કોટ પણ મહમૂદ બેગડાએ બંધાવ્યો હતો અને તે કોટના દરવાજાઓના નામ પોતાના આગેવાન અમીરો દરિયાખાન, કાલુખાન, સારંગખાન, જમાલખાન, રાય રાયા (રંદુ) નામ પરથી દરિયાપુર, કાલુપુર, સારંગપુર, જમાલપુર, રાયપુર વગેરે રાખ્યા હતા. મહમુદ બેગડાએ પાવાગઢ-ચાંપનેરની કરેલી જીત બાદ તેણે પોતાની રાજધાની બનાવી અને તેનું નામ મૂહમ્મદબાદ રાખ્યું. ત્યાં તેણે ભવ્ય મહેલ બાંધ્યો, મોટી મસ્જિદ બંધાવી અને કિલ્લો બાંધ્યો. ત્યાં તેણે ટંકશાળ પણ સ્થાપી અને સિક્કા પણ પાડયા. મહમૂદના ઉપનામ 'બેગડા'નો અર્થ લોકોક્તિ પ્રમાણે તેણે બે ગઢ (i) જુનાગઢ અને (ii) પાવાગઢ જીત્યા હોવાથી આ નામ પડયું તે ઐતિહાસિક લાગતો નથી, પરંતુ તેની મૂછો મોટા અને વાંકોડીયા શીંગડાવાળા બળદ(બેગડા) જેવી હતી માટે મહમુદ બેગડો કહેવાયો તે અર્થ ઐતિહાસિક લાગે છે. સુલતાનના ખૂબ જ વધારે, ભારે, વિવિધ પ્રકારના ખોરાક વિશે મિરાતે સિકંદરીમાં વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં થોડી અતિશયોક્તિ હોય તેમ લાગે છે.

મહમુદ બેગડાએ જૂનાગઢના રાજા રા. માંડલીકને પરાજય આપીને તેણે અમદાવાદ લઈ જઈને મુસ્લિમ ધર્મ અંગીકાર કરાવ્યો ત્યાં જ રા. માંડલીકનું અવસાન થયું. ત્યારબાદ સુલતાને જુનાગઢનું નામ મુસ્તફાબાદ રાખ્યું,જે કાળક્રમે વિસરાઈ ગયું. માંડલીકની કબર હાલમાં માણેકચોક પાસે કંદોઈઓળમાં છે (ઈ. સ. ૧૪૭૦). સુલતાની બીજી મહત્ત્વની લડાઈ અને જીત પાવાગઢ-ચાંપનેરની હતી. તેણે ચાંપાનેરના શાસક જયસિંહ રાવળ (પતાઈ રાવળ) ને પરાજિત કરીને ચાંપાનેર શહેર તથા પાવાગઢ કિલ્લાનો કબજો લીધો. આ લડાઈમાં બંને પક્ષે ભારે ખુવારી થઈ. છેવટે પતાઈ રાવળ અને તેના મંત્રી ડુંગરશીને સુલતાન સમક્ષ રજૂ કરવામાં આવ્યા, જેમણે ઇસ્લામ ધર્મ સ્વીકારવાનો ઇન્કાર કરતાં બંનેની હત્યા કરવામાં આવી. આમ બંનેએ ધર્મ ખાતર શહીદી વહોરી, રાજપૂત સ્ત્રીઓએ જોહર (સામુદાયિક ચિતા) કર્યા તથા રાજપૂતોએ કેસરિયા કરીને પ્રાણની આહુતિ આપી. આ બંને મહત્ત્વની લડાઈઓ ઉપરાંત સુલતાને કચ્છ, સિંધ, દ્વારકા, ઝાલાવાડ, રાણપુર વગેરે પર ચઢાઈ કરી અને જીત મેળવી - પરંતુ આ લડાઈઓનું વિશેષ મહત્ત્વ નથી. આમ છતાં સુલતાનના

નૌકાસૈન્યના વડા મલિક અયાઝ તથા તેના હિન્દુ સાથીદાર છત્રસાલે ચેવલ બંદરની નૌકા લડાઈમાં ફિરંગી વહાણ કાફલાને સખત પરાજય આપ્યો. આમાં મલિક આયઝને તુર્કી વાહણોનો પણ સાથ મળ્યો પરિણામે અરબી સમુદ્રના ગુજરાતના બંદરો પરનો ફિરંગીઓનો કાબૂ કામચલાઉ નાબુદ થયો.

મહમુદ બેગડાના સમયના નામાંકિત મહાપુરુષોમાં શાહઆલમ સાહેબ દરિયાખાન, અલફખાન,મલિક દાવર ઉલમુલ્ક (દાવલશાહ) નૌકા સેનાપતિ મલિક અયાઝ, અમદાવાદનો વજીર મુહાફિઝખાન, મલિક સારંગ, મલિક સલીમ, મલિક કાલુ, હિન્દુ અમીર રાયરાયા, ઈસનપુરના મલિક અસ્તસ સમાવતી તાજખાન સાલાર વગેરે મુખ્ય હતા. મહમુદ બેગડાના સમયના મુખ્ય બાંધકામોમાં સરખેજમાં શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષનો રોજો, મહમુદ બેગડાની કબર તથા સરખેજની મસ્જિદ, રસૂલાબાદમાં શાહઆલમનો રોજો તથા મસ્જિદ, ઈસનપુરમા મલિક અસસે બંધાવેલી મસ્જિદ, વટવામાં કુતુબે આલમ સાહેબની દરગાહ, અન્ય સ્થળોની મસ્જિદોમાં અમદાવાદના મલિક અલીની મસ્જિદ, રાણી રૂપવતીની મસ્જિદ, વાડજને રસ્તે ગુજરાત વિદ્યાપીઠ પાસે સૈયદ ઉસમાનની મસ્જિદ, દિલ્હી દરવાજાથી દૂધેશ્વરના માર્ગે બીબી અચૂત કૂકીની મસ્જિદ, ઘીકાંટા પાસે મુહાફિજખાનની મસ્જિદ, દરિયાખાનનો ઘુંમટ, કાલુપુર રેલ્વે સ્ટેશન પાસે બે ઊંચા મિનારા,વગેરે ખાસ ઉલ્લેખનીય છે. અમદાવાદની ઉપરોક્ત મસ્જિદો ઉપરાંત ધોળકાની અલફખાનની મસ્જિદ, ચાંપનેરની જુમામસ્જિદ, ચાંપનેરના કિલ્લા પાસેની મસ્જિદ વગેરે પણ નોંધપાત્ર છે.

મહમુદ બેગડાના સમયની વાવોમાં અડાલજની વાવ, અસારવાની દાદા હરિની વાવ (ડિસેમ્બર, ઈ. સ.૧૪૯૯) તથા માતા ભવાનીની વાવ ખાસ નોંધનીય છે. દાદાહરિણી વાવના લેખમાં મુસ્લિમ અમલદાર તથા હિન્દુ ઈજનેરના નામ બાંધકામ કરનાર તરીકે લખેલા છે. અડાલજની વાવના સ્તંભોની કારીગરી, ઝરૂખાનું શિલ્પ અને કોતરકામ, હિન્દુ દેવોની મૂર્તિઓ વગેરે ઉલ્લેખનીય છે. વાવ વીરસિંહ વાઘેલાની પત્ની રૂડાદેએ પોતાના સદગત પતિની યાદમાં બંધાવી હોવાની વાવના લેખમાં ઉલ્લેખ છે (જાન્યુઆરી, ઈ.સ.૧૪૯૯) અન્ય વાવોમાં અમદાવાદમા દાણીલીમડા તથા ઈસનપુર પાસેની વાવો પણ નોંધવા જેવી છે.

14.3.4 ખંડ-૩ પુસ્તક-૩

મહમુદ બેગડાના અવસાન બાદ તેનો ચોથો પુત્ર ખલીલખાન મુઝફ્ફરશાહ નામ ધારણ કરીને ગાદીએ આવ્યો. તે સંસ્કારી અને વિદ્યા સંપાદન કરેલો હતો. તેના શરૂઆતના શાસનમાં ઈરાનના શાહનો એલચી ગુજરાતમાં આવેલ. આ સમયે માળવાના સુલતાન મહમુદનો મેદીનીરાય નામે વફાદાર હિન્દુ વજીર હતો. મુસ્લિમ

અમીરોની ખટપટ લીધે મહમુદ-મુઝફરશાહને શરણે જતાં મેદીનીરાય મેવાડના રાણા સંગા પાસે ગયા. ત્યારબાદ (ઇ. સ.૧૫૧૮) મુઝફફરશાહે માળવા જીત્યું, જેમાં ઘણા રાજપૂત સિપાઈઓ માર્યા ગયા. રાણા સાંગા સાથે લશ્કર લઈ માળવા તરફ આવતા મેદિનીરાયને હિન્દુ સિપાઈઓની ખુવારીના સમાચાર મળતા તે રાણા સાંગાની સલાહથી ચિતોડ પાછો ફર્યો, જ્યાં રાણા સાંગાએ મેદિનીરાયને લશ્કરી સહાય કરતાં માળવા તથા ગુજરાતનું લગભગ આખું સૈન્ય કપાઈ ગયું અને ઘવાયેલો સુલતાન મહમુદ પણ કેદ પકડાયો. રાણા સાંગાએ તેની સારવાર કરીને માળવાનું અડધું રાજ્ય તેને પાછું આપ્યું અને ભેટો પણ આપી. આવી ઉદારતાનું પછીથી વિપરીત પરિણામ આવ્યું. તે પછી રાણા સાંગાએ ગુજરાત પર ચઢાઈ કરી જેનું પરિણામ બંને વચ્ચેની સંધિમાં આવ્યું.

ગ- તમારી પ્રગતિ જાતે ચકાસો

ક) નીચેની ખાલી જગ્યા પૂરો :

૧.રત્ન મણિરાવ ભીમરાવ જોટેના ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ ૧ માં _____ની માહિતી મળે છે.

૨. મહંમદ તુઘલકનાં સમયમાં વિદેશી મુસાફર _____ભારત આવ્યો હતો.

૩. અમદાવાદની સ્થાપના _____કરેલી હતી.

૪ . મહમૂદ બેગડાનાં અવસાન બાદ _____ગાદીએ આવ્યો હતો.

ખ) પ્રશ્નોના વિસ્તૃતમાં જવાબ આપો :

૧.રત્ન મણિરાવ જોટેનું ઈતિહાસકાર તરીકે મૂલ્યાંકન કરો.

_____

_____

_____

_____

_____

ટુંક નોંધ આપો :

૧.રત્ન મણિરાવ ભીમરાવ જોટેના ગ્રંથો વિશે જણાવો.

14.4 ચાવીરૂપ શબ્દો

●**ડાયસ્પોરા :** એ લોકોનો સમૂહ છે કે જેઓ અન્ય દેશોમાં સ્થાયી હોય તે લોકો માટે વપરાતો શબ્દ

●**આર્કિયોલોજીકલ** - પુરાતત્ત્વ અંગે સંશોધન કરતી સંસ્થા

14.5 તમારી જાતે ચકાસોના જવાબો

ક - ખાલી જગ્યા પૂરો

૧. ઈ.સ. ૧૯૯૧ ૨. શિરીન મહેતા

૩. ડૉ. મકરંદ મહેતા ૪. બિઝનેસ હિસ્ટોરિયન

ખ- ખાલી જગ્યા પૂરો

૧. હરિપ્રસાદ શાસ્ત્રી ૨. હરિપ્રસાદ શાસ્ત્રી

૩. પીએચ.ડી. ૪. ઈ.સ ૧૫૭૩

ગ- ખાલી જગ્યા પૂરો

૧. સોલંકી વંશ ૨. ઈબ્ન બતુતા

૩. અહમદશાહે ૪. ખલીલખાન

14.6. સંદર્ભ અને વિશેષ વાચન

- http://www.vishvagujarativikas.com/ratnmanirao-jote-article-accomplished/
- શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, જીવન-સ્મૃતિ ભો.જે અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૯૧, આવૃત્તિ ૧

- શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર મૈત્રકકાલીન ગુજરાત ભાગ ૧ ભો. જે અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૫૫, આવૃત્તિ ૧
- પટેલ ગૌતમ, (સંપા.) ગુજરાતનું સંસ્કૃત - પ્રાકૃત સાહિત્યમાં પ્રદાન 'પટેલ કાનજીભાઈ એમ. (અભિનંદન ગ્રંથ) પાટણ, ૨૦૦૬
- શુક્લ રમેશ (સંપા) આપણા પ્રતિનિધિ સારસ્વતો, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ.
- શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, ગુજરાતના ઐતિહાસિક લેખો' (સંપા), ગ્રંથ-૪, (સલ્તનતકાલ), ભો.જે અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૫૯, આવૃત્તિ-૧
- શુક્લ જયકુમાર ૨., 'અર્વાચીન ઈતિહાસકારો અને તેમનું ઈતિહાસ લેખન', ગુર્જર ગ્રંથ કાર્યાલય અમદાવાદ, ૨૦૧૩
- "Historion Mokrand Mehta felicitated", The Times of India. S July 2011. Archived from the original on 3 November 2019. Retrieved 18 October 2019.
- મહેતા મકરંદ, 'ગુજરાતના ઘડવૈયા ભાગ ૧', અરુણોદય પ્રકાશન ૨૦૧૧.

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in

978-93-5598-807-2